# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

ભાતખાઈ ( સુરત જિલ્લો )

: અહેવાલ લેખન :

મુસ્તાઅલી મસવી

ભીખાભાઈ પટેલ

: સંપાદન :

ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૨

89

# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

ભાતખાઈ ( સુરત જિલ્લો )


**સંપાદન**

ઠા. ભા. નાયક

**અહેવાલ લેખન**

મુસ્તાઅલી મસવી

ભીખાભાઈ પટેલ

**ક્ષેત્ર સંશોધન**

રાસબિહારી લાલ

મુસ્તાઅલી મસવી

ગૌરીશ પંડ્યા

હરગોવિંદભાઈ પટેલ

સુમનભાઈ ચૌધરી

**કોષ્ટકીકરણ**

હરગોવિંદભાઈ પટેલ

મુસ્તાઅલી મસવી

ગૌરીશ પંડ્યા

ભીખાભાઈ પટેલ



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

89

૧૯૮૨

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી,
ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૩૮૦૦૧૪.

૧૯૮૨

અ નુ ક્ર મ ણિ કા

| | | પાન નં. |
|---|---|---|
| પ્રકરણ - ૧ | પ્રાસ્તાવિક, વિસ્તાર પરિચય, અભ્યાસ પધ્ધતિ. | ૧ થી ૧૩ |
| પ્રકરણ - ૨ | ચૌધરી જાતિ : ઐતિહાસિક માહિતી. | ૧૪ થી ૧૮ |
| પ્રકરણ - ૩ | ભાતખાઇ - ૧૯૬૯ | ૧૯ થી ૪૮ |
| પ્રકરણ - ૪ | આર્થિક - જીવન | ૪૯ થી ૯૧ |
| પ્રકરણ - ૫ | સામાજિક - રીતરિવાજ | ૯૨ થી ૧૧૪ |
| પ્રકરણ - ૬ | ભાતખાઇ - તુલનાત્મક સ્થિતિ ૧૯૬૯ - ૭૯. | ૧૧૫ થી ૧૩૨ |

| ક્રમ | | શીર્ષક | પાન નં. |
| --- | --- | --- | --- |
| પ્રકરણ - ૪ | | | |
| ૧૪. | ૪:૧ | માંડવી તાલુકામાં જમીન ધારણની કદ પ્રમાણે કુલ કબજેદારો અને ધારણ કરેલ જમીનની માહિતી: ( માંડવી તાલુકો ) | ૫૧ |
| ૧૫. | ૪:૨ | ગામના કબજેદારોનુ જમીન ધારણના કદ પ્રમાણે વર્ગીકરણ. | ૫૨ |
| ૧૬. | ૪:૩ | જમીન ધારણના કદ અને વિસ્તાર પ્રમાણે કુટુંબોની વહેંચણી. | ૫૪ |
| ૧૭. | ૪:૪ | ભાતખાઇ - ગામની તુલવારી-૧૯૬૯ | ૫૭ |
| ૧૮. | ૪:૪ | જમીનનાં કદપ્રમાણે પાકવાર ઉત્પાદન ( કિલોમાં ) | ૬૦ |
| ૧૯. | ૪:૫ | જમીનનાં કદ પ્રમાણે એકરદીઠ પેદાશ દર્શાવતો કોઠો. | ૬૨ |
| ૨૦. | ૪:૬ | એકરદીઠ ઉત્પાદન અને ખર્ચનુ પ્રમાણ. | ૬૩ |
| ૨૧. | ૪:૭ | કુટુંબદીઠ પશુધનની સંખ્યા. | ૬૮ |
| ૨૨. | ૪:૮ | કુટુંબોનુ ધંધાકીય વર્ગીકરણ. | ૭૨ |
| ૨૩. | ૪:૯ | કુટુંબના સભ્યોનુ ધંધાકીય વર્ગીકરણ. | ૭૩ |
| ૨૪. | ૪:૧૦ | કમાણી કરનાર અને બિન કમાનારની સંખ્યા દર્શાવતો કોઠો. | ૭૪ |
| ૨૫. | ૪:૧૧ | જમીનના કદ પ્રમાણે આવકનુ પ્રમાણ. | ૭૬ |
| ૨૬. | ૪:૧૨ | જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ વાર્ષિક આવક. | ૭૭ |

## કોઠાની અનુક્રમણિકા


| ક્રમ | | શિર્ષક | પાન નં. |
|---|---|---|---|
| પ્રકરણ - ૩ | | | |
| ૦૧. | ૩:૧ | મકાનના ક્ષેત્રફળ પ્રમાણે ઓરડાની સખ્યા દર્શાવતો કોઠો. | ૨૩ |
| ૦૨. | ૩:૨ | પેઢીઓ પ્રમાણે વસવાટ. | ૨૪ |
| ૦૩. | ૩:૩ | કયા સ્થળેથી આવી વસવાટ કર્યો તે દર્શાવતો કોઠો. | ૨૬ |
| ૦૪. | ૩:૪ | ઘરવખરીના સાધનોની સખ્યા. | ૨૮ |
| ૦૫. | ૩:૫ | શિક્ષણની માહિતી. | ૩૩ |
| ૦૬. | ૩:૬ | ઉમર પ્રમાણે કુટુબના વડાની શૈક્ષણિક સ્થિતિ. | ૩૫ |
| ૦૭. | ૩:૭ | નમૂનાના કુટુબના સભ્યોનુ શૈક્ષણિક સ્તર. | ૩૬ |
| ૦૮. | ૩:૮ | કુટુબનુ કદ દર્શાવતો કોઠો. | ૪૨ |
| ૦૯. | ૩:૯ | કુટુબનો પ્રકાર. | ૪૩ |
| ૧૦. | ૩:૧૦ | કુટુબના સભ્યોનુ વયજૂથ પ્રમાણે વર્ગીકરણ. | ૪૩ |
| ૧૧. | ૩:૧૧ | વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ. | ૪૪ |
| ૧૨. | ૩:૧૨ | લગ્ન સમયના ઉમર અને લગ્ન સમય બાદ કેટલા સમયમા પ્રથમ બાળક થયુ તે વિગત દર્શાવતો કોઠો. | ૪૬ |
| ૧૩. | ૩:૧૩ | જન્મ અને મૃત્યુ પ્રમાણ. | ૪૭ |





| ક્રમ | | શીર્ષક | પાન નં. |
|---|---|---|---|
| ૨૭. | ૪:૧૩ | જમીન ધારણના કદ અને આવક જૂથ પ્રમાણે કુટુબોની વહેચણી. | ૭૮ |
| ૨૮. | ૪:૧૪ | જમીનના કદ પ્રમાણે વપરાશી ખર્ચ. | ૮૦ |
| ૨૯. | ૪:૧૫ | કુટુબદીઠ વપરાશી ખર્ચનુ પ્રમાણ. | ૮૨ |
| ૩૦. | ૪:૧૬ | જમીનના કદ પ્રમાણે અસ્કયામતનુ પ્રમાણ દર્શાવતો કોઠો. | ૮૫ |
| ૩૧. | ૪:૧૭ | જમીનના કદ પ્રમાણે કુટુબદીઠ અસ્કયામતનુ પ્રમાણ. | ૮૭ |
| ૩૨. | ૪:૧૮:૧ | સાધનવાર અને હેતુવાર દેવાનુ પ્રમાણ દર્શાવતો કોઠો. | ૮૯ |
| ૩૩. | ૪:૧૮:૨ | હેતુવાર દેવુ. | ૯૦ |
| પ્રકરણ - ૬ | | | |
| ૩૪. | ૬:૧ | નમૂનાના કુટુબોની માહિતી. | ૧૧૭ |
| ૩૫. | ૬:૨ | નમૂનાના કુટુબોની શૈક્ષણિક માહિતી ( ૧૯૭૯ ). | ૧૨૦ |
| ૩૬. | ૬:૩ | વૈવાહિક દરજ્જો - ૧૯૭૯. | ૧૨૧ |
| ૩૭. | ૬:૪ | જમીનના કદ પ્રમાણે કુટુબોનુ વર્ગીકરણ. | ૧૨૨ |
| ૩૮. | ૬:૫ | પશુધનની માહિતી દર્શાવતો કોઠો. | ૧૨૩ |
| ૩૯. | ૬:૬ | ખેતીના સાધનોની માહિતી - ૧૯૭૯. | ૧૨૪ |
| ૪૦. | ૬:૭ | કુલ આવકનુ પ્રમાણ દર્શાવતો કોઠો. | ૧૨૫ |

| ક્રમ | | શીર્ષક | પાન નં. |
|---|---|---|---|
| પ્રકરણ - ૬ | | | |
| ૪૧. | ૬:૮ | કુલ વપરાશી ખર્ચનુ પ્રમાણ દર્શાવતો કોઠો. | ૧૨૭ |
| ૪૨. | ૬:૯ | કુલ અસ્કયામતનુ પ્રમાણ. | ૧૨૯ |
| ૪૩. | ૬:૧૦ | તુલનાત્મક સ્થિતિ. | ૧૩૧ |


# પ્રકરણ :: ૧

## પ્રાસ્તાવિક, વિસ્તારપરિચય, અભ્યાસ પધ્ધતિ

### પ્રાસ્તાવિક :

આદિવાસી કેન્દ્ર તરફથી ૧૯૬૯-૭૦ ના વર્ષમા ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ પર અભ્યાસગ્રંથ રચવાનુ હાથ ધરવામા આવ્યુ હતુ. આ તપાસ માટે જુદા જુદા વિસ્તારમાથી જુદી જુદી જાતિઓના ગામો પસંદ કરવામા આવ્યા હતા. ગુજરાતમા ચૌધરી જાતિની વસતિ ધરાવતા સુરત જિલ્લાના માંડવી તાલુકામાંથી ભાતખાઇ ગામ પસંદ કરવામા આવ્યુ હતુ.

ક્ષેત્રકાર્ય થયા પછી તેના ઉપરથી આ ગામ વિશે કઇ જાણી શકાયુ ન હતુ. ૧૯૬૯ વાળી બધી માહિતી એમ જ રહી ગઇ હતી. તેનો સદુપયોગ કરવા માટે ફરીથી એને એ સ્વરૂપે અગાઉના દરેક ગામોની પુન: તપાસનુ કામ કેન્દ્રે ૧૯૭૯-૮૦ મા હાથમા લીધુ હતુ.

### તપાસનો ઉદ્દેશ :

તપાસ માટે ભાતખાઇ ગામમાથી દસ વર્ષ પહેલા જે કુટુંબો પસંદ કરવામા આવ્યા હતા, તેના તેજ કુટુંબોને તપાસવાનો ઉદ્દેશ રાખવામા આવ્યો હતો. જેથી દસ વર્ષના ગાળા દરમ્યાન આ કુટુંબોમા, આર્થિક અને સામાજિક રીતે કયા પ્રકારનુ પરિવર્તન આવ્યુ છે અને તેમના જીવન પધ્ધતિમા શા ફેરફારો થયા તે જાણી શકાય.

## તપાસ પદ્ધતિ :

આ ગામની તપાસ સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામા આવી હતી. સાથોસાથ માનવશાસ્ત્રીય સશોધન પદ્ધતિનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામા આવી હતી. આ તપાસ માટે પહેલા સર્વેક્ષણની જેમ એક પ્રશ્નાવલી તૈયાર કરવામા આવી હતી. જેના દ્વારા ચૌધરી જીવનના આર્થિક અને સામાજિક પાસાઓ વિષે માહિતિ એકત્ર કરવામા આવી હતી.

## તાલુકાની માહિતી :

માડવી તાલુકો સુરત જિલ્લાની ઉત્તરે આવેલો છે. પૂર્વમા વ્યારા તાલુકો, પશ્ચિમે બારડોલી તાલુકો અને દક્ષિણે ડાગ જિલ્લાની હદો આવેલ છે. તાલુકાનુ મુખ્ય મથક માડવી છે. માડવી તાલુકામા તા.૧-૪-૬૦ થી પૂર્વ સેવા વિસ્તરણનો ઘટક શરૂ થયો, જ્યારે ૧-૪-૬૩ થી પચાયત રાજ્યની સાથે સાથે રૂા. ૨૪ લાખના બજેટ સાથે સમગ્ર તાલુકાને આવરી લેતો સામુદાયિક ઘટક પ્રથમ તબક્કામા શરૂ થયેલ, ૧-૪-૬૫ થી અહીં બે આદિવાસી વિકાસ ઘટકો આપવામા આવ્યા હતા.

લગભગ ૨૭૬ ચો.માઇલનો વિસ્તાર ધરાવતા આ તાલુકાની વસતિ ૧૯૬૧ ની ગણતરી પ્રમાણે ૯૩૮૦૫ હતી. જે પૈકી ૭૧૫૦૯ આદિવાસી વસતિ હતી. ૧૯૭૧ મા આ વસતિ વધીને ૧૧૯૧૬૮ થઇ હતી. જેમા આદિવાસી વસતિ ૯૦૯૪૪ ની હતી. માડવી તાલુકામા કુલ ૧૫૮ ગામો છે, જેમાના ૨૬ ગામો જગલ વિસ્તારમા આવેલા છે. ૨૪ ગામો ઉજ્જડ છે. તાલુકાનો સરાસરી વરસાદ ૫૦ ઇચ જેટલો છે. ડાગર, કપાસ, જુવાર, મગફળી અને તુવેરનો



મુખ્ય પાક થાય છે. તાલુકાનુ કુલ ક્ષેત્રફળ ૧૭૮૯૦૩ એકર છે. જે પૈકી જગલ હેઠળનો વિસ્તાર ૪૨૦૬૨ એકર છે. આમ કુલ વિસ્તારના ૨૩.૫ ટકા જગલ હેઠળ છે. તાલુકાનો ખેડાણ હેઠળનો કુલ વિસ્તાર ૧૦૯૨૭૦ એકર છે. જે કુલ વિસ્તારના ૬૧ ટકા છે. આ પૈકી સિચાઇ હેઠળનો વિસ્તાર ૧૧૧૪૦ એકર છે. એટલે કે કુલ ખેડાણ હેઠળના વિસ્તારના માત્ર દસમા ભાગની જમીન (૧૦.૨ - ટકા) સિચાઇ હેઠળ છે. કાકરાપાર અને ગોડધા નહેરના લાભના લીધે તાલુકાની ખેતી ક્ષેત્રે નોધપાત્ર પ્રગતિ થઇ છે. સુરત જિલ્લામા સને ૧૯૬૭-૬૮ મા થયેલી આતર તાલુકા હરિફાઇમા ખેતીવાડી ક્ષેત્રે આ તાલુકો પ્રથમ આવ્યો હતો, અને રૂા.૧૫૦૦ નુ ઇનામ પ્રાપ્ત કર્યુ હતુ.

તાલુકામા વાહન વ્યવહારની સારી સગવડ છે. તાલુકાના થોડા ઘણા ગામોને રેલ્વેનો લાભ પણ મળે છે. બાકીના ગામો રેલ્વેથી દૂર છે. તાલુકાના મુખ્ય મથકને રેલ્વેનો લાભ મળતો નથી. તાલુકાના મુખ્ય મથકેથી નજીકના બારડોલી તાલુકાનુ મઢી (૧૧ - માઇલ), માગરોળ તાલુકાનુ ઝખવાવ (૧૪ માઇલ) અને ઓલપાડ તાલુકાનુ કીમ (૨૮ માઇલ) એ ત્રણ મુખ્ય રેલ્વે સ્ટેશનો છે. જ્યાથી માડવી મુખ્ય મથકે બસ દ્વારા જવાય છે. સુરત અને નવસારીથી પણ માડવી માટે બસની સગવડ છે. તાલુકાનો મોટાભાગનો વેપાર રોજગાર આ ત્રણ રેલ્વે સ્ટેશનો દ્વારા થાય છે. આ ઉપરાત તાલુકામા ૩૦ માઇલના કાચા રસ્તાઓ બનાવ્યા છે અને ૬ કાજવે તૈયાર કરવામા આવ્યા છે. તાલુકામા નીચે મુજબ પાકા રસ્તાઓ છે.

(૧) માડવી - કીમ કરંજ સુધી (૨૪ માઇલ)

(૨) માડવી - ઝખવાવ બલેઠી સુધી (૩ માઇલ)

(૩) તરસાડી - કડોદ જાખવા સુધી (૩ માઇલ)
(૪) તરસાડી - કાકડાપાર વાકલા સુધી (૬ માઇલ)
(૫) તરસપી - મઢી સાદડી સુધી (૫ માઇલ)

તાલુકામા વાહન વ્યવહારની સગવડ ઉપરાત આરોગ્ય, તબીબી અને શિક્ષણ ક્ષેત્રે સારી સગવડો છે. તાલુકામા માડવી અને તડકેશ્વર ગામે જિલ્લા પચાયતના દવાખાના છે. અઠવાડ અને અરેઠ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે. બૌધાન ગામે ગ્રામ પચાયતનુ દવાખાનુ છે. પાતલ ગામે સહાયક તબીબી કેન્દ્ર છે. દઢવાડા ગામે સહાયક આયુર્વેદિક તબીબી કેન્દ્ર છે. તાલુકાના કુલ ૧૫૮ ગામો પૈકી ૧૦૨ ગામોને ૪૬ ગ્રામ પચાયતોએ આવરી લીધા છે. આમાથી ૩૦ જૂથ પચાયત અને ૧૬ સ્વતત્ર પચાયત છે. ૨૬ જગલ વિસ્તારના ગામોને પણ પચાયત મળે તે માટેના પ્રયત્નો ચાલુ છે અને ટૂક મુદતમા તે થવા સભાવના છે.

તાલુકામા કુલ ખાતેદારો ૧૪૮૯૨ છે. તાલુકાને બે નહેરોનો લાભ મળે છે. તદઉપરાત તાલુકામા કુલ ૫૫૮ પાતાળ કૂવાઓ અને ૩૮૦ ઓઇલ એન્જિન છે.

તાલુકાના કુલ ૧૫૮ ગામોમાથી ૧૧૧ ગામો શાળા ધરાવે છે. ૧૧૧ શાળાઓમાથી ૫૭ શાળા પાકા ઓરડાવાળી અને ૫૪ શાળાઓ કાચા ઓરડાવાળી છે. તાલુકામા માડવી, બૌધાન, ગોડસબા અને તડકેશ્વરમા માધ્યમિક શાળાઓ છે. પાતલ, નરેણ અને ઘટોલી ત્રણ આશ્રમ શાળાઓ છે. આમ એકદરે તાલુકામા શિક્ષણની સગવડો સારા પ્રમાણમા છે. તાલુકાના ૭ ગામોમા વારિગૃહ છે. માડવી આદિવાસી વિકાસ ઘટક ૧ અને ૨ થયા પછી તાલુકાના વિકાસના કામોની ગતિ વધી છે. તેમજ



વિકાસના ઘણા કાર્યો થયા છે. ગામ લોકોને રોજગારી મળી રહે તે દૃષ્ટિથી ઘટક તરફથી સુથારી વર્ગ, શિવણ વર્ગ તેમજ વણાટ - વર્ગો ચલાવવામા આવ્યા હતા.

તાલુકામા ખેતીવાડી અને પશુ સવર્ધન ક્ષેત્રે સારી પ્રગતિ થઇ છે. ૧૯૬૯ ના વર્ષમા તાલુકામા રાસાયણિક ખાતરો ૨૪૧૧ મેટ્રિક ટન વાપરવામા આવ્યા હતા. રાસાયણિક ખાતરનો ઉપયોગ વધારવા આદિવાસીઓને રાસાયણિક ખાતર પર ૫૦ ટકા સબસીડી અપાય છે: સુધારેલ બિયારણ ૧૯૬૯ વખતે ૨૯૮૦૭ કિવન્ટલ વાપર- વામા આવ્યુ હતુ. કપાસ, મગફળીનુ લગભગ બધુ જ બિયારણ સુધારેલુ વપરાય છે. પાક સરક્ષણ દવા ૪૨૨૬ કિલો/લીટર વાપર- વામા આવી હતી. ૬૬૧ સુધારેલા ઓજારો આપવામા આવ્યા. આદિવાસીઓને "એલન હો" પર ૫૦ ટકા સબસીડી અપાય છે. પિયતની સગવડ વધારવા ૨૨૮ એન્જિનો તથા ઇલેક્ટ્રિક મોટર આપવામા આવી. ૨૦૩ કૂવા બનાવવામા આવ્યા. આમ તાલુકામા કુલ ૩૭૮ ઓઇલ એન્જિન - ઇલેક્ટ્રિક મોટર અને ૫૫૫ પિયતના કૂવા થયા. ઓઇલ એન્જિન માટે સબસીડી આપવામા આવી છે. પિયત કૂવા માટે આર્થિક સહાય તેમજ લોન આપેલ છે. ઢોરોની ઓલાદ સુધારવા ૨૭ સાઢ આપવામા આવ્યા. આમ આદિવાસી ખેડૂતો સુધારેલ બિયારણ, રાસાયણિક ખાતરો તેમજ ઓજારોનો વધુને વધુ ઉપયોગ કરતા થાય તે હેતુથી લોન અને સહાય આપવામા આવે છે.

માડવી તાલુકામા સહકાર ક્ષેત્રે સારી એવી પ્રગતિ થયેલ છે. તાલુકામા વિવિધ પ્રકારની ૭૩ મડળીઓ આવેલી છે. પ્રકાર- વાર મડળીઓની સખ્યા નીચે આપવામા આવી છે.

| ક્રમ | મંડળીનો પ્રકાર | સખ્યા | સભાસદોની સખ્યા |
|---|---|---|---|
| ૦૧. | ખેતી વિષયક ધિરાણ મડળી | ૪૬ | ૯૬૩૭ |
| ૦૨. | વેચાણ મડળીઓ | ૨ | ૧૦૧૬ |
| ૦૩. | ઔદ્યોગિક મડળીઓ | ૧૩ | ૩૯૪૧ |
| ૦૪. | પગાર કમાનારાઓની | ૨ | ૫૦૨ |
| ૦૫. | પિયત મડળીઓ | ૧ | ૨૨ |
| ૦૬. | રૂપાતર મડળી | ૧ | ૨૯૦ |
| ૦૭. | ખેત મડળીઓ | ૨ | N.A. |
| ૦૮. | મજૂર બાધકામ મડળી | ૧ | " |
| ૦૯. | ઘર મડળીઓ | ૩ | " |
| ૧૦. | તાલુકા ખરીદ વેચાણ સઘ | ૧ | " |
| ૧૧. | બજાર ઉત્પન્ન સમિતિ | ૧ | " |

(૧૯૬૯ ની માહિતીને આધારે)

તાલુકાના કુલ ગામોમાથી ૧૨૭ ગામોને ખેત વિષયક ધિરાણ મડળીમા આવરી લેવાયા હતા. તાલુકામા કુલ ખાતેદારોની સખ્યા ૧૪૮૯૨ ની હતી. ધિરાણ મડળીના સભાસદોની સખ્યા ૯૬૩૭ ની હતી. એટલે કુલ ખાતેદારો પૈકી ખેતી વિષયક ધિરાણ મડળીમા આવરી લેવાયેલા ખાતેદારોની ટકાવારી ૬૩.૭ ટકા હતી. ૪૬ મડળીઓ પૈકી ૩૧ મડળીઓ સભાસદોના ખેતીપેદાશના માલનુ એકત્રીકરણનુ કામકાજ કરતી હતી, અને ૧૯૬૮૬૯ ના વર્ષમા કુલ્લે રૂા.૧૫૦૫૪૮૭ જેટલી કિમતની સભાસદોનો ખેતપેદાશનુ એકત્રીકરણનુ કામકાજ મડળીઓએ કર્યુ હતુ.

તાલુકામા બે સહકારી મડળીઓ કપાસ, મગફળી જેવા ખેતીપેદાશના માલનુ એકત્રીકરણ કરવાનુ તેમજ આડતથી વેચાણ



કરવાનુ કામકાજ કરતી હતી. તાલુકામાની ૧૩ ઔદ્યોગિક મડળીઓ પૈકી ૬ જગલ કામદાર મડળીઓ છે.

૧૯૬૯ મા તાલુકા કક્ષાએ એક મડળી ખેતી પેદાશના માલનુ (પાકનુ) રૂપાતર અને વેચાણનુ કામકાજ કરતી હતી. આ મડળીમા કુલ ૨૯૦ ની સભ્ય સખ્યા હતી. આમા સરકારનો શેરફાળો ૯૫૦૦૦ અને સભ્યશ્રીનો શેરફાળો રૂા.૧૭૭૬૦ હતો. તાલુકાની ખેતી પેદાશનો માલ ડાગર, મગફળી, કપાસ, કઠોળ વિગેરેની સીધી ખરીદી મડળી દ્વારા થતી. તેમજ ડાગરનુ રૂપાતર કરી વેચાણનુ કામકાજ કરતી.

પિયત મડળી લીફ્ટ ઇરીગેશનનુ કામકાજ સભાળતી હતી. મડળીનો કમાન્ડ એરીયા ૨૦૦ એકરનો હતો. જે પૈકી પિયત હેઠળ ૧૫૨ એકર વિસ્તારને આવરી લેવામા આવ્યો હતો.

આ ઉપરાત ઘટક ફડમાથી સહકાર અને કુટિર ઉદ્યોગ અગે કેટલીક યોજનાઓ હાથ ધરેલ છે.

નાના કદના ગોડાઉનનુ બાધકામ :

આદિવાસી વિસ્તારમા પાકા મકાનના અભાવે રાસાયણિક ખાતર, જતુનાશક દવાઓ, તેમજ ખેતીપેદાશના માલનો સગ્રહ કરવાની અગવડ દૂર કરવા માટે ઘટક ફડમાથી નાના કદના ગોડાઉનો બાધવાનો કાર્યક્રમ હાથ ધરવામા આવ્યો છે. કુલ ૨૪ ગોડાઉન અને ૨૨ ખેતી વિષયક ધિરાણ મડળીઓના ગોડાઉન બનાવાયા છે.

## શેર ધિરાણની યોજના :

પાંચ એકરથી ઓછી જમીન ધારણકર્તા આર્થિક રીતે નબળા એવા આદિવાસી ખેડૂતો નાણાના અભાવે મંડળીના સભાસદપણા-માંથી અલિપ્ત ન રહે એ માટે ઘટક ફંડમાંથી શેર ધિરાણની યોજના હાથ ધરવામાં આવી છે. આ યોજના હેઠળ ૧૪૪૫ આદિ-વાસી ખેડૂતોને દરેકને રૂ.૧૦ લેખે કુલે રૂ. ૧૪૪૫૦ ની શેરધિરાણની સહાય આપવામાં આવી છે.

## રીઝર્વ ફંડ તરીકે સહાય :

સહકારી મંડળીઓની નાણાકીય સ્થિતિ સધ્ધર બને અને બહારથી કરજ કરવાની શકયતામાં વધારો થઇ શકે તે માટે ઘટક ફંડમાંથી ૧૨ મંડળીઓને રૂ.૨૦૦૦ લેખે રૂ.૨૪૦૦૦ ની સહાય આપવામાં આવી છે.

## કુટિર ઉદ્યોગ :

કુટિર ઉદ્યોગ ક્ષેત્રે ૪ સુથારી વર્ગ ચાલુ કર્યા હતા, જે પૈકી એક ચાલુ છે. તેમજ ૬ શિવણ વર્ગ ચલાવવામાં આવ્યા. આ વર્ગમાં તાલીમ પામેલા તાલીમાર્થીઓ સ્વતંત્ર રીતે ધંધો કરતા. તેમજ રોજગારી મેળવતા થયાં છે.



## ગામનો પરિચય :

ગુજરાત રાજયમાં ચૌધરી જાતિની ૧૯૬૧ માં ૧૪૩૫૭૬ હતી. ૧૯૭૧ માં આ વસતિ વધીને ૧૮૮૨૭૩ થઇ હતી. સુરત જિલ્લામાં ૧૯૬૧ માં ચૌધરી વસ્તી ૧૪૧૫૦૭ હતી. જે ૧૯૭૧ માં ૧૮૦૬૧૫ થઇ હતી. બાકીની ચૌધરી વસતિ ડાંગ અને ભરૂચ જિલ્લામાં વસે છે, જયાં તેનું પ્રમાણ નહિવત છે. આમ ગુજરાત રાજયમાં ચૌધરી જાતિની વસતિ સુરત જિલ્લામાં વધુ હોવાથી ચૌધરી જાતિના સાંસ્કૃતિક અભ્યાસ માટે સુરત જિલ્લાના માંડવી તાલુકામાંથી "ભાખાઇ" ગામ પસંદ કરવામાં આવ્યું હતું. આ ગામ જંગલ વિસ્તારમાં આવેલું છે. તેમજ ઉંડાણના વિસ્તારમાં હોવાથી અને તેનું વધુ સંસ્કૃતિકરણ ન થયેલું હોવાથી તેને પસંદ કરવામાં આવ્યું હતું.

ભાતખાઇ ગામ તાલુકા મથકેથી ઉત્તર-પશ્ચિમે ૫ માઇલ દૂર ઉંડાણના વિસ્તારમાં આવેલું છે. આ ગામ જિલ્લા મથકેથી ૩૫ માઇલ દૂર આવેલું છે. ગામ પર જવા કોઇ સીધો બસ માર્ગ નથી. ગામ પર જવા માટે માંડવી-ઉકાઇ વાયા દઢવાડા-પીપલવાડા બસમાર્ગથી જઇ શકાય છે. છેલ્લા ચાર-પાંચ વર્ષથી માંડવી-ઉકાઇ માર્ગ તૈયાર થયો છે. માંડવી ઉકાઇ બસ દ્વારા બડતલ બસ સ્ટેન્ડ પર ઉતરી ૩ કીલોમીટર ચાલીને ગામ પર જઇ શકાય છે. ચોમાસામાં વધુ વરસાદને લીધે આ માર્ગ પર કોકવાર બસ વ્યવહાર બંધ રહે છે. પરંતુ બડતલ સુધી મેટલ રોડ બાંધેલો હોવાથી ત્યાં સુધી બસો ઘણા ભાગે ચાલુ રહે છે.

ગામનો કુલ વિસ્તાર એક ચોરસ માઇલ છે. પહેલા ગામની આજુબાજુ ગીચ જંગલ હતુ. છેલ્લા થોડા વર્ષથી જંગલ સાફ કરી નાખવામા આવ્યુ છે. ગામથી માત્ર દોઢ ફલાંગ પર જંગલ વિસ્તાર શરૂ થાય છે. ગામમા કોઇ તળાવ કે નદી નથી. ગામથી દક્ષિણ દિશામા આશરે ત્રણ માઇલ પર તાપી નદી આવેલી છે. જ્યા આગળ કાકરાપાર બંધ બાંધવામા આવ્યો છે. જો કે ગામને કાકડાપાર નહેરનો લાભ મળતો નથી. ભાતખાઇ ગામની વચ્ચે થઇને એક ખાડી પસાર થાય છે. આ ખાડીમા ચોમાસામા પાણી ભરાઇ રહેતુ હોવાથી કાદવ-કીચડને લીધે અવર-જવર કરવાની મુશ્કેલી રહે છે.

<u>ગામમા સગવડો :</u>

ગામમા તારની વ્યવસ્થા નથી, જે ગામથી પ માઇલ દૂર તાલુકા મથક માંડવી ગામમા ગામની પોસ્ટ ઓફિસ દઢવાડા મુકામે છે. જ્યાથી ગામે અઠવાડિયામા એક બે વાર ટપાલ વહેંચાય છે. આ ઉપરાંત ચીજ વસ્તુના ઉત્પાદનનુ બજાર કેન્દ્ર, પશુવેચાણ કેન્દ્ર, સહકારી ધિરાણ મંડળીની કચેરી વગેરે પણ તાલુકા મથકે હોવાથી ગામ લોકોનો સીધો સંપર્ક માંડવી ગામ સાથે રહે છે. ગામમા કોઇ વેપારીની દુકાન નથી. આજુબાજુના ગામો વરેઠ અને દઢવાડા વગેરે ગામોમા દુકાન હોવા છતા ગામ લોકો પોતાની જરૂરિયાતની ચીજવસ્તુઓ મોટેભાગે માંડવીથી ખરીદે છે. તેમજ ખેતીની પેદાશોનુ વેચાણ પણ મંડળીમા કરે છે. ગામનુ પોલીસ સ્ટેશન પણ માંડવીમા છે. ટેલીગ્રાફ કે તાર માટે માંડવી જવુ પડે છે.



ગામની સરહદે પૂર્વમા બેડધા, પશ્ચિમે બડતલ, ઉત્તરે સરકુઇ, અને દક્ષિણે વરેઠ ગામો આવેલા છે. આ ગામો ભાતખાઇ ગામથી મોટા હોવાને લીધે દુકાન તેમજ અન્ય બીજી સગવડો ધરાવે છે.

ગામમા ધોરણ એકથી ચાર સુધીની પ્રાથમિક શાળા છે. માધ્યમિક શાળા ગામથી પ માઇલ દૂર માંડવીમા આવેલ છે. વળી ગામથી ૩ માઇલ દૂર રૂપણ કન્યા આશ્રમશાળા તેમજ ઘટોલી ઉત્તર-બુનિયાદી શાળા આવેલી છે. કોલેજ ગામથી ૨૦ માઇલ દૂર બારડોલીમા આવેલી છે. અહીંથી નજીકનુ રેલ્વે સ્ટેશન બારડોલી તાલુકાનુ મઢી ૧પ માઇલ દૂર આવેલુ છે. તાલુકામા સહકાર ક્ષેત્રે સારી પ્રગતિ થઇ હોવા છતા ગામમા સેવા સહકારી મંડળી એકપણ નથી. આજુબાજુના ગામમા વરેઠ તથા અઠવાવ સેવા સહકારી મંડળી હોવા છતા ભાતખાઇ ગામ કોઇપણ સેવા સહકારી મંડળીના કાર્યક્ષેત્ર નીચે નથી.

ગામમા પાણીની સગવડનો અભાવ છે. ગામમા પાકા કૂવા ૩ છે. તેમજ કાચા કૂવા ૧૦ છે. ગામ લોકો આ કૂવાના પાણીનો ઉપયોગ પીવા માટે જ કરે છે. સિંચાઇ માટે તેનો ઉપયોગ થતો નથી. કાચા કૂવાઓ ખુલ્લા રહેવાને લીધે જીવજંતુઓ વગેરેનો ભય રહે છે. તેમ છતા ગામ લોકોને પીવાના પાણી માટે આ કૂવાઓનો જ ઉપયોગ કરે છે. બ્લોક તરફથી બે પાકા કૂવા છેલ્લા બે વર્ષથી જ કરાવવામા આવ્યા છે. કપડા ધોવા માટે ખાડીના પાણીનો ઉપયોગ કરે છે. બ્લોક તરફથી ગામમા કોઇ ખાસ કામો થયા નથી. માત્ર બે નવા કૂવાઓનુ કામકાજ તેમજ ચોમાસામા રસ્તાઓનુ કામકાજ થોડાક અંશે થાય છે.

ગામની સ્વતંત્ર પંચાયત નથી. ગામ વરેઠ ગ્રુપ પંચાયત નીચે છે. વરેઠ અને ભાતખાઇની ગ્રુપ પંચાયત છે. પંચાયતના સરપંચ જાતે ચૌધરી છે.

આબોહવા :

તાલુકાની આબોહવા ભેજવાળી છે. નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી સખત ઠંડી પડે છે. માર્ચથી જૂન સુધી સખત ગરમી પડે છે. તાલુકામાં વરસાદનું પ્રમાણ અને સમય અનિયમિત છે. તાલુકાનો સરાસરી વરસાદ ૫૦ ઈંચ જેટલો છે. ચોમાસુ જૂનના અંતથી ઓકટોબરના અંત સુધી ચાલે છે. ૧૯૬૧ થી ૧૯૬૯ સુધીના માંડવી મથકે નોંધાયેલ વરસાદના આંકડા નીચે દર્શાવ્યા છે.

| ક્રમ | વર્ષ | વરસાદ મિલિલીટર |
|---|---|---|
| ૧ | ૧૯૬૧ | ૧૮૪૬.૦૧ |
| ૨ | ૧૯૬૨ | ૯૨૫.૦૦ |
| ૩ | ૧૯૬૩ | ૨૩૨૮.૦૨ |
| ૪ | ૧૯૬૪ | ૨૬૭૩.૦૨ |
| ૫ | ૧૯૬૫ | ૧૪૬૯.૦૮ |
| ૬ | ૧૯૬૬ | ૧૪૪૧.૯૬ |
| ૭ | ૧૯૬૭ | ૧૦૩૯.૦૮ |
| ૮ | ૧૯૬૮ | ૧૨૮૭.૦૦ |
| ૯. | ૧૯૬૯ | ૧૪૨૭.૦૦ |

ઉપર જણાવેલ આંકડાઓ પરથી વરસાદના પ્રમાણનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. છેલ્લા નવ વર્ષમાં સૌથી વધુ વરસાદ



૧૯૬૩-૬૪ માં થયો હતો. જ્યારે સૌથી ઓછો વરસાદ ૧૯૬૨ના વર્ષમાં હતો. આમ એકંદરે છેલ્લા પાંચ વર્ષમાં વરસાદના પ્રમાણમાં વિશેષ ઘટાડો નોંધાયો નથી.

ઓગષ્ટ ૧૯૬૮ ની તાપીની ભયંકર રેલ હોનારત સમયે ગામને ખાસ અસર થઇ ન હતી. જ્યારે આજુબાજુના ગામો રેલમાં સપડાયાં હતાં. ગામમાં હજુ સુધી અછતની પરિસ્થિતિ સર્જાઇ નથી.

## પ્રકરણ :: ૨

### ચૌધરી જાતિ : ઐતિહાસિક માહિતી

**ચૌધરી જાતિનો ઇતિહાસ :**

ભારતની અનેક વિધ અનુસૂચિત આદિવાસી જાતિઓમાથી આગળ પડતી જાતિઓમા ચૌધરીઓની ગણના થાય છે. ચૌધરીનો શબ્દાર્થ એક મત પ્રમાણે ચૌ એટલે ચાર અને ધરી એટલે પૃથ્વી. ચાર પૃથ્વીનો પતિ તે ચૌધરી. એવો એનો અર્થ થાય. કહેવાય છે કે તેના કબજામા ચાર ચાર પૃથ્વીઓ હતી અને તેનુ સામ્રાજય દેશ - દેશાતર વ્યાપેલુ હતુ.

તેઓ મૂળે કયા વંશના છે, એ અગે ભિન્નભિન્ન મતો પ્રવર્તે છે. તેઓના વંશ અગે ચોક્કસ મત બાંધી શકાયો નથી. શ્રી ગુહાનુ મતવ્ય કંઇક અંશે સત્ય લાગે છે કે આદિવાસીઓના રહેઠાણને ધ્યાનમા રાખીને તેના ત્રણ ભાગ પાડી શકાય.

(૧) ઉત્તર પૂર્વના.
(૨) મધ્યના.
(૩) દક્ષિણના.

ભારતના આદિવાસીઓ મુખ્યત્વે ત્રણ જાતિના વંશજો છે. (૧) મોંગોલોઇડ (૨) ઓસ્ટ્રોલોઇડ (૩) નીગ્રોઇડ . આ ત્રણે વંશના તત્વો ગુજરાતના આદિવાસીઓમા જોવા મળે છે. પરતુ અનેક સૈકાઓથી કાળના વહેણ દરમ્યાન તેઓ વિધ વિધ જાતિઓના ટોળામા વહેચાઇ ગયા છે. પરિણામે આજે તેઓ એક-



બીજાથી ખાસ ભિન્ન નથી, તેથી તેઓ મૂળ કયા વંશના છે તે શોધવુ અતિ મુશ્કેલ છે.

ભારત અતિ પ્રાચીન દેશ છે. તેનો ઇતિહાસ ઘણો પુરાણો છે. વેદમા પણ આદિવાસીઓનો ઉલ્લેખ મળી આવે છે. ત્યાર - પછી આર્યો સાથેના યુધ્ધમા પણ આજ લોકો હતા, એમ મનાય છે. તેઓએ પોતાની રાજય સત્તા જગલો અને પહાડોમા વિસ્તારી હતી: વળી ૠગ્વેદમા જણાવવામા આવ્યુ છે કે આદિવાસીઓ આ દેશના મૂળ વતની છે. જયારે આર્યો હિન્દમા આવ્યા ત્યારે તેઓ અહીંના વતનીઓને અનાર્યો તરીકે કહેતા. વેદ કાળમા આર્યો પજાબના બ્રહ્માવર્ત પ્રદેશમા વસતા હતા અને ત્યાથી તેઓ આગળ વધી ગગા-જમનાના પ્રદેશમા આવ્યા હતા. તે પછી કાશી અને મગધ સુધી તેનો ફેલાવો થયો તે વખતે આર્યો પોતાના કબજાના પ્રદેશને "આર્યાવર્ત" એવુ નામ આપ્યુ. એ "આર્યાવર્તની" પશ્ચિમે આપણો ગુર્જર દેશ આવેલો છે. અહીં વસતિ આદિવાસી પ્રજા માટે "તૈતરાય બ્રાહ્મણ" એવો ઉલ્લેખ કરવામા આવ્યો છે. આર્યોના ત્રાસથી અનાર્યો જંગલ અને ડુગરાઓના પ્રદેશમા ભાગી ગયા. તેથી તેમની સસ્કૃતિમા વિકાસ ઓછો થયો. બગાળમા સથાલ, સયુકત પ્રાંતમા ભાટ, પજાબમા ત્રડખર, મધ્યભારતમા ગોડ, દક્ષિણ ભારત-મા ટોડા અને ગુજરાત રાજસ્થાનમા વસતિ ભીલજાતિ વગેરે અલ્પ પછાત જાતિઓ અનાર્યોના વંશમાથી ઉતરી આવી છે. મધ્યકાલીન યુગમા ઘણા રજપૂત રાજાઓએ આ લોકોની સહાય લીધાના ઉલ્લેખો ઇતિહાસમા જાણવા મળે છે. જેમ જેમ આર્યો ગુજરાતમા પ્રવેશ મેળવતા ગયા તેમ તેમ અહીંના અનાર્યો ડુગરાળ, પહાડનો આશરો લેવા માડયા. તેમ તેમ દક્ષિણ ગુજરાતમા રાજપીપળા, ડાંગ, વાંસદા ધરમપુર વગેરે પ્રદેશોમા ડુગરો અને જંગલો હોવાથી

તેમના રહેઠાણો આવી જગ્યાઓમાં થવા લાગ્યા. આ આદિવાસીઓમાં ભીલ, ઢોડિયા, ગામીત, વાર્લી, કાથોડિયા, નાયકા, વસાવા, કુકણા, ચૌધરી વગેરેનો સમાવેશ થાય છે.

ચૌધરીઓ કયાંથી આવ્યા તેનો બીજો ઉલ્લેખ પણ આપણને જાણવા મળે છે કે ઇ.સ.૧૪૫૯ થી ૧૫૧૩ દરમ્યાન મહમદબેગડાએ ગુજરાત ઉપર રાજય કર્યુ. તેણે જૂનાગઢમાં રાજય કરતા રાજા માંડલિકને હરાયો અને જૂનાગઢ લીધુ. ત્યાર પછી પાવાગઢના રાજા પતાઇ રાવળને મહાત કર્યો અને પાવાગઢ લઇ ચાંપાનેર ભાંગ્યુ. રાજા પતાઇ રાવળ હાર્યો અને ભાગી ગયો અને તેની પ્રજા પણ ત્યાંથી ભાગી છૂટી કેમકે મહમદ બેગડો મુસલમાન હતો, ઇસ્લામનો પ્રચાર કરતો તથા લોકોને મુસલમાન બનાવતો. આ નાસી છૂટેલી પ્રજામાં ચૌધરી જાતિ હતી એમ કહેવાય છે. જયારે ભાગી છૂટી ત્યારે આજના ચૌધરીઓ કોણ હતા એ અંગે કોઇ આધારભૂત માહિતી કે ઉલ્લેખો મળયા નથી. ત્યારે એ લોકો પાલખી ઉંચકવાનુ કામ કરતા હતા.

પાવાગઢ પર મહમદે વિજય મેળવ્યો ત્યારે પતાઇ રાવળના પૂર્વજો ચૌધરીઓ પાવાગઢ છોડીને બીજા પ્રદેશમાં જઇ વસ્યા. તેઓ જયાં ગયા ત્યાં પણ એમના જેવી જાતિ વસતિ હોવાનુ જણાય છે. સૌ પ્રથમ આ લોકો નળધરા ગામે આવીને મુકામ કર્યો. નવસારી પ્રાતના મહુવા તાલુકામાં નળધરા ગામ આવ્યુ છે. નળધરાના ચૌધરી જૂના વખતમાં જાગીરદાર હતા. આ ઉપરથી એમ લાગે છે કે નાસી છૂટેલી આ જાતિ પ્રથમ નળધરા ગામે આવી હશે. આજે પણ આ જાતિના કેટલાક ભાઇ-બહેનો અટકમાં પાવાગઢી લખાવે છે. નળધરાથી આગળ કઇ રીતે ફેલાવો થયો તેની પણ માહિતી મળતી નથી. જે બારડોલી, વાલોડ, વ્યારા અને



માંડવી તાલુકામાં આ સમાજની વસતિ વિશેષત: જોવા મળે છે.

ચૌધરી નાના ચોધરી (ચોપખા) મોટા ચૌધરી (છાટેલા) વલવાઇ ચૌધરી, કટબીડીઆ ચૌધરી વગેરે હોય છે. જેમાં નાના અને મોટાની વસતિ ઘટક પ્રમાણમાં જોવા મળે છે. આ બે અટક કેવી રીતે અલગ પડી તે વાત પણ જાણવા જેવી કહેવાય છે કે આ બને લોકો પહેલા એક હતા. બને ભાઇઓ હતા. તેમના ઘરે કોઇ પશુ મરી ગયુ - એને બને ભાઇઓ ઘસડી ગયા, પછી ઘરે આવ્યા. બનેએ શુધ્ધ થવા માટે એક ભાઇએ માથા ઉપર પાણીનો છટકાવ કરી લીધો. જે છાટલો બન્યો. જયારે બીજા ભાઇએ સ્નાન કર્યુ. જેથી તે ચોપખો ગણાયો. આ રીતે બને ભાઇઓ વચ્ચે આડી ભીંત આવી. બનેના કુટુંબો અલગ બની પોતપોતાની અટક નાનો ચોધરી (ચોપખા) મોટા ચૌધરી (છાટેલા) રાખી. બન્ને અટકવાળા રોટી-વહેવાર કરે છે, બેટી વ્યવહાર કરતા નથી. પાવાગઢિયા પોતાને સૌથી ઉંચા - પોતાના સમાજના બીજાઓથી તથા બીજી આદિવાસી જાતિઓથી પણ માને છે. વલવાઇ ચૌધરીની વધુ પડતી વસતિ જોવા મળતી નથી. વળી કહબીડીઆ, વલવાઇ ચૌધરીની જ એક અટક છે. પણ એ કેવી રીતે અલગ થઇ ગઇ એ સ્પષ્ટ જાણવા મળયુ નથી. પાવગઢિયાની સાથે ટાકરિયા જેમ અટકો પણ જોવા મળે છે.

ગામની ઐતિહાસિક માહિતી :

ભાતખાઇ ગામમાં મુખ્ય વસતિ ચૌધરીની છે. ગામનુ નામ ભાતખાઇ કેવી રીતે પડયુ. તેમજ ગામમાં ચૌધરી લોકો કયારથી આવી વસ્યા, તે અંગે કોઇ ચોકકસ જવાબ મળતો નથી. ગામના ઇતિહાસ વિષે કોઇને ખાસ ખ્યાલ નથી. આ ઉપરાંત ગામમાં

પહેલા કોણ વસ્યુ હતુ તે અંગે કોઇ સ્પષ્ટ માહિતી મળતી નથી. પરંતુ કેટલાક ગામ લોકો એવુ માને છે કે કાછિયા ચોગડાનુ કુટુંબ સૌ પ્રથમ આવીને ગામમાં વસ્યુ હતુ.

ગામનુ નામ કઇ રીતે પડયુ તે વિશે કેટલાક એવુ માને છે કે પહેલા ગામની આજુબાજુ ગાઢ જંગલ હતુ અને જંગલમાં વાઘ-સિંહ વગેરે પ્રાણીઓનો ઘણો જ ત્રાસ હતો. તે સમયે જંગલ તરફ જવુ ઘણુ મુશ્કેલ ગણાતુ. તેથી ગામના વડવાઓ એવુ કહેતા કે "જો કોઇ દહાડે જંગલમાં જાય તો ભાતખાઇ અને રાત્રે જાય તો વાઘ ખાઇ". આમ ભાતખાઇ અને વાઘખાઇ તે પરથી ગામનુ નામ ભાતખાઇ પડયુ હોય તેવુ માનવામાં આવે છે. આ અંગે કોઇ ચોકકસ પૂરાવા મળતા નથી.

# પ્રકરણ :: ૩

## ભાતખાઇ :: ૧૯૬૯

### વસતિ અને વિસ્તાર પરિચય :

ભાતખાઇ ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૬૪૮ એકર ૧૩ ગુંઠા છે. તેમાં ૩૪૩ એકર અને ૦૬ ગુંઠા જંગલનો સમાવેશ થાય છે. આમ ગામના કુલ ભૌગોલિક વિસ્તારના ૫૨.૯ ટકા વિસ્તાર જંગલ વિસ્તાર છે. આમ જંગલ વિસ્તારનું પ્રમાણ ૧/૨ કરતાં વધુ છે. ચૌધરીનો મુખ્ય વ્યવસાય ખેતી છે. જમીનવિહોણા લોકો મુખ્યત્વે ખેતમજૂરી, જંગલમજૂરી, તેમજ અન્ય છૂટક મજૂરી પર આધાર રાખે છે. ચૌધરી જાતિના લોકોએ પણ સુરત જિલ્લાની ધોડિયા જાતિની જેમ શિક્ષણનો સારો લાભ લેવા માંડયો હોવાથી શિક્ષકની નોકરીઓ સ્વીકારતા થયા છે.

૧૯૬૧ ની વસતિ ગણત્રી પ્રમાણે ગામમાં કુલ ૪૩ કુટુંબો હતાં અને ગામની વસતિ ૨૬૬ ની હતી. જેમાંથી પુરૂષોની સંખ્યા ૧૩૦ ની હતી અને સ્ત્રીઓની સંખ્યા ૧૩૬ ની હતી. આમ પુરૂષ કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે હતુ. જ્યારે તપાસના વર્ષ દરમ્યાન ૧૯૭૦-૭૧ માં ગામમાં કુલ કુટુંબોની સંખ્યા ૫૪ ની હતી. અને ગામની કુલ વસતિ ૩૬૦ ની હતી. આમ દાયકા દરમિયાન કુટુંબ સંખ્યામાં ૨૫.૬ ટકા (૧૧) નો વધારો થયો હતો. આનુ કારણ મોટેભાગે આદિવાસી સમાજમાં લગ્ન પછી છોકરાઓ જુદા ઝુંપડા બાંધીને રહે છે, તે ગણાવી શકાય. મોટાભાગના કુટુંબોમાંથી છોકરાઓ અલગ રહેતા હતા. જ્યારે ખેતી પિતા સાથે કરતા હતા. આમ માત્ર રસોડુ અલગ રાખીને રહેતા હતા. આજ સમય

દરમિયાન ગામની વસતિ ૨૬૬ થી વધીને ૩૬૦ ની થઇ છે. આમ દાયકા દરમ્યાન વસતિમા ૯૪ નો વધારો થયો હતો એટલે કે ૩૫.૩ ટકાનો વધારો થયો હતો. ગામમા વસતિ વધારાનો દર ઘણો જ ઉંચો હતો. છેલ્લા દસ વર્ષમા ગામમા ૭૬ જન્મ અને ૧૦ મરણ નોંધાયેલા હતા. (તલાટીના રેકર્ડ મુજબ) ૧૯૬૧ ની વસતિ ગણત્રી મુજબ ગામમા કુટુંબનુ કદ ૬.૨ નુ હતુ. જ્યારે તપાસના સમય દરમ્યાન કુટુંબ કદ ૬.૬ નુ થયુ હતુ. આમ કુટુંબના કદમા ૦.૪ નો વધારો નોંધાયો હતો. તલાટીના રેકર્ડ મુજબ દાયકા દરમ્યાન કોઇ કુટુંબ ગામમા નવુ આવીને વસ્યુ નથી કે સ્થળાંતર કરીને ગયુ નથી.

## વસવાટના ઘરોની સ્થિતિ :

આ પ્રદેશના ચૌધરી, ગામમા ૧૫-૨૦ કુટુંબોના જૂથમા એક સાથે વસતા જોવા મળે છે. ભીલો તેમજ અન્ય આદિવાસી જાતિની જેમ તેઓ છૂટાછવાયા ઝૂપડા બાંધીને વસતા નથી. આ વિસ્તારને તેઓ ફળિયા તરીકે ઓળખે છે. ભાતખાઇ ગામની વચ્ચે થઇ પસાર થતી ખાડી ગામને બે જૂથમા વહેંચે છે. ખાડીની સામે બીજા વિસ્તારમા માત્ર એકજ ફળિયુ આવેલુ છે. તે "ખાડીબાજુનુ" ફળિયુ તરીકે ઓળખાય છે. બીજી બાજુ પાંચ ફળિયા છે. હોળિ-ફળિયુ, ગોચર ફળિયુ, નિશાળ ફળિયુ, મોટુ ફળિયુ અને બાવરી-ફળિયુ.

## ઘર :

આદિવાસી પ્રજા સ્વભાવે પ્રકૃતિ પ્રેમી છે. મનુષ્ય સમાજની ઉત્પત્તિથી માંડીને આજદિન સુધી સમાજ અને કુદરત વચ્ચેનો



સંબંધ જળવાઇ રહયો છે. ગામમા વસતા મોટાભાગના ચૌધરી કુટુંબોના ઝુપડા વાંસ, તેની કામડીઓ અને સાગની વળીના બનાવેલા જોવા મળે છે. ગામમા પાકુ મકાન (ઇંટમાટીની ચણતર કરેલ) જોવા મળતુ નથી. તેઓ ઝૂપડુ બાંધવા માટે જંગલમાંથી વાંસ કે જરૂરી લાકડુ લઇ આવે છે. જો કે હવે જંગલમાંથી લાકડુ લાવ-વાની મુશ્કેલીને લીધે તેમને જરૂરી વેચાતુ પણ ખરીદવુ પડે છે. ઘરની દિવાલો વાંસની કામળીમાંથી બનાવેલી હોય છે. કામળીની ભીંતો છાણથી લીંપેલી હોય છે. આ ઉપરાંત ઉપરનુ છાજ સાગના પાન, ડાંગરનુ પરાળ કે ઘાસથી છાપેલુ હોય છે. કેટલાક ઘરો દેશી અને વિલાયતી નળીમાંથી છાપેલા જોવા મળે છે. ગામમા મોટાભાગના ઝૂપડાની ઉપર દેશી નળિયા જોવા મળે છે. સારી સ્થિતિવાળા લોકો મેંગલોરી નળિયા નખાવે છે. વધુ વરસાદને કારણે સાગના પાનના છાપરા વધુ ટકતા નથી. જેથી તેઓ ગમે તે રીતે દેશી અથવા મેંગલોરી નળિયા લાવે છે. રહેઠાણોના મકાનોના બાંધકામમા કુટુંબના સભ્યો અરસપરસ મદદ કરે છે. ઝૂપડાનુ ભોંયતળિયુ છાણ-માટીનુ હોય છે.

તેમના ઝૂપડામા વાંસની લાકડીનો દરવાજો બનાવેલો હોય છે. ઝૂપડાઓમા હવા ઉજાસ માટે નાના-મોટા બાકોરા રાખવામા આવે છે. ગામમા સારી સ્થિતિવાળા ઘરોમા બે દરવાજા રાખેલ હોય છે. તદ્ઉપરાંત લાકડાના ચોકઠામા સળિયા રાખી બારીઓ મૂકે છે. આમ ઘરોમા હવા-ઉજાસની સગવડ રાખે છે. સારી સ્થિતિવાળા ઘરના આંગણે પાણીનુ પણિયારુ હોય છે. જે લાકડાનુ બનાવેલુ હોય છે. ઢોર રાખવાની સગવડ જુદી હોતી નથી. ઝૂપડાનો કે ઘરનો એક ભાગ સૂવા માટે અને બીજા ભાગમા ઢોર રાખે છે. સારી સ્થિતિવાળા ઢોર માટે અલગ ઢાળિયુ બનાવે છે. ઝૂપડાની એક બાજુ ખૂણામા રસોડાની

વ્યવસ્થા કરવામા આવે છે. સારી સ્થિતિવાળા વાસની અનાજ ભરવાની કોઠીઓ ઉભી કરીને અલગ ભાગ બનાવે છે. આમ અનાજ ભરવાની કોઠીઓ આડશની ગરજ સારે છે.

ગામમા કેટલાક પાલેજવાળા ફકીરમીયાના ભકતો તેમના ઝૂપડામા એકબાજુએ તેમના ફોટાઓ રાખે છે. અને સવાર-સાજ તેમની ભકિત કરે છે. આમ પૂજા માટેની જગ્યા અલગ રાખે છે. સારા સ્થિતિવાળા ઘરો ઘણાજ વ્યવસ્થિત જોવા મળે છે. કેટલાક કુટુબોમા તો માળિયાની વ્યવસ્થા પણ કરેલી જોવા મળી હતી. જેનો ઘાસ કે ડાંગરનુ પરાળ ભરવા માટે ઉપયોગ કરવામા આવે છે.

નમૂનાના કુટુબોનુ મકાનનુ ક્ષેત્રફળ અને ઓરડાની સખ્યા કેટલી હતી, તે કોઠા નં. ૩:૧ મા દર્શાવવામા આવ્યુ છે.



કોઠો - ૩:૧

મકાનના ક્ષેત્રફળ પ્રમાણે ઓરડાની સખ્યા દર્શાવતો કોઠો :

| મકાનનુ ક્ષેત્રફળ | ૨ ઓરડા ૨ ઓસરી ૩ ઓરડા | ૧ ઓરડો ૧ ઓસરી | ૧ ઓરડો | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧૫ X ૧૪ | - | ૧ | ૧ | ૨ | ૩.૭ |
| ૨૦ X ૧૫ | - | ૬ | ૪ | ૧૦ | ૧૮.૬ |
| ૨૦ X ૨૦ | - | - | - | - | - |
| ૨૫ X ૨૦ | - | ૮ | ૧ | ૯ | ૧૬.૭ |
| ૨૫ X ૨૫ | ૧૫ | ૧૮ | - | ૩૩ | ૬૧.૦ |
| કુલ | ૧૫ | ૩૩ | ૬ | ૫૪ | - |
| ટકા | ૨૭.૮ | ૬૧.૦ | ૧૧.૨ | - | ૧૦૦.૦ |

તપાસેલ નમૂનાના કુટુબોના મકાનનુ ક્ષેત્રફળ જોઇએ તો ૨ મકાન ૧૫ X ૧૪, ૧૦ મકાન ૨૦ X ૧૫, ૯ મકાન ૨૫ X ૨૦ અને ૩૩ મકાન ૨૫ X ૨૫ નુ ક્ષેત્રફળ ધરાવતા હતા. જેમા ૧૫ મકાનો ત્રણ ઓરડાવાળા, ૩૩ એક ઓરડો અને એક ઓસરીવાળા

હતા. જ્યારે ૬ ઘરો ફકત ૧ ઓરડાવાળા હતા. જ્યારે મકાનોની ઉંચાઇ લગભગ ૧૨ થી ૧૫ ફૂટની ઉંચાઇ ધરાવતા હતા. આમ મકાનનું ક્ષેત્રફળ અને ઓરડાની સંખ્યાનો ખ્યાલ મેળવ્યા પછી પેઢીઓ પ્રમાણે વસવાટની સ્થિતિ કોઠા ૩:૨ મા દર્શાવી છે.

કોઠા - ૩:૨

પેઢીઓ પ્રમાણે વસવાટ

| કેટલી પેઢીથી વસવાટ કર્યો. | ચૌધરી કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|
| ૬ પેઢી | ૮ | ૧૪.૮ |
| ૫ પેઢી | ૧૧ | ૨૦.૪ |
| ૪ પેઢી | ૨ | ૩.૭ |
| ૩ પેઢી | ૭ | ૧૨.૯ |
| ૨ પેઢી | ૧૨ | ૨૨.૨ |
| ૧ પેઢી | ૧૪ | ૨૬.૦ |
| કુલ... | ૫૪ | ૧૦૦.૦ |



ઉપરના કોઠામાં તપાસેલ કુટુંબોએ ૬ પેઢીથી ગામમાં વસવાટ કરતા આવ્યા છે. જેમાં ૧૪.૮ ટકા કુટુંબો ૬ પેઢીથી, ૨૦.૪ ટકા કુટુંબો ૫ પેઢીથી અને ૨૬.૦ ટકા કુટુંબો માત્ર એક પેઢીથી ગામમાં વસતા હતા. આ બધા કુટુંબો જુદા જુદા ૨૨ ગામોમાંથી આવીને અહીં વસવાટ કર્યો હતો. નમૂનાના કુટુંબો કયા સ્થળેથી આવીને વસ્યા તેની માહિતી કોઠા - ૩:૩ મા દર્શાવી છે.

કોઠો - ૩:૩

કયા સ્થળેથી આવી વસવાટ કર્યો તે દર્શાવતો કોઠો :

| ક્રમ | સ્થળનું નામ | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૦૧. | ખબરનથી | ૨૮ | ૫૧.૯૦ |
| ૦૨. | કારોહ | ૧ | ૧.૮૫ |
| ૦૩. | જામાપુર | ૧ | ૧.૮૫ |
| ૦૪. | અરેથ | ૨ | ૩.૭૦ |
| ૦૫. | મોઘ | ૧ | ૧.૮૫ |
| ૦૬. | ટુકડ | ૧ | ૧.૮૫ |
| ૦૭. | હથવાવ | ૨ | ૩.૭૦ |
| ૦૮. | વાસકુ | ૧ | ૧.૮૫ |
| ૦૯. | નેરોલી | ૨ | ૩.૭૦ |
| ૧૦. | અમલસાડી | ૧ | ૧.૮૫ |
| ૧૧. | હલા | ૧ | ૧.૮૫ |
| ૧૨. | માલીકુવા | ૧ | ૧.૮૫ |
| ૧૩. | ઇવલસદ | ૧ | ૧.૮૫ |
| ૧૪. | ઠાકડાવાટ | ૧ | ૧.૮૫ |
| ૧૫. | લીંબારડો | ૧ | ૧.૮૫ |
| ૧૬. | ચોરપારા | ૧ | ૧.૮૫ |
| ૧૭. | આબાપારડી | ૧ | ૧.૮૫ |
| ૧૮. | ઘટોલી | ૧ | ૧.૮૫ |
| ૧૯. | કુનવાડી | ૧ | ૧.૮૫ |
| ૨૦. | સલૈયા | ૧ | ૧.૮૫ |
| ૨૧. | પાલવોડા | ૧ | ૧.૮૫ |
| ૨૨. | સેમતલાવ | ૧ | ૧.૮૫ |
| ૨૩. | કાલાવ્યાર | ૨ | ૩.૭૦ |
| કુલ | | ૫૪ | ૧૦૦.૦૦ |



ઘરવખરીના સાધનો :

ચૌધરી જાતિના કુટુંબોમાં ઘણાં જૂજ પ્રમાણમાં ઘરવખરીના સાધનો હોય છે. તેઓ હાથે ગૂથેલી ખજૂરીના પાનની સાદડીઓનો બિછાના તરીકે ઉપયોગ કરે છે. જેમની પાસે ખજૂરીના ઝાડ હોય છે તેઓ જાતે આવી સાદડીઓ પોતાના વપરાશ પૂરતી બનાવે છે. તદઉપરાંત સૂવા માટે શણની દોરીથી ગૂથેલો ખાટલો તેઓની પાસે હોય છે. સારી સ્થિતિવાળા કુટુંબો પાસે પાટી ભરેલા ખાટલા જોવા મળે છે. તદઉપરાંત તેમની પાસે પાથરણાં તરીકે રજાઇ અને ઓઢવા માટે ધાબળા વગેરે જોવા મળે છે. ઘરવપરાશ માટે માટીના, એલ્યુમિનિયમ અને પિત્તળનાં વાસણો હોય છે. વધુ ઉપયોગ એલ્યુમિનિયમનાં વાસણનો થાય છે. પાણી ભરવા માટે પિત્તળના ઘડા લગભગ દરેક કુટુંબ ધરાવે છે. આ ઉપરાંત પાણી ભરવા માટે પતરાંની ડોલ અને પાણી પીવા પિત્તળના લોટા રાખે છે. જ્યારે અનાજ ભરવા તથા સંઘરવા માટે માટી કે વાંસની કોઠીઓનો ઉપયોગ કરે છે. તેમની પાસે દિવા-બત્તી માટે ફાનસ અથવા નાની ચીમની જોવા મળે છે. પેટ્રોમેક્ષ એકેય કુટુંબ પાસે નથી. તેઓ છત્રી તેમજ બેટરી રાખે છે, બેટરી લગભગ દરેક કુટુંબ પાસે જોવા મળે છે. તેઓની પાસે આધુનિક મોજશોખના સાધનો જોવા મળતા નથી. ગામમાં બે-ત્રણ કુટુંબ સાયકલ ધરાવે છે. કેટલાકની પાસે કાંડા ઘડિયાળ પણ છે. ગામમાં એક-બે કુટુંબ પાસે રેડિયો છે. તેઓના ઘરમાં એક "સુરપાલી" અને "આછવો" હોય છે. (માછલાં પકડવાની જાળ) ગામમાં બે કુટુંબો પાસે વાજિંત્રોના સાધનોમાં "ડોબરૂ" હતાં. સારી સ્થિતિવાળા કુટુંબો બેઠક માટે લાકડાનો બાંકડો રાખતા હતા. તદઉપરાંત લાકડાનો ઝૂલો પણ રાખતા. પરંતુ એકંદરે ચૌધરી કુટુંબો પાસે ઘરવખરીના નજીવા સાધનો હોય છે.

નમૂનાના કુટુંબોમાં ઘરવખરીના સાધનોની સંખ્યા કોઠા - ૩:૪ માં બતાવ્યુ છે.

કોઠો - ૩:૪

ઘરવખરીના સાધનોની સંખ્યા

| વિગત | સંખ્યા |
| --- | --- |
| એલ્યુમિનિયમ | ૫૪ |
| પિત્તળ | ૪૩ |
| તાંબુ | ૭ |
| માટીના | ૫૨ |
| કાંસાના | ૨૦ |
| અન્ય | ૪૭ |
| કુલ... | ૨૨૩ |

| | |
| --- | --- |
| વાંસના ખાટલા | ૫ |
| કાથીના ખાટલા | ૫૪ |
| જાળ | ૪૫ |
| ટેબલ-ખુરશી | ૩ |
| ઘડિયાળ | ૨ |
| વાજિંત્રો | ૧ |
| ફાનસ | ૨૧ |
| ચીમની | ૫૪ |
| ટોપલા-ટોપલીઓ | ૫૩ |
| ઘંટી | ૪૯ |
| બેટરી | ૨૩ |
| પેટી | ૧૪ |
| છત્રી | ૪૮ |
| અન્ય | ૪ |
| કુલ... | ૩૭૬ |



દેખાવ :

ચૌધરી સામાન્ય રીતે દેખાવે પ્રમાણમાં ઉજળા, અને મજબૂત બાંધાના હોય છે. ચૌધરી સ્ત્રીઓ બીજી આદિવાસી સ્ત્રીઓ કરતાં વધારે દેખાવડી હોય છે. સ્ત્રીઓ પોતાના વાળ સરસ રીતે ઓળે છે. અંબોડામાં ફૂલ નાખવાની વધારે શોખીન હોય છે. ચૌધરી યુવાન કન્યાઓ અંબોડામાં ફૂલ, ફૂલની વેણી તેમજ બનાવટી પ્લાસ્ટીક ફૂલોની વેણી પણ નાખીને વાળને શોભાવે છે. પુરૂષોમાં પણ યુવાન છોકરાઓ ખૂબ શોખીન હોય છે.

ચૌધરી સ્વભાવે શાંત છે. તેમજ તેમનામાં અન્ય આદિવાસી જાતિની જેમ જરૂરિયાતના પ્રસંગે મદદ કરવાની ભાવના વધુ જોવા મળે છે. તેઓમાં "હુડેલ" પધ્ધતિ એટલે એક-બીજા કુટુંબને જરૂરિયાતના પ્રસંગે એકબીજાને મદદ કરવાની પ્રથા સારા પ્રમાણમાં વિકાસ પામેલી છે. ખાસ કરીને રહેઠાણ ઉભુ કરવાના કાર્યમાં કુટુંબો અંદરોઅંદર મદદ કરે છે. ખેતી તેમજ અન્ય કામોમાં એકબીજાને મદદરૂપ થાય છે.

પહેરવેશ :

ચૌધરીના પહેરવેશમાં પુરૂષો માથે ફેંટો, શરીરે પહેરણ અને ધોતિયુ પહેરે છે. ખાસ કરીને વૃધ્ધ પુરૂષો ધોતિયાનો ઉપયોગ કરે છે. યુવાન છોકરાઓ આખુ પેન્ટ, ખમીશ, બુશર્ટ તથા નાના બાળકો ચડ્ડી અને ખમીશ પહેરે છે. સ્ત્રીઓ કમરથી નીચેના ભાગમાં ત્રણેક વારના કાપડની સાડી કમર પાછળ કછોટો મારીને પહેરે છે. તેઓ માથે અલગ રંગીન કકડો ઓઢે છે. યુવાન છોકરીઓ બ્લાઉઝનો ઉપયોગ કરે છે. કેટલીક છોકરીઓ સ્કર્ટ અને ફ્રોક પણ પહેરે છે.

## ખોરાક અને પીણા :

આ પ્રદેશના ચૌધરીનો મુખ્ય ખોરાક ચોખા અને જુવાર છે. કઠોળમા તેઓ અડદ, તુવેર અને વાલનો ઉપયોગ કરે છે. તેમના ખોરાકમા સવારે જુવારનુ ઢોચલુ (ભડરુ) છાશ- સાથે લેવામા આવે છે. તેઓ દિવસમા ત્રણ વખત ખાય છે. સવારે જુવારનુ ઢોચલુ, બપોરે રોટલા, શાક અથવા અડદ કે તુવેરની દાળ લે છે. જ્યારે સાજના ખોરાકમા ભાત-દાળ વગેરે રાધે છે. સારી સ્થિતિવાળા કુટુબો શાકભાજીનો ઉપયોગ વધુ કરે છે. તેમાય ખાસ કરીને બટાકા, ડુગરી અને રીગણ હોય છે. તેઓ પોતાના ઝૂપડા પાસે વાડામા મકાઇ તેમજ થોડાક પ્રમાણમા શાકભાજી ઉગાડે છે. શાકભાજીમા ભીડાનુ વાવેતર ખાસ કરે છે.

ચૌધરી લોકો માસાહાર કરે છે. પરતુ મરેલા ઢોરનુ માસ કદી ખાતા નથી. તેઓ વાર-તહેવારે માડવીમાથી બકરાનુ માસ વેચાતુ લાવે છે. અથવા ગામમા બકરો કાપે છે. તેઓના ખોરાકમા માછલીનો ઉપયોગ વધુ છે. તાપી નદી નજીકમા હોવાથી માછલી મળી રહે છે. ચોમાસાના ત્રણ માસ તેમના ખોરાકમા માછલીનો ઉપયોગ વધુ થાય છે. તદઉપરાત તેઓ ચોમાસા સિવાયની ૠતુ માટે માછલાને સૂકવીને માટલામા ભરી રાખે છે. માછલી પકડવા માટે ગામમાથી ત્રણ-ત્રણ કે ચાર-ચારના જૂથમા જાય છે અને જે કંઇ માછલા લાવે તેને સરખે ભાગે વહેચી લે છે. માછલા પકડવા માટે ચૌધરી સ્ત્રીઓ પણ કેટલીકવાર જાય છે. નાના બાળકો પણ જાય છે. તેઓ માછલી ઉપરાત મરઘા અને ઇંડાનો પણ ઉપયોગ કરે છે. પરતુ મરઘા તો માત્ર વાર-તહેવારે જ અથવા મહેમાન આવ્યા હોય ત્યારે જ બનાવે છે.



તેમના ખોરાકમા દૂધ-ઘીનુ પ્રમાણ નહિવત્ છે. તેઓ ચા પીએ છે. પરતુ તેમા દૂધનો ઉપયોગ જવલ્લેજ કરે છે. સારી સ્થિતિ-વાળા અને જેમની પાસે ભેસ છે તેઓ દૂધનો ઉપયોગ કરે છે. કેટલાક કુટુબો ઘી બનાવીને વેચી નાખે છે. તેમના ખોરાકમા ફળફળાદિ નહિવત્ છે. તેલનો ઉપયોગ ખૂબ ઓછો કરે છે. મોટેભાગે દાળ-શાક બાફીને ખાતા હોય છે.

ચૌધરી પુરૂષો વધુ પ્રમાણમા દારૂ પીએ છે. સ્ત્રીઓ દારૂનો ઉપયોગ નથી કરતી. પ્રસ્તુત ગામમા અગાઉ લોકો ખૂબ જ દારૂ પીતા હતા. પરતુ છેલ્લા બે-પાચ વર્ષથી કેટલાક કુટુબો પાલેજ-વાળા બાવાના ભકત થયા પછી દારૂ નિષેધ કર્યો છે. તેઓ માસાહાર પણ કરતા નથી. આમ પહેલા કરતા ગામમા દારૂની લત ઓછી થઇ છે. ચૌધરી સ્ત્રી-પુરૂષો બીડી પીએ છે. તેઓ તૈયાર તબાકુ લાવી પોતાના હાથે પાદડામાથી બીડી બનાવીને પીએ છે. કેટલાક નાના બાળકો પણ બીડી પીએ છે.

## ઘરેણા :

ચૌધરી સ્ત્રી પુરૂષો બને ઘરેણાના શોખીન હોય છે. સ્ત્રીઓ ગળામા સફેદ કાચના મણકાવાળો હાર પહેરે છે. ઉપરાત ચાદીની હાસડી, પગે કલ્લા તથા હાથે કડા પહેરે છે. મોટાભાગની પરિણિત સ્ત્રીઓ ડાબા અથવા જમણા હાથે કડુ પહેરે છે. તેમની તેમની પાસે સોનાના દાગીના જવલ્લેજ જોવા મળે છે. તેઓ મોટે-ભાગે ચાદીના દાગીનાનો વધુ ઉપયોગ કરે છે. હાથે કાચની બગડીઓ અને નાકમા કેટલીક સ્ત્રીઓ વાળી પણ પહેરે છે. પુરૂષો ચાદીની અગૂઠી અને કાનમા વાળી પહેરે છે. કેટલાક પુરૂષો કાડે કડુ પણ પહેરે છે. સુખી કુટુબના પુરૂષો કમરે ચાદીનો કદોરો

પહેરે છે. કેટલાક પુરૂષો કાંડા ઘડિયાળ પણ પહેરતા થયા છે. શહેર વિસ્તારની નજીક ગામ આવેલુ હોવાથી, વારવાર ચીજ-વસ્તુઓની ખરીદી માટે જવાનુ થતુ હોવાથી, તેમજ ઉજળિયાત કોમનો સપર્ક વધવાથી તેઓ ઘરેણામા અવનવી વસ્તુઓનો ઉપયોગ કરે છે. ખાસ કરીને યુવાન સ્ત્રીઓમા બનાવટી ધાતુના ઘરેણા અને કાચની બગડીઓ વધુ પ્રચલિત બની છે.

શિક્ષણ :

તાલુકામા શિક્ષણ અને સમાજ શિક્ષણક્ષેત્રે સારી પ્રગતિ થઇ છે. તાલુકામા પાકા મકાનોની શાળાવાળા ગામો ૬૩ છે. કાચા મકાનોની શાળાવાળા ગામો ૫૩ છે. જ્યારે શાળા વગરના ૧૮ ગામો છે. અને ૨૪ ગામો ઉજ્જડ છે. ગુજરાતની આદિવાસી જાતિઓમા ચૌધરી જાતિ આગળ આવી છે. અને વધુ પ્રમાણમા ચૌધરી બાળકો શિક્ષણ લેતા થયા છે. ચૌધરીઓ શિક્ષણ મેળવી શિક્ષકોની નોકરીમા પણ વધુ પ્રમાણમા જોડાયા છે.

ભાતખાઇ ગામમા ૧ થી ૪ ધોરણની પ્રાથમિક શાળા છે. ગામની આજુબાજુના નજીકના વિસ્તારમા શિક્ષણની સવલતો સારી હોવા છતા ગામમા શિક્ષણનુ પ્રમાણ નહિવત્ છે. ગામમા ભણવાની ભૂખ જોઇએ તેવી જાગી નથી.

૧૯૬૧ ની વસતિ ગણતરી મુજબ ગામમા કુલ ૨૬૬ ની વ્યક્તિમાથી ૭ વ્યક્તિઓ ભણેલી હતી. ૭ માથી ૬ પુરૂષો અને ૧ સ્ત્રી શિક્ષિત હતા. જ્યારે ૧૯૭૧ મા કુલ વસતિ ૩૫૧ ની હતી. જેમાથી ૩૫ વ્યક્તિઓ ભણેલી હતી. જેમા ૨૫ પુરૂષો અને ૧૦ સ્ત્રીઓ શિક્ષિત હતા.



ગામમા ધોરણ ૧ થી ૪ સુધીની પ્રાથમિક શાળા છે. શાળાની સ્થાપના ૧૯-૧-૫૯ ના રોજ થઇ હતી. પરતુ તા.૧૯-૧-૫૯ થી ૧-૧-૬૭ સુધી લોકશાળા તરીકે ચાલતી હતી. તા.૨-૧-૬૭ થી શાળાનુ કામકાજ જિલ્લા પચાયત શિક્ષણ સમિતિના હસ્તક ચાલે છે. હાલમા એક ચૌધરી શિક્ષિકાબહેન શાળાનુ સચાલન કાર્ય કરે છે. છેલ્લા ચાર વર્ષના ધોરણવાર આકડા નીચેના કોઠામા દર્શાવેલ છે.

કોઠો - ૩:૫

શિક્ષણની માહિતી

| ધોરણ | ૧૯૬૭-૬૮ છોકરા | ૧૯૬૭-૬૮ છોકરી | ૧૯૬૮-૬૯ છોકરા | ૧૯૬૮-૬૯ છોકરી | ૧૯૬૯-૭૦ છોકરા | ૧૯૬૯-૭૦ છોકરી | ૧૯૭૦-૭૧ છોકરા | ૧૯૭૦-૭૧ છોકરી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૭ | ૧૨ | ૧૩ | ૯ | ૧૧ | ૭ | ૧૫ | ૧૧ |
| ૨ | ૮ | ૧ | ૭ | ૧ | ૪ | - | ૫ | - |
| ૩ | - | ૧ | ૩ | ૧ | ૧ | - | ૧ | - |
| ૪ | - | ૧ | - | ૧ | ૧ | - | ૧ | - |
| કુલ... | ૨૫ | ૧૫ | ૨૩ | ૧૨ | ૧૭ | ૭ | ૨૨ | ૧૧ |

ઉપરના આકડા પરથી જણાય છે કે ગામમા શિક્ષણનુ પ્રમાણ ઘણુ જ ઓછુ છે. ગામમા કુલ ૫૯ કુટુબો હોવા છતા કુટુબદીઠ એક બાળક નિશાળે જતુ નથી. ૧૯૭૧ મા કુલ ૩૩ વિદ્યાર્થીઓ હતા. જેમાથી ૩૩ ટકા છોકરીઓ અને ૬૭ ટકા છોકરાઓ

ભણતા હતા. પરંતુ કુલ વિધાર્થીઓમાથી માત્ર બે-એક વિધાર્થીઓ જ ધોરણ ૪ સુધીનુ શિક્ષણ લે છે. જે ઉપરના આંકડાઓ પરથી સ્પષ્ટ રીતે જણાય છે. આદિવાસી બાળકોમા શિક્ષણ ઓછુ હોવાના અનેક કારણો છે. મોટેભાગે તેમના વાલીઓ તેમને નિશાળે મોકલતા નથી. તેઓ તેમના બાળકોને ઢોર ચરાવવામા તેમજ ઘરમા બીજા નાના ભાઇ-બહેનની સંભાળ રાખવામા રોકી લે છે. આદિવાસી સમાજમા વધુ બાળકો તેમને માટે અસ્કયામત ગણાય છે, કારણ કે બાળકો કમાણી કરતા હોય છે. આર્થિક સ્થિતિ નબળી હોવાને લીધે બાળકોને ભણવા કરતા મજૂરીમા મોકલવાનુ વધુ પસંદ કરે છે.

નમૂનાના કુટુબોમાથી કુટુબના વડાની શૈક્ષણિક સ્થિતિ જોઇએ તો તપાસેલ કુલ કુટુબોમાથી માત્ર ૧૨.૯ ટકા કુટુબના વડા સહી કરી શકે તેવા અને ભણેલા હતા. જ્યારે ૮૭.૧ ટકા કુટુબના વડાઓ અભણ હતા. જેની વિગતે માહિતી કોઠા - ૩:૬ મા દર્શાવી છે. જ્યારે કુટુબના દરેક સભ્યોનુ શૈક્ષણિક સ્તર જોઇએ તો કોઠા - ૩:૭ ઉપરથી વધુ ખ્યાલ આવશે. કોઠા પરથી જોઇ શકાય છે કે કુલ સભ્ય સંખ્યામાથી ૮૬.૭ ટકા બિલકુલ અભણ હતા. જ્યારે સહી કરી શકે તેવા સભ્યોનુ પ્રમાણ માત્ર ૧.૧ ટકો હતુ અને પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ પામેલાનુ પ્રમાણ ૧૨.૨ ટકા હતુ. જ્યારે ઉચ્ચ શિક્ષણ કોઇએ લીધુ ન હતુ.



કોઠો - ૩:૬

ઉંમર પ્રમાણે કુટુબના વડાની શૈક્ષણિક સ્થિતિ

| ઉંમર | શિક્ષિત સહી કરી શકે તેવા | અભણ | કુલ | ટકા |
|---|---|---|---|---|
| ૧૮ થી ૨૪ | ૧ | - | ૧ | ૧.૯ |
| ૨૫ થી ૩૦ | - | ૭ | ૭ | ૧૨.૯ |
| ૩૧ થી ૩૫ | ૧ | ૭ | ૮ | ૧૪.૮ |
| ૩૬ થી ૪૦ | ૧ | ૧૩ | ૧૪ | ૨૫.૯ |
| ૪૧ થી ૫૦ | ૪ | ૧૦ | ૧૪ | ૨૫.૯ |
| ૫૦ થી ઉપર | - | ૧૦ | ૧૦ | ૧૮.૬ |
| કુલ... | ૭ | ૪૭ | ૫૪ | ૧૦૦.૦ |
| ટકા | ૧૨.૯ | ૮૭.૧ | ૧૦૦.૦ | |

## કોઠો - ૩:૭

### નમૂનાના કુટુંબના સભ્યોનું શૈક્ષણિક સ્તર

| શૈક્ષણિક સ્તર | પુરૂષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| સહી કરી શકે તેવા | ૨ | ૧ | ૩ | ૧.૧ |
| પ્રાથમિક શિક્ષણ | ૨૪ | ૬ | ૩૦ | ૧૦.૮ |
| માધ્યમિક | ૩ | ૧ | ૪ | ૧.૪ |
| ઉચ્ચ | - | - | - | - |
| અભણ | ૧૦૨ | ૧૪૦ | ૨૪૨ | ૮૬.૭ |
| કુલ... | ૧૩૧ | ૧૪૮ | ૨૭૯ | ૧૦૦.૦ |

### ભાષા :

તેમની ભાષા "ચૌધરી બોલી" તરીકે ઓળખાય છે. તેઓ અંદરોઅંદર પોતાની ચૌધરી બોલીમાં વાતચીત કરે છે. તેઓ ગુજરાતી સારી રીતે બોલી-સમજી શકે છે. સ્ત્રીઓ ગુજરાતી ઓછા પ્રમાણમાં સમજે છે. જ્યારે પુરૂષો સારી રીતે ગુજરાતી બોલી તેમજ સમજી શકે છે.



### નમૂનાના કુટુંબોનું સામાજિક વર્ગીકરણ :

૧૯૬૯ ની તપાસ વખતે ગામમાંથી કુલ ૫૪ કુટુંબોની આર્થિક સામાજિક તપાસ કરી હતી. જેમની સભ્ય સંખ્યા કુલ ૩૪૯ ની હતી. જેમાં ૧૭૦ પુરૂષો અને ૧૭૯ સ્ત્રીઓ હતી. આમ સ્ત્રીઓનું પ્રમાણ વધારે હતું.

### કુટુંબ કદ :

નમૂનાના કુટુંબોનું કદ તપાસીએ તો સભ્ય સંખ્યા પ્રમાણે ૧ થી ૩ માણસો હોય તેવા ૧૧.૨ ટકા કુટુંબો, ૪ થી ૬ સભ્ય સંખ્યા ધરાવતા ૪૨.૬ ટકા અને ૭ થી ૧૦ સભ્ય સંખ્યા વાળા ૪૨.૬ ટકા કુટુંબો હતા. જ્યારે ૧૧ માણસોથી વધુ સભ્ય સંખ્યા હોય તેવા કુટુંબો માત્ર ૩.૬ ટકા હતા. આમ એકંદરે કુટુંબ કદ સરેરાશ ૭ માણસનું હતું. જેની વિગતે માહિતી કોઠા - ૩:૮ માં દર્શાવી છે.

### ચૌધરી બોલી :

ચૌધરી બોલી વિષે લિંગ્વિસ્ટિક સર્વે ઓફ ઇન્ડિયાના ખંડ ૯ ના ત્રીજા ભાગમાં જ્યોર્જ ગ્રિયર્સને જે કંઇ વિચારણા કરી છે તે સિવાય અન્ય કશું જ સાહિત્ય ઉપલબ્ધ નથી. અનેક પ્રકારના કારણોસર નાના નાના જૂથોની બોલીઓ અન્ય ભાષા બોલીઓ સાથે સંપર્કમાં આવી રહી છે, તેવા સમયમાં આદિવાસી જાતિમાં પ્રચલિત શબ્દો એકઠા કરીને તેને શાસ્ત્રીય રીતે મૂકવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

ગુજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત ચૌધરીઓ અને ચૌધરી શબ્દાવલીમા શ્રી શાંતિભાઇ આચાર્યએ દક્ષિણ ગુજરાતની ચૌધરી આદિવાસી જાતિમા પ્રચલિત શબ્દોને મુખ્ય ઇન્ફોર્મન્ટ પાસેથી પ્રસ્તુત સામગ્રી ધ્વનિ સંજ્ઞાઓમા મુદ્રિત કરીને તેનુ ગુજરાતી લિપિમા લિપ્યન્તર કર્યુ છે.

ચૌધરી "બોલી" શબ્દ અહીં તેના પારિભાષિક અર્થમા વાપરવામા આવ્યો નથી. અહીં તો બોલી વિષે "બોલચાલની લિપિરહિત ભાષા" એવી જે સામાન્ય છાપ પ્રવર્તે છે તે અર્થમા આ શબ્દ પ્રયોજવામા આવ્યો છે. આથી દક્ષિણ ગુજરાતમા વસતિ ચૌધરી જાતિ પોતાના વાગ્વ્યવહાર અર્થે જે વાગ્રૂપનો ઉપયોગ કરે છે. તે "ચૌધરી બોલી" તેવા સામાન્ય અર્થમા અહીં આ શબ્દને સમજવાનો છે.

ચૌધરી જાતિ કેટલાક શબ્દો પોતાની આગવી ભાષામા બોલે છે. તેની નોંધ નીચે પ્રમાણે છે.

| ચૌધરી બોલી | ગુજરાતી શબ્દ |
|---|---|
| અટકીવો | અટકવુ , અડકવુ |
| અડલો | શાકભાજી પ્રકારના વાવેતરના રક્ષણ અર્થે કરવામા આવતી વાડ. |
| અપઠીલો | બારણુ વાસવા માટેનો બારણાની પાછળનો અંદરનો ખીલો. |
| અડગીરખા | કબજો, એક પ્રકારનુ પહેરણ. |
| અનૂસડી | સીતાફળી |
| અન્તેર | અત્તાર |
| અસવારી | સવારી માટે વપરાતુ ગાડુ, ડમણીયુ. |



| ચૌધરી બોલી | ગુજરાતી શબ્દ |
|---|---|
| અસીટવા | પછાડવુ |
| અગોડા | ગળાનુ એક ઘરેણુ |
| અણઠો | અળગુ |
| અકાન | સલાહ |
| પાલવા | ઉપવાસ કરવો. |
| અરવાણ | કન્યા સાસરે જાય ત્યારે તેની સાથે જતી સખી: |
| આથો | આથ |
| આથ | હજી - હજા. |
| આકડી | ઝાડપરના પાંદડા તોડવા માટે વપરાતુ વાંસનુ સાધન. |
| આગજજો | આગિયો. |
| આગાલ | આગળ. |
| આખલો | આઢ |
| આખાલ | આખલો |
| આચાક | આચકો |
| આઠ | આટ |
| આદાત | આદત, ટેવ. |
| આથાર | મોટુ પાથરણુ - આથર. |
| આતો | પિતા, બાપ. |
| આમી | હમણા, હવે. |
| આપઘાત કરવો | આપઘાત કરવો. |
| આમે | અમે |
| આદાર | આથાર |
| આદો | આદુ |

| ચૌધરી બોલી | ગુજરાતી શબ્દ |
|---|---|
| આનાન્દ | આનંદ |
| આમ્બાહલાદ | આંબા હળદર |
| આમ્બૂડા વાલવા | અબોડો વાળવો |
| આમ્બેણો | શનિવાર (માંડવી વિસ્તારમાં - વપરાય છે.) |
| આમ્બીહ્યા | ચૌધરી સ્ત્રીઓનુ હાથમાં પહેરવાનુ એક ઘરેણુ. |
| આહાય | મા, માતા. |
| આસા | આશા |
| ઉગેઠ | ગાડાના પૈડા ફરી ન જાય તે માટે નીચે મૂકવામાં આવતુ ટેકણ |
| ઉક્ષિ | ઓશીકું |
| ઉખલો | લાકડાનુ ખાંડણીયુ |
| ઉપાજ | ઉપજ |
| ઉજમણી | ઉત્સવ |
| ઉજાડ | ઉજ્જડ |
| ઉન્દો | ખેતીનુ એક સાધન "સમાર" |
| ઉતાવલ | ઉતાવળ |
| એખના | એકલુ |
| એગયાર | અગિયાર |
| એડો | દિવેલિયો એરંડો |
| એવામાં | એટલામાં |
| એવા | આવું |
| એકિકવારે | એક સાથે |



| ચૌધરી બોલી | ગુજરાતી શબ્દ |
|---|---|
| હોવા | એકઠા થવું. |
| એક ધીટ હેરી રઉવા | તાકી રહેવુ |
| ઓરપો | બહેનો માટેની કાંસકી |
| ઓટો | ઓટલો |
| કણ્ઠી | કંઠી, આ નામનુ ઘાસનુ ઘરેણું. |
| કડ્ | કેડ, કટિ |
| કતરૂ | કેટલુ |
| કવાલો | ઘાસની પૂળી. |
| કસીટી | લંગોટી |
| કાપના | તીરનો ઉપરનો લોખંડનો ભાગ. |
| કાપારી | કંપારી |
| કીડા - કીડી | કીડી, ગળાનુ એક ઘરેણું |
| કીરહાર્યા | બળદ પલોટવા માટેનુ એક ઓજાર. |
| કીથા | ક્યારે. |
| કૂરકીની | વાંસની નાની ટોપલી |
| કોઠા | અનાજ ભરવાની કોઠી |
| કોપ્હા | કપાસ |
| ખાટની | ગાડાની આગળના ભાગમાં બંને પડખે રખાતી કાથીની ભરેલી ખાટલી. |
| ખીની | ખીલી |
| ખીનો | ખીલો |
| ખૂમટા | ખતરા વખતે મૂકાતુ નાનુ માટીનુ દેવળ |
| હોવે | હકાર સૂચક શબ્દ |
| હોક | હક્ક |
| હીરવો | ઝાંખો લીલો રંગ |

આમ આ પ્રકારે ચૌધરી બોલીમાં વિભિન્ન અર્થરચનાની અપેક્ષા રહે છે. ચૌધરી જાતિ પોતાના જ કુટુંબમાં પોતાની જાતિ સબંધિત વાટાઘાટો કરે છે, ત્યારે તે પોતાની આગવી બોલીનો જ ઉપયોગ કરે છે.

કોઠો - ૩:૮

કુટુંબનું કદ દર્શાવતો કોઠો

| સભ્ય સંખ્યા | કુટુંબ | ટકા |
|---|---|---|
| ૧ થી ૩ | ૬ | ૧૧.૨ |
| ૪ થી ૬ | ૨૩ | ૪૨.૬ |
| ૭ થી ૧૦ | ૨૩ | ૪૨.૬ |
| ૧૧ થી વધુ | ૨ | ૩.૬ |
| કુલ... | ૫૪ | ૧૦૦.૦ |

ઉપર મુજબ કુટુંબના કદ તપાસ્યા પછી કુટુંબના પ્રકાર જોઇએ તો સૌથી વધુ એટલે કે ૬૧ ટકા કુટુંબો કેન્દ્રિય હતાં; જ્યારે ૩૯ ટકા કુટુંબો સંયુક્ત હતાં. કેન્દ્રિય કુટુંબો વધુ હોવાનુ એક કારણ એ ગણાવી શકાય કે આ જાતિમાં છોકરાના લગ્ન પછી તે તરત જુદો રહેવા જાય છે. અને કુટુંબનુ વિભાજન થઇ



જાય છે. આમ કુટુંબનો પ્રકાર દર્શાવતો કોઠો - ૩:૯ જોયા પછી કુટુંબના સભ્યોનુ વયજૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા - ૩:૧૦ માં દર્શાવ્યુ છે.

કોઠો - ૩:૯

કુટુંબનો પ્રકાર

| | કેન્દ્રિય | સંયુક્ત | કુલ |
|---|---|---|---|
| સંખ્યા | ૩૩ | ૨૧ | ૫૪ |
| ટકા | ૬૧.૦ | ૩૯.૦ | ૧૦૦.૦ |

કોઠો - ૩:૧૦

કુટુંબના સભ્યોનુ વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ઉંમર | પુરૂષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| ૬ વર્ષથી નીચેના | ૩૦ | ૨૪ | ૫૪ | ૧૫.૫ |
| ૭ થી ૧૫ વર્ષ | ૫૨ | ૬૧ | ૧૧૩ | ૩૨.૪ |
| ૧૬ થી ૨૫ વર્ષ | ૨૫ | ૨૯ | ૫૪ | ૧૫.૫ |
| ૨૬ થી ૩૫ વર્ષ | ૨૫ | ૨૩ | ૪૮ | ૧૩.૭ |
| ૩૬ થી ૫૦ વર્ષ | ૨૭ | ૨૭ | ૫૪ | ૧૫.૫ |
| ૫૦ થી ઉપર | ૧૧ | ૧૫ | ૨૬ | ૭.૪ |
| કુલ... | ૧૭૦ | ૧૭૯ | ૩૪૯ | ૧૦૦.૦ |

ઉપરના કોઠા પરથી જોઇ શકાય છે કે નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યા કુલ ૩૪૯ ની હતી. જેમાંથી ૧૫.૫ ટકા સભ્યો ૬ વર્ષ સુધીના હતા. જ્યારે ૭ થી ૧૫ વર્ષ સુધીની સભ્ય સંખ્યા વધારે હતી. જેની કુલ સભ્ય સંખ્યા ૧૧૩ ની થતી હતી. જ્યારે ૧૬ થી ૨૫ અને ૩૬ થી ૫૦ વર્ષની ઉંમરના સભ્યોનું પ્રમાણ સરખુ હતુ, અને ૨૬ થી ૩૫ વર્ષ અને ૫૦ થી ઉપરની ઉંમરના સભ્યાનુ પ્રમાણ અનુક્રમે ૪૮ અને ૨૬ નુ હતુ. આમ ઉપરના કોઠામાં વયજૂથ પ્રમાણે વર્ગીકરણ જોયા પછી કોઠા-૩:૧૧ માં દર્શાવ્યા પ્રમાણે વૈવાહિક દરજ્જાનુ પ્રમાણ જોઇએ.

કોઠો - ૩:૧૧

વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ

| | અપરિણિત | પરિણિત | વિધુર વિધવા | પત્ની જતી રહી હોય, ઘરજમાઇ જતો રહયો હોય તેવા | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|
| પુરૂષ | ૧૦૧ | ૬૪ | ૪ | ૧ | ૧૭૦ | ૪૮.૭ |
| સ્ત્રી | ૧૦૨ | ૬૭ | ૯ | ૧ | ૧૭૯ | ૫૧.૩ |
| કુલ | ૨૦૩ | ૧૩૧ | ૧૩ | ૨ | ૩૪૯ | - |
| ટકા | ૫૮.૨ | ૩૭.૫ | ૩.૭ | ૦.૬ | - | ૧૦૦.૦ |



નમૂનાના કુટુંબોની વૈવાહિક દરજ્જા પ્રમાણેની સ્થિતિ જોઇએ તો ૪૮.૭ ટકા પુરૂષ સંખ્યા પુરૂષો અને ૫૧.૩ ટકા સ્ત્રીઓ હતી. કુલ સભ્ય સંખ્યામાંથી ૫૮.૨ ટકા અપરિણિત, ૩૭.૫ ટકા પરિણિત અને ૩.૭ ટકા વિધુર-વિધવાનુ પ્રમાણ હતુ. જ્યારે પત્ની જતી રહી હોય/ઘરજમાઇ જતો રહયો હોય તેવી સભ્ય સંખ્યા ૧ પુરૂષ અને ૧ સ્ત્રી એમ બેની હતી. એટલે કે ૦.૬ ટકા થતી હતી. આમ ઉપર મુજબ વૈવાહિક દરજ્જાનુ પ્રમાણ જોયા પછી લગ્ન સમયની ઉંમર અને લગ્ન સમય બાદ કેટલા સમયે પ્રથમ બાળક જન્મ્યુ તેની વિગતો કોઠા-૩:૧૨ માં દર્શાવી છે અને જન્મ-મૃત્યુનુ પ્રમાણ કોઠા-૩:૧૩ માં દર્શાવ્યુ છે.

## કોઠો-૩:૧૨

લગ્ન સમયની ઉંમર અને લગ્ન સમય બાદ કેટલા સમયમાં પ્રથમ બાળક થયું તે વિગત દર્શાવતો કોઠો

| લગ્ન સમયની ઉંમર | ૧ વર્ષની અંદર | | ૧ થી ૨ | | ૨થી૩ | | ૩ થી ૪ | | ૪થી૫ | | ૫વર્ષપછી | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧૫ વર્ષ સુધીમાં | – | – | – | – | – | ૧ | – | ૧ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૪ |
| ૧૬ થી ૧૮ વર્ષ | – | ૧ | ૯ | ૨૦ | ૧૦ | ૧૫ | ૧૦ | ૧૧ | ૧ | ૬ | ૫ | ૩ | ૩૪ | ૫૭ |
| ૧૯ થી ૨૧ | ૨ | ૧ | ૭ | ૩ | ૪ | ૩ | ૫ | ૧ | ૬ | – | – | – | ૨૫ | ૭ |
| ૨૨ થી ૨૪ | – | – | ૧ | ૧ | ૧ | – | ૧ | ૧ | – | – | – | ૧ | ૩ | ૩ |
| ૨૫ થી ૩૦ | – | – | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – | ૨ | – |
| કુલ... | ૨ | ૨ | ૧૮ | ૨૪ | ૧૬ | ૧૯ | ૧૬ | ૧૪ | ૮ | ૭ | ૫ | ૫ | ૬૫ | ૭૧ |



## કોઠો - ૩:૧૩

જન્મ અને મૃત્યુ પ્રમાણ

| વર્ષ | જન્મનું પ્રમાણ | મૃત્યુનું પ્રમાણ |
|---|---|---|
| ૧૯૬૧ | ૭ | ૧ |
| ૧૯૬૨ | ૬ | ૧ |
| ૧૯૬૩ | ૫ | – |
| ૧૯૬૪ | ૯ | ૧ |
| ૧૯૬૫ | ૧૦ | ૨ |
| ૧૯૬૬ | ૭ | ૨ |
| ૧૯૬૭ | ૯ | ૩ |
| ૧૯૬૮ | ૬ | ૨ |
| ૧૯૬૯ | ૬ | ૧ |
| ૧૯૭૦ | ૫ | – |
| કુલ... | ૭૦ | ૧૩ |

૧૯૬૦ ની કુટુંબ સંખ્યાની તુલનામાં ૧૯૭૦ સુધીમાં કેટલા કુટુંબોમાં પરિવર્તન થયું છે.

| | | |
|---|---|---|
| બિલકુલ પરિવર્તન ન થયું હોય તેવા કુટુંબોની સંખ્યા | – | ૨ |
| પરિવર્તન થયું હોય તેવા કુટુંબોની સંખ્યા | – | ૫૨ |
| કુલ... | | ૫૪ |

| ૧૯૬૦ માં સભ્ય સંખ્યા | નવા જન્મેલાની સંખ્યા | મૃત્યુ પામેલાની સંખ્યા | લગ્ન થવાથી: પત્ની તરીકે કે ઘરજમાઇ તરીકે આવેલ વધારો | લગ્ન થવાથી: પત્ની તરીકે કે ઘરજમાઇ તરીકે જવાથી ઘટાડો | ૧૯૬૦ પછી સ્થળાંતર કરી આવેલ | ૧૯૭૦માં કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૨૩૩ | ૧૪૧ | ૩૫ | ૧૦ | - | - | ૩૪૯ |



# પ્રકરણ - ૪

## આર્થિક જીવન

**જમીન :**

ગામમાં જમીન મુખ્યત્વે બે પ્રકારની છે કાળી અને દાદરી, કાળી જમીન ફળદ્રુપ ગણી શકાય, જ્યારે દાદરી જમીન હલકા પ્રકારની ગણાય છે. કાળી જમીનમાં પાણી સંઘરવાની શકિત વિશેષ છે. જ્યારે દાદરી, પથ્થરવાળી જમીનમાં પાણી શોષાતુ નથી. જમીન સપાટ નથી, જમીન ઢોળાવવાળી અને ટેકરાળ છે. આથી જમીનમાં ધોવાણ ખૂબ થાય છે. આને પરિણામે અનેક સ્થળે નાના-મોટા કોતરો પડી ગયેલા જોવા મળે છે. ગામમાં થોડી કપાટીની જમીન છે. આ જમીન વધુ ફળદ્રુપ ગણાવી શકાય.

ગામની વસતિનો મુખ્ય આધાર ખેતી પર છે. ૧૯૬૧ ની વસતિ ગણત્રી પ્રમાણે ગામમાં કુલ વ્યકિતઓના ૫૩.૮ ટકા વ્યકિતઓ કામ કરનારી હતી. જ્યારે સુરત જિલ્લા (ગ્રામ્ય - વિસ્તાર) માં કુલ વ્યકિતઓના ૪૮.૨ ટકા વ્યકિતઓ કામ કરનાર હતી. આમ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની સરખામણીમાં ગામમાં કામ કરનાર વ્યકિતઓનું પ્રમાણ વધારે છે. આજ સમય દરમ્યાન ગામમાં કુલ પુરૂષ વસતિના ૫૭.૭ ટકા વસતિ કામ કરનારી હતી. જ્યારે કુલ સ્ત્રી વસતિના ૫૦ ટકા વસતિ કામ કરનાર હતી. આમ સ્ત્રી વસતિ કરતાં પુરૂષ વસતિમાં કામ કરનારની ટકાવારી વધારે હતી.

તપાસના વર્ષ દરમ્યાન સ્ત્રી વસતિ કરતા પુરૂષ વ્યક્તિઓ કામ કરનારા વધુ હતા. દરેક કુટુંબ ખેતીના ધંધા પર મુખ્યત્વે આધારિત હતુ. ખેતી એ મુખ્ય વ્યવસાય છે. તે માત્ર વ્યવસાય જ નહીં પરંતુ જીવન જીવવાની રીત છે. દરેક કુટુંબની કુલ આવકના ૮૦ ટકા ખેતીમાંથી મેળવે છે. ગામમાં દરેક કુટુંબ પાસે વધતા ઓછા પ્રમાણમાં જમીન હતી. ગામમાં કુલ ૫૫ ખાતેદારો છે. જેમાંથી ૧૦ ખાતેદારો ગામની બહારના છે. આમ કુલ ખાતેદારો-માંથી ૧૮ ટકા ખાતેદારો ગામ બહાર વસતા હતા. જ્યારે આ ગામના કેટલાક કુટુંબો થોડી ઘણી જમીન બહારગામની હદમાં ધરાવતા હતા. ગામમાંથી ઘણા કુટુંબો બેડધા અને સરકુઇ ગામમાં જમીન ધરાવતા હતા.

ગામમાં જે કુટુંબો પાસે જમીન છે, તેઓ જમીનના સ્વતંત્ર માલિક છે. આ જમીન તેમને ગણોતધારા હેઠળ મળી હતી. અને તેમણે ગણોતના નાણાં સરકારને હપ્તેથી ચૂકવી દીધા છે. પહેલા પણ જમીનના માલિકો પોતે જ હતા, પરંતુ તેમના બાપ-દાદાઓએ માંડવીના ઘાંચી તેમજ વાણિયાઓ પાસેથી પૈસા લેતા હોવાથી, દેવું ભરપાઇ નહિ કરી શકવાથી તેમની જમીન ઘાંચી અને વાણિયા-ઓના હાથમાં જતી રહી હતી. અને તેઓ માત્ર જમીન વિહોણા ખેડૂત રહયા હતા અને પોતાની જમીન પર તેઓ માત્ર ગણોતીયા તરીકે કામ કરતા હતા. તેમના બાપ-દાદાઓનુ દેવુ વધવાનુ કારણ તેઓ દારૂ પીવા માટે વારંવાર ઘાંચી અને વાણિયા પાસેથી નાણાં ઉછીના લેતા હતા. તે સમયે પારસીઓ અઠવાડિ-યામાં બે ત્રણ વખત ગામમાં માંડવો રાખતા અને તાડી તેમજ દારૂ વેચતા હતા. તે સમયે બે આનાનો લીટર દારૂ કે તાડી મળતી હતી. આમ તેમની પાસે દારૂ પીવા માટે નાણાંની તંગી રહેતી



તેથી તેઓ ઘાંચી કે વાણિયાનો આશરો લેતા. છેવટે તેમની બધી જમીન તેઓની પાસે જતી રહી હતી. પરંતુ ૧૯૬૫ પછી ગણોત ધારા હેઠળ ખેડ હકકમાં આ જમીન તેમને પાછી મળી છે. ગામમાં એક-બે કુટુંબ સાથ પર જમીન ખેડે છે. જ્યારે બે-એક કુટુંબ ઘાંચીની જમીન ભાગમાં ખેડે છે.

તાલુકામાં જમીન ધારણના કદ પ્રમાણે કુલ કબજેદારો અને કુલ કબજેદારોએ ધારણ કરેલ જમીનનો વિસ્તાર નીચેના કોઠામાં દર્શાવેલ છે.

કોઠો - ૪:૧

માંડવી તાલુકામાં જમીનધારણની કદ પ્રમાણે કુલ કબજેદારો - અને ધારણ કરેલ જમીનની માહિતી :

માંડવી તાલુકો

| જમીન ધારણનું કદ | કુલ કબજેદારો | ધારણ કરેલ વિસ્તાર |
|---|---|---|
| ૫ એકર સુધી | ૮૯૫૧ (૬૪.૪) | ૨૨૯૯૮ (૨૫.૯) |
| ૫ થી ૧૦ એકર | ૨૨૨૪ (૧૬.૦) | ૧૭૦૦૧ (૧૯.૨) |
| ૧૦ થી ૧૫ એકર | ૧૩૮૭ (૯.૯) | ૧૭૫૪૦ (૧૯.૭) |
| ૧૫ થી ૨૫ એકર | ૧૦૮૯ (૭.૮) | ૨૧૬૨૮ (૨૪.૪) |
| ૨૫ એકરથી વધુ | ૨૩૯ (૧.૯) | ૯૫૮૬ (૧૦.૮) |
| કુલ... | ૧૩૮૯૦ (૧૦૦.૦) | ૮૮૭૬૩ (૧૦૦.૦) |

નોંધ :- કૌસની અંદરના આંકડા ટકાવારી દર્શાવે છે. જ્યારે કૌસની બહારના આંકડા કબજેદારની સંખ્યા દર્શાવે છે.

ઉપરના કોઠા પરથી જણાય છે કે તાલુકામાં ૫ એકર સુધીની જમીન ધરાવનાર ૬૪.૪ ટકા કબજેદારો પાસે તેઓએ ધારણ કરેલ વિસ્તાર કુલ વિસ્તારના ૨૫.૯ ટકા હતો. બાકીની ૭૪.૧ ટકા જેટલી મોટાભાગની જમીન ધરાવતો વર્ગ માત્ર ૩૫.૬ ટકા હતો. ૨૫ એકરથી વધુ જમીન ધરાવતા માત્ર ૨૩૯ કબજેદારો હતા. આમ કુલ કબજેદારોના ૧.૯ ટકા કબજેદારો પાસે મુલ વિસ્તારના દસમા ભાગની જમીનનો વિસ્તાર હતો. તાલુકામાં કબજેદારદીઠ ૬.૩ એકર જેટલી જમીન હતી.

કોઠો - ૪:૨

ગામના કબજેદારોનુ જમીન ધારણના કદ પ્રમાણે વર્ગીકરણ :

ગામના કબજેદારોનુ જમીન ધારણના કદ પ્રમાણે વર્ગીકરણ નીચેના કોઠામાં આપેલ છે.

| ક્રમ | જમીન ધારણનુ કદ | કબજેદારો | | ધારણ કરેલ વિસ્તાર | | સરેરાશ |
|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | એ.ગુઠા | ટકા | |
| ૧ | ૫ એકર સુધી | ૨૭ | ૪૯.૧ | ૭૮.૦૦ | ૨૮.૫ | ૨.૯ |
| ૨ | ૫ થી ૧૦ એકર | ૧૩ | ૨૩.૬ | ૮૨.૨૩ | ૩૦.૧ | ૬.૩ |
| ૩. | ૧૦ થી ૧૫ એકર | ૩ | ૫.૪ | ૪૧.૧૬ | ૧૫.૧ | ૧૩.૭ |
| ૪ | ૧૫ થી ૨૫ એકર | ૨ | ૩.૭ | ૩૬.૨૭ | ૧૩.૩ | ૧૮.૧૩ |
| ૫ | ગામ બહારના કબજેદારો | ૧૦ | ૮.૨ | ૩૫.૦૮ | ૧૩.૦ | ૫.૩ |
| ૬ | કુલ કબજેદાર | ૫૫ | ૧૦૦.૦ | ૨૭૩.૩૪ | ૧૦૦.૦ | |

ઉપરના કોઠા પરથી જણાય છે કે ગામમાં કુલ કુટુંબોમાંથી ૪૯.૧ ટકા કુટુંબો ૫ એકર સુધી જ જમીન ધરાવતા હતા. બાકીના ૫૦.૯ ટકા કુટુંબો પાંચ એકર થી ૨૫ એકર સુધીની જમીન ધરાવતા



હતા. ૨૫ એકર થી વધુ જમીન એકેય કબજેદાર પાસે ન હતી. ગામમાં ૧૦ થી ૨૫ એકર જમીન ધરાવતા ખાતેદારોની સંખ્યા માત્ર ૫ હતી. જે કુલ જમીનના ૨૮.૫ ટકા જમીન ધરાવતા હતા. જ્યારે ૫ એકર સુધી જમીન ધરાવતા ખાતેદારો કુલ ખાતેદારો કરતાં લગભગ અડધી સંખ્યામાં હતા. જે કુલ વિસ્તારના ચોથા ભાગ કરતાં સહેજ વધારે જમીન ધરાવતા હતા. ગામ બહારના ખાતેદારો ૮ ટકા હતા. જે કુલ વિસ્તારના ૧૩ ટકા જમીન ધરાવતા હતા. જમીનધારણના બધા કદને ધ્યાનમાં લઇએ તો જમીન ધરાવતા કુલ કુટુંબોની (૪૫) કુટુંબદીઠ સરેરાશ ૫.૩ ટકા એકર જમીન હતી. ગામના કુલ કબજેદારો પાસે (ગામ બહારના સહિત ગણતરીમાં લઇએ તો) કબજેદારદીઠ ૪.૯૬ ટકા એકર જમીન આવતી હતી. જે માત્ર ગામના ખાતેદારોદીઠ આવતી જમીન કરતાં ઓછી હતી.

નમૂનાના કુટુંબોની જમીનધારણના કદ અને વિસ્તાર પ્રમાણે વર્ગીકરણ કોઠા - ૪:૩ માં દર્શાવ્યુ છે.

## કોઠો - ૪:૩

જમીનધારણના કદ અને વિસ્તાર પ્રમાણે કુટુંબોની વહેંચણી :

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જમીન એકરમાં | કુટુંબદીઠ જમીન | કુલ કુટુંબના ટકા | કુલ જમીનના ટકા |
|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૭ | ૧૦.૯૦ | ૧.૫૬ | ૧૨.૯૬ | ૪.૦૪ |
| ૨.૫ થી ૫.૦ | ૨૧ | ૭૯.૨૫ | ૩.૭૭ | ૩૮.૮૯ | ૨૯.૩૭ |
| ૫.૦ થી ૭.૫ | ૧૪ | ૮૫.૩૮ | ૬.૧૦ | ૨૫.૯૩ | ૩૧.૬૪ |
| ૭.૫ થી ૧૦.૦ | ૭ | ૫૮.૬૭ | ૮.૩૮ | ૧૨.૯૬ | ૨૧.૭૪ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૩ | ૩૫.૬૫ | ૧૧.૮૮ | ૫.૫૬ | ૧૩.૨૧ |
| જમીન વગરના | ૨ | - | - | ૩.૭૦ | - |
| કુલ... | ૫૪ | ૨[illegible].૭૫ | ૫.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

કોઠા પરથી જોઇ શકાય છે કે નમૂનાના કુટુંબો પાસે કુલ જમીન ૨૬૯.૮૫ એકર હતી. જેમની કુટુંબદીઠ જમીન સરેરાશ ૫.૦૦ ટકા સુધીની હતી. જેમાં સૌથી વધુ જમીન ૧૪ કુટુંબો પાસે હતી. તપાસેલ ૫૪ કુટુંબોમાંથી બે કુટુંબો પાસે જમીન ન હતી.



ઉપરના વિશ્લેષણ પરથી જણાય છે કે જમીનની વહેંચણી અસમાન છે. આ કારણે ખેતી કરતા ખેડૂતોમાં સ્પષ્ટ રીતે બે ભાગ પડી ગયા હતાં. પહેલા વિભાગમાં ટૂંકી જમીન ધરાવતા આદિવાસી કુટુંબનો વર્ગ, જ્યારે બીજી બાજુ વધુ જમીન ધરાવતા આદિવાસી કુટુંબનો વર્ગ. ઉપર પ્રમાણે જોયું કે ગામમાં કુટુંબદીઠ સરેરાશ ૫.૩ એકર જમીન આવતી હતી. પરંતુ વાસ્તવમાં તો આના કરતાં ઓછી જમીન આવે છે. કારણ કે ગામમાં આદિવાસી કુટુંબો સંયુકત રીતે રહેતાં હોય છે. એક કુટુંબમાં બે-ત્રણ પુત્રો હોય છે અને તેમના હિસ્સે જમીન વહેંચાયેલી હોય છે. માત્ર તેમના નામે ખાતા પર ચઢાવેલી હોતી નથી. જમીન બાપના નામે ચાલતી હોય છે. જ્યારે તે જમીન બે થી ત્રણ પુત્રો ખેડતા હોય છે. આમ વાસ્તવમાં ગામમાં ૫ એકર કરતાં પણ ઘણી જ ઓછી જમીન કુટુંબદીઠ આવે છે. આમ સરેરાશ જે જમીન આવે છે તે આર્થિક ક્ષેત્ર કહી શકાય નહીં. તેમને આટલી ટૂંકી જમીન પર નિભાવ કરવાનો રહે છે. એમાંય જમીન ફળદ્રુપ નહીં હોવાને લીધે માંડમાંડ પેટ પુરતું રહી લેતા હોય છે. આથી તેમને માત્ર ખેતી જ નહીં, પરંતુ મજૂરી પર પણ આધાર રાખવો પડે છે. કુટુંબના ભરણ-પોષણ માટે તેમને બારે માસ મજૂરી કરવી પડે છે. તેમની પાસે જમીન ટૂંકી હોવાને લીધે આવક ઓછી રહે છે. જ્યારે બીજી બાજુ વસતિ વધારાને લીધે જમીન પરનું દબાણ વધતું રહે છે અને કુટુંબનાં વધુને વધુ માણસો ખેતી પર કામ કરે છે. આમ અન્ય ધંધા રોજગાર નહિ મળવાથી તેઓ માત્ર ખેતી પર નભે છે. ખેતીની આવક ઓછી હોવાથી જીવન-નિર્વાહ માટે દેવું કરવું પડે છે. અને તેઓ શાહુકારના પંજામાં ફસાય છે.

## જમીન વપરાશ :

ગામનો ભૌગોલિક વિસ્તાર ૧૯૬૮-૬૯ ના વર્ષ મુજબ ૬૪૮.૧૩ એકર હતો. તે પૈકી ૫૨.૯ ટકા જંગલ વિસ્તાર, ૪૧.૯ ટકા જમીન પાક હેઠળ, ૦.૮ ટકા જમીન પડતર, ૧.૪ ટકા જમીન ખેડવા લાયક ન હોય તેવી જમીન હતી, અને ૩.૦ ટકા જમીન ખેતી સિવાયના કામમાં લેવાયેલ હતી. ગામમાં ખેડવા લાયક પડતર જમીનનું પ્રમાણ નહિવત્ હોવાને કારણે નવી જમીન ખેડાણ હેઠળ લાવવાનો અવકાશ નથી. જ્યારે બીજી બાજુ સિંચાઇ હેઠળનો વિસ્તાર ફકત ૭.૪ ટકા જેટલો જ હોવાથી એક કરતાં વધુ વાર પાક લેવાની શકયતા પણ ઘણી ઓછી છે.

ગામમાં મુખ્ય પાકો જુવાર, ડાંગર, કપાસ, તુવેર, અડદ અને વાલ છે. દિવેલા તથા મગફળીનું વાવેતર પણ કરવામાં આવે છે. પરંતુ તેનું પ્રમાણ ઘણું ઓછું છે. ૧૯૬૮-૬૯ ના વર્ષ દરમ્યાન કુલ પાક હેઠળનો વિસ્તાર ૨૯૨.૩૩ એકરનો હતો. તે પૈકી ૫૪.૩ ટકા વિસ્તાર ખાદ્યપાક હેઠળ અને ૪૫.૭ ટકા વિસ્તાર બિનખાદ્ય પાક હેઠળ નોંધાયેલ હતો. પિયત હેઠળનો કુલ વિસ્તાર પાક હેઠળના કુલ વિસ્તારના ૬.૯ ટકા જેટલો હતો.

માંડવી તાલુકામાં ૧૯૬૮-૬૯ ના વર્ષ દરમ્યાન કુલ પાક હેઠળનો વિસ્તાર ૧૧૭૦૭૫ એકર હતો. તે પૈકી ૫૬.૨ ટકા વિસ્તાર ખાદ્યપાક હેઠળ અને ૪૩.૮ ટકા વિસ્તાર બિનખાદ્ય પાક હેઠળ નોંધાયેલ હતો. તાલુકાના મુખ્ય પાકો જુવાર, ડાંગર, કપાસ, અડદ, તુવેર વગેરે હતાં. કુલ પાક હેઠળ વિસ્તારના ૧૫.૮ ટકા ઘાસિયા વિસ્તાર હતો. જુવાર નીચે ૨૯.૭ ટકા, ડાંગર નીચે ૧૨.૯ ટકા વિસ્તાર, કઠોળ નીચે ૯.૧ વિસ્તાર



અને કપાસ હેઠળ કુલ વિસ્તારના ૨૦.૭ ટકા વિસ્તાર નોંધાયેલો હતો. આમ તાલુકામાં ખાદ્યપાકોમાં જુવાર વધુ પ્રમાણમાં વાવે છે. જ્યારે બિન ખાદ્યપાકોમાં કપાસ વધુ પ્રમાણમાં થાય છે.

૧૯૬૮-૬૯ ના વર્ષ દરમ્યાન ભાતખાઇ ગામની તુલવારી નીચે મુજબ હતી.

કોઠો - ૪:૪

ભાતખાઇ ગામની તુલવારી - ૧૯૬૯

| અ.નં. | પાકનું નામ | વિસ્તાર | ૧૯૬૮-૬૯ ટકા |
|---|---|---|---|
| ૧. | ડાંગર | ૪૭.૧૫ | ૧૬.૧ |
| | જુવાર | ૭૧.૨૨ | ૨૪.૪ |
| | કોદરા | ૩.૦૦ | ૧.૦ |
| | | ૧૨૧.૩૭ | ૪૧.૫ |
| ૨. | તુવેર | ૩૧.૧૦ | ૧૦.૬ |
| | અડદ | ૪.૩૮ | ૧.૫ |
| | વાલ | ૦.૨૦ | ૦.૭ |
| | | ૩૬.૨૮ | ૧૨.૮ |
| ૩. | કપાસ | ૧૦૦.૨૧ | ૩૪.૩ |
| ૪. | ઘાસ | ૩૩.૦૭ | ૧૧.૪ |
| | કુલ વાવેતર નીચેનો વિસ્તાર | ૨૯૨-૧૩ | ૧૦૦.૦૦ |
| | દુબારી - | ૨૦-૨૦ | |
| | કુલ ચોખ્ખો વાવેતર નીચેનો વિસ્તાર | ૨૭૧.૩૩ | |
| | પડતર | ૫.૨૭ | |
| | | ૨૭૭.૨૦ | |
| | જંગલ | ૩૪૩-૦૬ | |
| | ન ખેડાય તેવી | ૯.૨૬ | |
| | સાર્વજનિક કામો માટે | ૧૮.૦૧ | |
| | કુલ વિસ્તાર | ૬૪૮.૧૩ | |

ઉપરના કોઠા પરથી જણાય છે કે કુલ પાક હેઠળના વિસ્તારના ૫૪.૩ ટકા વિસ્તાર ખાદ્યપાક હેઠળ અને ૪૫.૭ ટકા વિસ્તાર બિનખાદ્યપાક હેઠળ હતો. કુલ પાક હેઠળ વિસ્તારના ૩૪.૩ ટકા વિસ્તાર કપાસ હેઠળ, જુવાર હેઠળ ૨૪.૪ ટકા, ડાંગર હેઠળ ૧૬.૧ ટકા, કઠોળ હેઠળ ૧૨.૮ ટકા વિસ્તાર નોંધાયેલો હતો. આમ આંકડાકીય માહિતી બતાવે છે કે કુલ વિસ્તારના ત્રીજા ભાગની જમીન કપાસ હેઠળ હતી. રોકડિયા પાક હેઠળનો વિસ્તાર વિશેષ હતો. ખાદ્યપાકોમાં જુવાર મોખરેનું સ્થાન ધરાવે છે. ત્યાર પછી ડાંગર અને કઠોળ આવે છે. કુલ વિસ્તારના ૧૦ માં ભાગની જમીન ઘાસિયા વિસ્તાર નીચે હતી.

ગામમાં ઉપરમુજબનો પાક પધ્ધતિમાં ફેરફાર છેલ્લા ૧૫-૨૦ વર્ષથી જોવા મળે છે. પહેલાં ગામમાં મુખ્ય પાકો કોદરા, બટી અને કપાસ હતા. કપાસનું વાવેતર પણ ઓછા પ્રમાણમાં હતું. છેલ્લા દશેક વર્ષથી કોદરા અને બટીને બદલે જુવારનું વાવેતર કરવામાં આવે છે. જમીન કઠણ અને વરસાદની ખેંચને લીધે કોદરા અને બટીનું ઉત્પાદન ઓછું થતું હતું. ગામમાં શરૂઆતમાં ચાર-પાંચ કુટુંબોએ જુવારનું વાવેતર શરૂ કર્યું હતું. અને એક-બીજાને જોઇને ગામમાં દરેક કુટુંબ જુવારનું વાવેતર કરતાં થઇ ગયાં. કપાસનું વાવેતર પણ પહેલાં નજીવું હતું. ધીમે ધીમે દેખા-દેખીની અસરથી કપાસનું વાવેતર વધવા લાગ્યું. ડાંગરનું પણ વાવેતર પહેલાં ખાસ ન હતું. ધીમે ધીમે ગામ લોકોએ પોતાની જાત-મહેનતે જમીનને કયારીમાં ફેરવીને ડાંગરનું વાવેતર કરવા લાગ્યા.



૧૯૬૯ ની તપાસ વખતે નમૂનાના કુટુંબોની લીધેલી માહિતીને આધારે કોઠા - ૪:૪ માં જમીનના કદ અને પાકવાર ઉત્પાદનની માહિતી આપવામાં આવી છે. જ્યારે કોઠા - ૪:૫ માં જમીનના કદ પ્રમાણે પેદાશ (કિલોમાં) દર્શાવી છે અને કોઠા - ૪:૬ માં એકરદીઠ ઉત્પાદન અને ખર્ચની માહિતી દર્શાવી છે.

કોઠો - ૪:૪

જમીનના કદ પ્રમાણે પાકવાર ઉત્પાદન (કિલોમાં)

| જમીનનું કદ | કુલ જમીન | પડતર | કુલ ખેડાણ જમીન | ડબલ પાક લીધેલ જમીન | ડાંગર | | ઊળદ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | એકર | ઉત્પાદન | એકર | ઉત્પાદન |
| ૦ થી ૨.૫ | ૧૦.૯૦ | - | ૧૦.૯૦ | - | ૧.૮૫ | ૪૦૦ | - | - |
| ૨.૫ થી ૫.૦ | ૭૯.૨૫ | - | ૭૯.૨૫ | - | ૧૩.૧૭ | ૨૨૨૦ | ૦.૭૦ | ૧૦૦ |
| ૫.૦ થી ૭.૫ | ૮૫.૩૮ | ૦.૭૫ | ૮૪.૬૩ | - | ૧૮.૪૩ | ૨૪૦૦ | ૧.૪૦ | ૨૨૦ |
| ૭.૫ થી ૧૦.૦ | ૫૮.૬૭ | ૦.૩૭ | ૬૧.૦૫ | ૨.૭૫ | ૧૬.૪૭ | ૨૬૨૦ | ૦.૭૮ | ૨૨૦ |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૩૫.૬૫ | ૧.૪૩ | ૩૭.૨૨ | ૩.૦૦ | ૮.૪૮ | ૩૦૪૦ | ૦.૯૦ | ૫૦ |
| કુલ... | ૨૬૯-૮૫ | ૨.૫૫ | ૨૭૩.૦૫ | ૫.૭૫ | ૫૯.૮૦ | ૧૦૬૮૦ | ૩.૯૮ | ૫૯૦ |

ચાલુ....



કોઠો - ૪:૪ ચાલુ....

| તુવેર | | જુવાર | | કપાસ | | કઠોળ | | અન્ય | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| એકર | ઉત્પાદન | એકર | ઉત્પાદન | એકર | ઉત્પાદન | એકર | ઉત્પાદન | એકર | ઉત્પાદન |
| ૦.૯૩ | ૧૯૦ | ૪.૮૨ | ૧૬૨૦ | ૩.૨૫ | ૪૮૦ | ૦.૦૫ | ૪૦ | - | - |
| ૫.૧૦ | ૭૩૫ | ૩૯.૪૩ | ૬૫૨૦ | ૧૫.૭૫ | ૧૫૬૦ | ૪.૯૦ | ૬૧૫ | - | - |
| ૫.૦૮ | ૭૫૫ | ૩૦.૭૨ | ૫૨૮૦ | ૨૭.૦૮ | ૨૦૮૦ | ૧.૬૭ | ૫૧૦ | ૦.૨૫ | ૪૦ |
| ૧.૫૨ | ૩૨૦ | ૨૨.૨૫ | ૩૦.૪૦ | ૧૫.૭૫ | ૨૦૫૦ | ૩.૮૮ | ૬૬૫ | - | - |
| ૧.૦૨ | ૩૪૦ | ૧૩.૨૦ | ૨૨૦૦ | ૯.૨૫ | ૧૮૬૦ | ૩.૩૭ | ૪૦૦ | - | - |
| ૧૩.૬૫ | ૨૩૪૦ | ૧૧૦.૪૨ | ૧૮૯૬૦ | ૭૧.૦૮ | ૭૮૫૦ | ૧૩.૮૭ | ૨૨૩૦ | ૦.૨૫ | ૪૦ |

## કોઠો - ૪:૫

### જમીનના કદ પ્રમાણે એકરદીઠ પેદાશ દર્શાવતો કોઠો (કિલોમાં)

| જમીનનુ કદ | ડાંગર | ઊળદ | તુવેર | જુવાર | કપાસ | કઠોળ | અન્ય |
|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૨૧૬.૨૨ | - | ૨૦૪.૩૦ | ૩૯૮.૩૪ | ૧૪૭.૬૯ | ૮૦૦.૦ | - |
| ૨.૫ થી ૫.૦ | ૧૬૮.૫૬ | ૧૧૧.૧૧ | ૧૪૪.૧૨ | ૧૬૫.૩૬ | ૯૯.૦૫ | ૧૨૫.૫૧ | - |
| ૫.૦ થી ૭.૫ | ૧૩૦.૨૨ | ૧૫૭.૧૪ | ૧૪૮.૬૨ | ૧૭૧.૮૮ | ૭૮.૮૧ | ૩૦૫.૩૯ | ૧૬૦.૦૦ |
| ૭.૫ થી ૧૦.૦ | ૧૫૫.૩૧ | ૨૮૨.૦૫ | ૨૧૦.૫૩ | ૧૩૬.૬૩ | ૧૩૦.૧૬ | ૧૭૧.૩૯ | - |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૩૨૦.૬૮ | ૫૫.૫૬ | ૩૩૩.૩૩ | ૧૬૬.૬૭ | ૧૮૧.૬૨ | ૧૧૮.૬૯ | - |
| કુલ... | ૧૭૮.૫૯ | ૧૪૮.૨૪ | ૧૭૧.૪૩ | ૧૭૧.૭૧ | ૧૧૦.૪૪ | ૧૬૦.૭૮ | ૧૬૦.૦૦ |



## કોઠો - ૪:૬

### એકરદીઠ ઉત્પાદન અને ખર્ચનુ પ્રમાણ

| ખેડાણ | ખેતીની કુલ આવક | ખેતીખર્ચ | ખેતીની ચોખ્ખી આવક | મેન્યુઅર - સ્કેલ ઘરનુ | મેન્યુઅર - સ્કેલ ખરીદેલ | ઘરનુ | ખરીદેલ | જમીન મહેસુલ | અન્ય ખર્ચ | કુલ ખર્ચ ઘરનુ | કુલ ખર્ચ ખરીદેલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૭૩.૦૫ | ૪૯૯૨૮ | ૭૮૪૯ | ૪૨૦૭૯ | ૩૩૬૦ | ૨૫ | ૧૮૪૬ | ૫૩૮ | ૬૭૦ | ૧૪૧૦ | ૫૨૦૬ | ૨૬૪૩ | ૭૮૪૯ |
| | ૧૮૨.૮૫ | ૨૮.૭૫ | ૧૫૪.૧૦ | ૧૨.૩૧ | ૦.૦૯ | ૬.૭૬ | ૧.૯૭ | ૨.૪૫ | ૫.૧૭ | ૧૯.૦૭ | ૯.૬૮ | ૨૮.૭૫ |

## ખેતી પધ્ધતિ :

ગામમા મુખ્ય પાકો જુવાર, ડાંગર, કપાસ અને તુવેર છે. તેમની ખેતીની પધ્ધતિમા અનેક ઘણા સુધારાઓ જોવા મળે છે. જૂનવાણી પધ્ધતિથી ખેતી કરતા નથી. બિનઆદિવાસી વિસ્તારોમા નવી ખેતીની પધ્ધતિઓ તેમણે અપનાવી છે. તેઓ જુવારનુ વાવેતર અલગ કરે છે. જ્યારે ડાંગર અને કપાસનુ વાવેતર ભેગુ કરે છે. એક ચાસ ડાંગર અને ચાસમા કપાસનુ વાવેતર કરે છે. બે ચાસ વચ્ચે અડધા-પોણા ફૂટનુ અંતર રાખે છે. જુવારની સાથે તુવેર, અડદનુ વાવેતર ભેગુ કરે છે. ફક્ત ક્યારીની જમીનમા ડાંગરનુ વાવેતર અલગ કરે છે. જમીન કઠણ હોવાને લીધે મગફળીનુ વાવેતર નજીવુ કરવામા આવે છે. ગામમા કેટલાક કુટુંબો દિવેલાનુ પણ વાવેતર કરે છે. શિયાળુ પાક બિલકુલ થતો નથી. રવિ પાકમા કેટલાક કુટુંબો વાલ કરે છે. પાણીની અછતને લીધે શિયાળુ પાક શક્ય નથી. કેટલાક કુટુંબો ખાવા પૂરતા પોતાની ઝુંપડીની બાજુમા ભીંડી અને મરચાંનુ વાવેતર કરે છે.

ચોમાસુ વાવેતરની શરૂઆતમા એપ્રિલ તથા મે મહિનામા તેઓ આદરની તૈયારી કરે છે. પાળા બાંધવા તેમજ ક્યારી સરખી કરવાનુ કાર્ય કરે છે. તેઓ પહેલા ખેતરને બે-ત્રણવાર ખેડી નાખે છે. આદરની તૈયારી જેમની પાસે ક્યારીની જમીન છે તેઓ કરે છે. ખેતરનો એક નાનો ટૂકડો આદર માટે ફાજલ પાડે છે. જમીન ઉપર છાણીયુ ખાતર પાથરી દેવામા આવે છે. અને તેની ઉપર ઝાડના પાંદડા ગોઠવી સળગાવી મૂકે છે. અને એક વરસાદ પછી આદરવાળી જગ્યામા ડાંગરનુ ધરૂ કરે છે. જ્યારે ધરૂ તૈયાર થાય ત્યારે ક્યારીની જમીનમા તેની રોપણી કરે છે. રોપણીનુ કામ



જુલાઇ માસમા કરે છે. તેવી જ રીતે જુવાર-કપાસનુ વાવેતર પણ એક સારો વરસાદ થયા પછી કરી દે છે. ડાંગરનુ ધરૂ લગોલગ જાડુ રોપવામા આવે છે. ક્યારી સિવાયની જમીનમા ડાંગર અને કપાસ જુદા જુદા ચાસમા ઓળવામા આવે છે. તુવેર, અડદ અને ચોળા જુવાર ભેગા નાખવામા આવે છે. વાવેતર પછી થોડા સમય બાદ નિંદામણની ક્રિયા કરે છે. આમ અન્ય આદિવાસી જાતિઓની જેમ માત્ર વાવેતર કર્યા પછી બેસી રહેતા નથી. પરંતુ તેની પાછળ જે કંઇ સંભાળ લેવી જોઇએ તે લે છે.

ચૌધરી જાતિની ખેતીમા ઘણા સુધારા થયા છે. તેઓ ખેતીની આધુનિક પધ્ધતિઓ તથા સાધનો વાપરતા થયા છે. તેમની પાસે મુખ્યત્વે ખેતીના સાધનોમા લાકડાનુ હળ, ઓરણી, સમાર, દંતાર, કરબ વગેરે હોય છે. તેમનુ હળ બિનઆદિવાસી ખેડૂતની પાસે હોય તેવુ હોય છે. તદઉપરાંત ઘણા કુટુંબની પાસે "એલન હો" છે. તેમને "એલન હો" પાછળ રૂા. ૨૦-૦૦ સબસીડી આપવામા આવે છે. તેમના બળદો ઘણા નીચા હોય છે. તેમજ તેમની જાત પણ હલકા પ્રકારની હોય છે. જેથી ખેતીના કામમા ઘણી મુશ્કેલી રહે છે. તપાસના સમયે ૧૯૬૯ માં કુલ ૮૩ બળદો હતા. ઘણા કુટુંબો પાસે ખેતીના સાધનો પૂરતા નહતા. ગામમા બળદગાડા ખૂબજ ઓછા જોવા મળે છે. ઓઇલ એંજન એક પણ ન હતુ.

## બિયારણ :

ગામમા મોટાભાગના લોકો બિયારણ વેચાતુ લાવે છે. આર્થિક રીતે પછાત હોવાને લીધે તેઓ પૂરતુ બિયારણ પણ સંઘરી શકતા નથી. બિયારણ પૂરતા નાણાંની સગવડ પણ હોતી નથી.

જેથી તેમને દેવું કરવાની ફરજ પડે છે. બિયારણ ઘાંચીના ત્યાંથી વેચાતું લાવવું પડે છે. જેટલા જથ્થામાં ઘાંચી બિયારણ આપે છે, તેનાથી ડબલ જથ્થામાં પરત કરવું પડે છે. તેઓ કપાસ, જુવાર, ભાત વગેરેનું બિયારણ ઘાંચીને ત્યાંથી લાવે છે. જે તે વસ્તુના બિયારણના બદલામાં જે તે વસ્તુના સ્વરૂપમાં જ પાછી આપવાની રહે છે. રોકડ નાણાં ચૂકવવામાં આવતાં નથી. કપાસનું બિયારણ જેની પાસેથી લીધું હોય છે તેને જ કપાસનો પાક વેચવો પડે છે. ગામમાં સુખી કુટુંબો બિયારણ પુરતું સંઘરી રાખે છે. જેથી તેઓ આ પરિસ્થિતિમાંથી મુકત રહે છે. તેઓ જુવારમાં સુધરેલ બિયારણનો ઉપયોગ કરે છે. તુવેર, ડાંગર વગેરે દેશી બિયારણ વાપરે છે. કયારીની જમીન હોવા છતાં સારી જાતના ભાતનું ઉત્પાદન કરતા નથી. ડાંગરનું સુધારેલ બિયારણ કોલમ વાપરતા નથી. કારણ કે વરસાદની ખેંચને લીધે કોલમ જાત સૂકાઇ જાય છે. તેમજ કોલમ ભાતના સારા ઉત્પાદન માટે રાસાયણિક ખાતરની જરૂર રહે છે. જે તેમને આર્થિક રીતે પરવડતું નથી. તેથી તેઓ કોલમ ભાત કરતા નથી.

ખાતર :
----

ખાતરના વપરાશમાં મુખ્યત્વે છાણિયા ખાતરનો ઉપયોગ કરે છે. કેટલાક સુખી કુટુંબો સલ્ફેટ તથા યુરિયાનો ઉપયોગ કરે છે. છાણિયા ખાતરને તેઓ વ્યવસ્થિત રીતે કોહવડાવતા નથી. ઘરના આંગણે ઢોરના છાણને એકઠું કરી ખેતરમાં નાખી દે છે. જેમની પાસે કયારીની જમીન છે તેઓ રાસાયણિક ખાતર વાપરે છે. ગામમાં સામાન્ય રીતે એક ગાડા ખાતરનો ભાવ રૂા.૧૦/- થી ૧૫/- છે. ઘણા સુખી કુટુંબો છાણીયું ખાતર વેચાતું લાવે છે.



સિંચાઇ :
-----

ગામમાં સિંચાઇની સગવડ નહિવત છે. ચોમાસુ ખેતી સિવાય ગામમાં બીજી કોઇ ખેતી નથી. ગામની ૨૦ એકર જમીનને કલમ - કૂવા, ચેકડેમની નહેરનો લાભ મળે છે. શિયાળુ પાકમાં વાલ કરવામાં આવે છે. ગામમાં કુલ ૨૩ કૂવાઓ છે. જેમાંથી ૩ પાકા કૂવા છે. પરંતુ એકપણ કૂવાનો સિંચાઇના કામમાં ઉપયોગ થતો નથી. આ કૂવાઓનો વપરાશ માત્ર પાણી પીવા પૂરતો જ રહે છે. કાકરાપાર નહેરનો ગામને લાભ મળતો નથી. ઉકાઇ નહેર યોજના ગામને લાભ મળશે તેવી શકયતા છે. ગામના કૂવામાં ૨૦ થી ૨૫ ફૂટના અંતરે પાણી મળી રહે છે. જો ગામમાં બ્લોક દ્વારા લોન આપીને કૂવાઓ બાંધવામાં આવે તો પાણીની ખેંચ દૂર કરી શકાય. વિશેષ ગામમાં શિયાળુ ખેતી શકય બનાવી શકાય અને ચોમાસુ પાકને પણ બચાવી શકાય.

પશુધન :
----

ખેતીમાં મોટેભાગે બળદનો ઉપયોગ કરે છે. યંત્રનો ઉપયોગ દ્વારા ખેતી કરાવતા નથી. નમૂનાના કુટુંબો પાસેના પશુધનની માહિતી કોઠા ૪:૭ માં આપવામાં આવી છે.

## કોઠો - ૪:૭

### કુટુંબદીઠ પશુધનની સંખ્યા

| | બળદ | ગાય-ભેંસ | વાછરડા | બકરા-ઘેટા | મરઘાં | કુલ કિંમત |
|---|---|---|---|---|---|---|
| કુલ સંખ્યા | ૭૮ | ૩૫ | ૬૧ | ૧૨ | ૧૫૮ | ૬૨૭૭૬ |
| કુટુંબ દીઠ | ૧.૪૪ | ૧.૨૦ | ૧.૧૩ | ૦.૨૨ | ૨.૯૩ | ૧૧૬૨.૫૨ |

ઉપરના કોઠા પરથી જોઇ શકાય છે કે કુટુંબદીઠ પશુધન ૧૧૬૨.૫૨ રૂા. નુ હતુ. જેમાં ગાય-ભેંસ, બળદ, વાછરડા અને બકરા-ઘેટાનો સમાવેશ થાય છે.

### ચૌધરી જાતિનુ દૈનિક ચક્ર :

દક્ષિણ ગુજરાતમાં વસતિ ચૌધરી આદિવાસી જાતિ શિક્ષણને કારણે આગળ આવવાનો પ્રયત્ન કરી રહયા છે. પરંતુ આ પ્રદેશની વિશેષતા એ છે કે શરૂઆતથી જ એમની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ગરીબ જોવા મળે છે: આજે દિવસે દિવસે જંગલોનો નાશ થવાથી પહેલાના કરતાં વધુ મુશ્કેલીઓમાંથી પસાર થવુ પડે છે.

ચૌધરી જાતિની દૈનિક પ્રક્રિયા તપાસીએ તો તેઓ સવારે ઉઠે ત્યાંથી જેમની પાસે ખેતીની જમીન છે તેઓ ખેતી અને ખેતીની જમીન જેમની પાસે નથી તેઓ ખેતી મજૂરીએ જાય છે. જેથી તેઓ સવારે ચ્હા-અને રોટલાનો નાસ્તો કરી મજૂરીએ નીકળી જાય છે. ચૌધરી સ્ત્રી ઘરકામ કરી બપોરનુ ખાવાનુ પહોચાડે છે. તેઓ બપોરનુ ખાણુ લઇ યથાવત મજૂરી કરી સાંજે પાછા ઘર પર આવે છે. સાંજે ભાત-માછલી-દાળ વગેરે ખાય છે. આખા દિવસની મજૂરી પછી રાત્રે નાચગાન અને હરખી કે બીજા ખતરા વગેરેની પૂજા હોય તો તે કરે છે.

ચૌધરી સમાજમાં કેટલાક નોકરીએ પણ જાય છે. જેમાં કારખાના અને અન્ય સેવાઓનો સમાવેશ થાય છે. તેઓ છૂટક મજૂરી માટે માંડવી તાલુકા મથકે સવારથી જાય છે અને આખો દિવસ મજૂરી બાદ સાંજે પાછા ઘરે આવી ઘરની પ્રવૃત્તિ કરીને તેઓ સાંજનુ ભોજન કરી આરામ કરે છે.

**ધંધાની માહિતી :**

**ખેતી :**

ગામની મોટાભાગની વ્યકિતઓ ખેતી ઉપર નિર્ભર છે. ગામમાં અન્ય વ્યવસાય તથા રોજગારીની તકો ઘણી ઓછી છે. દરેક કુટુંબ જે કંઇ જમીન છે તેના પર જ માત્ર આધાર રાખે છે. જમીનની ફળદ્રુપતા ઓછી છે. તેમજ જમીન ટેકરાળ અને પત્થરવાળી હોવાને કારણે ભેજ સંગ્રહવાની શકિત ઓછી છે. તેમજ વરસાદની અનિયમિતતાને કારણે ઉત્પાદન ચોકકસ પ્રમાણમાં લઇ



શકાતુ નથી. આ બધાને કારણે ઉત્પાદન (એકરદીઠ) ઓછુ રહે છે. સામાન્ય રીતે જો વરસાદ સારો થાય તો એકરદીઠ ૧૫ થી ૨૦ મણ ભાત, જુવારનુ ઉત્પાદન લઇ શકાય છે. ઓછો વરસાદ હોય તો ઉત્પાદન ૫૦ ટકા થઇ જાય છે. આમ ખેતી જ તેમની જીવનદોરી છે. ઓછી જમીન અને ઓછુ ઉત્પાદનને લીધે આવક કરતાં ખર્ચ વધુ થાય છે. જેથી જીવનનિર્વાહ માટે દેવુ કરવુ પડે છે. બચત શકય નથી. જેથી ખેતીમાં સુધારો કરી શકાતો નથી. આમ આવક ઓછી, બચત ઓછી, બચત ઓછી એટલે રોકાણ પણ ઓછુ થાય છે. આ રીતે વિષચક્ર ચાલતુ રહે છે. પોતાના જીવન-નિર્વાહ પુરતુ પણ ખેતીમાંથી મેળવી શકતા નથી. ગામમાં ખેત ઉત્પાદન વધારવા માટે જમીન સમતળ કરવાની ખાસ જરૂર છે. પરંતુ વ્યકિતગત ધોરણે તે શકય નથી. આ અંગે વધુ મૂડીરોકાણની જરૂર પડે છે. જે તેમના ગજા બહારની વાત છે. તેથી સરકાર દ્વારા જ જમીન સમતળ બનાવી ધોવાણ અટકાવી શકાશે. તદઉપરાંત કૂવાઓ માટે લોનની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે તો ખેતીમાં સારો સુધારો થઇ શકે તેમ છે. ખેતપેદાશ પણ વધારી શકાશે.

**ખેતીના સાધનો :**

ચૌધરી ખેડૂત કુટુંબો પાસે લાકડાનુ હળ, વાંસમાંથી બનાવેલ વાવણીયો (ઓરણી), સમાર, દંતાર તેમજ રાંપ અને કરબ જોવા મળે છે. મોટભાગે સુધારેલ ખેત ઓજારોનો ઉપયોગ કરતા થયાં છે.

## ખેતમજૂરી :

ગામમાં ખેતી સિવાય અન્ય ધંધા તરીકે ખેતમજૂરી તેમજ જંગલ મજૂરી છે. ગામમાં દરેકની પાસે ઓછી જમીન હોવાને લીધે વધુ મજૂરોની જરૂર પડતી નથી. દરેક કુટુંબ પોતાના કુટુંબના માણસો દ્વારા ખેતીનું કામ કરાવી લેતા હોય છે. સુખી કુટુંબ કે જેમની પાસે વધુ જમીન છે તેમને સીઝનમાં વધારે માણસોની જરૂર પડે છે. આમ ગામમાં ૧૫ થી ૨૦ દિવસ સતત કામ મળી રહે, સામાન્ય રીતે દરેક કાર્યમાં એક સરખી મજૂરી અને એક વખત જમવાનું આપે છે. ગામમાં ખેતમજૂરીની તકો ઘણી ઓછી છે. ગામમાંથી ઘણા લોકો ખેતમજૂરી માટે આજુબાજુના ગામોમાં જાય છે. જયાં તેમને વધતા ઓછા પ્રમાણમાં મજૂરી મળી રહે છે. મોટાભાગના મજૂરો ગામ બહાર માંડવીમાં કાછિયાને ત્યાં મજૂરીમાં રોકાયેલા રહે છે. કાછિયાની શાકભાજી અને કેરીની વાડીમાં સારા પ્રમાણમાં મજૂરી મળી રહે છે.

## છૂટક તેમજ અન્ય મજૂરી :

આ સિવાય જંગલમજૂરી તેમજ રસ્તાઓના બાંધકામ તેમજ નહેર કામમાં પણ વત્તે-ઓછે અંશે મજૂરી મળી રહે છે. ગામથી દોઢ માઇલ ઉપર જ જંગલ આવેલું છે. જંગલમાં નીલગિરિ તેમજ સાગ રોપવામાં મજૂરી મળી રહે છે. જેમાંથી રૂા. ૩/- સુધીની મજૂરી મળી રહે છે. જંગલ મજૂરી મહિનામાં બે-ચાર દિવસ જ ચાલે છે. તેમની જંગલ કામની આવક નહિવત છે.

આ ઉપરાંત અન્યમજૂરીમાં નહેર ખોદકામ તેમજ છૂટકકામ બે અઢી માસ મળી રહે છે. ઉપરાંત બાંધકામના કામમાં પણ વધતા



ઓછા પ્રમાણમાં મજૂરી મળી રહે છે.

ચૌધરી લોકોની આવકનો મુખ્ય આધાર ખેતી તેમજ મજૂરી છે. દૂધ-ઘી તેમજ માછલીમાંથી કોઇ આવક મળતી નથી. તેઓ ઢોરો રાખે છે પરંતુ તેઓનું પ્રમાણ જૂજ છે. ગાયો પણ રાખે છે. પરંતુ ઢોરોને પુરતું પોષણ ન મળવાથી ઉત્પાદન શૂન્ય રહે છે. જેમની પાસે સારી ભેંસો છે તેઓ માંડ બે કિલો જેટલું દૂધ દિવસનું મેળવે છે. બધા કુટુંબો ભેંસો ધરાવતા નથી. જેથી પશુપાલનની આવક નહિવત રહે છે. તાપી નદી નજીક હોવા છતાં માછલાં ખાવા પૂરતાં જ પકડે છે. વેચાણ કરતા નથી. જેથી મત્સ્ય ધંધાની પણ આવક થતી નથી.

ચૌધરી લોકો કુલ આવકના ૮૦ થી ૯૦ ટકા આવક ખેતીના ધંધામાંથી પ્રાપ્ત કરે છે. અને તેમાંથી જીવન-નિર્વાહ કરે છે. આવક ઓછી થતી હોવાથી દેવું કરવું પડે છે.

૧૯૬૯ ની તપાસ સમયે નમૂનાના કુટુંબોનું ધંધાકીય વર્ગીકરણ કોઠા - ૪:૮ માં દર્શાવવામાં આવ્યું છે.

કોઠો - ૪:૮

કુટુંબોનું ધંધાકીય વર્ગીકરણ

| અ.નં. | | ખેતી મુખ્ય | મજૂરી ગૌણ | કુલ |
|---|---|---|---|---|
| ૧. | સંખ્યા | ૫૦ | ૪ | ૫૪ |
| ૨. | ટકા | ૯૨.૬ | ૭.૪ | ૧૦૦.૦૦ |

ઉપરના કોઠા ઉપરથી જોઇ શકાય છે કે ચૌધરી લોકો મુખ્ય ખેતીનો ધંધો કરતા હતા. ખેતમજૂરી અને છૂટકમજૂરીમાં ખૂબ ઓછા કુટુંબો રોકાયેલા હતા. જે કોઠા ઉપરથી જોઇ શકાય છે. નમૂનાના કુટુંબોમાં સભ્યોનુ ધંધાકીય વર્ગીકરણ કોઠા-૪:૯ માં દર્શાવ્યુ છે.

કોઠો - ૪:૯

કુટુંબનાં સભ્યોનુ ધંધાકીય વર્ગીકરણ

| અ.નં. | ખેતી | | મજૂરી | |
|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| ૧. | ૮૭ | ૧૦૬ | ૭૨ | ૭૨ |

ઉપરના કોઠામાં જોઇ શકાય છે કે નમૂનાના કુટુંબોના સભ્યોમાંથી ખેતીમાં ૮૭ પુરૂષ અને ૧૦૬ સ્ત્રીઓ રોકાયેલા હતી. જયારે મજૂરીમાં ૭૨ પુરૂષ અને ૭૨ સ્ત્રીઓ રોકાયેલ હતા. નમૂનાના કુટુંબોમાંથી કમાનાર અને બિનકમાનાર સભ્ય સંખ્યાની માહિતી કોઠા - ૪:૧૦ માં દર્શાવી છે.



કોઠો - ૪:૧૦

કમાણી કરનાર અને બિનકમાનારની સંખ્યા દર્શાવતો કોઠો

| અ.નં. | | કમાણી કરનાર | | | | બિન કમાનાર | | | | બંનેનુ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | બાળકો | કુલ | પુરૂષ | સ્ત્રી | બાળકો | કુલ | |
| ૧. | સંખ્યા | ૯૭ | ૧૦૩ | ૨૬ | ૨૨૬ | ૧ | ૨ | ૧૨૦ | ૧૨૩ | ૩૪૯ |
| ૨. | ટકા | ૪૨.૯ | ૪૫.૬ | ૧૧.૫ | ૧૦૦.૦ | ૦.૮ | ૧.૬ | ૯૭.૬ | ૧૦૦.૦ | |
| | | ૨૭.૮ | ૨૯.૫ | ૭.૪ | - | ૦.૩ | ૦.૬ | ૩૪.૪ | - | ૧૦૦.૦ |

કોઠા ઉપરથી જોઇ શકાય છે કે નમૂનાના કુટુંબોમાં બાળકો સહિત કમાનારની સંખ્યા ૨૨૬ ની હતી. જ્યારે બિન કમાનાર સભ્યોની સંખ્યા ૧૨૩ ની હતી. એટલુ સ્પષ્ટ જણાય છે કે કમાણી કરનાર ઉપર કુટુંબનુ ભારણ વધુ હતુ.

**આવક :**

નમૂનાના કુટુંબોની જમીનના કદ પ્રમાણે કુલ આવકનું પ્રમાણ કોઠા - ૪:૧૧ માં દર્શાવ્યું છે. કુલ કુટુંબોની કુલ આવક ૬૨૮૭૨ રૂા.ની હતી. જેમની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂા.૧૧૬૪.૨૯ રૂા. ની હતી. જ્યારે માથાદીઠ વાર્ષિક આવક ૧૮૦.૧૫ રૂા.ની હતી. જે કોઠા ૪:૧૨ પરથી જોઇ શકાય છે. કુટુંબદીઠ વાર્ષિક કુલ આવકમાંથી ખેતીની આવક ૭૭૯.૨૪ રૂા., પશુપાલનની ૭૨.૨૬ રૂા. મજૂરીની આવક ૨૭૪.૫૨ રૂા. થતી હતી. જ્યારે જંગલની અને અન્ય આવકનું પ્રમાણ નહિવત હતું.

જમીન ધારણના કદ અને આવક ગ્રુપ પ્રમાણે નમૂનાના કુટુંબોની વહેંચણી કોઠા ૪:૧૩ માં દર્શાવવામાં આવી છે. જેમાં ૫૦૧ થી ૧૦૦૦ ની આવકવાળા ૨૬ કુટુંબો હતાં. જ્યારે ૧૦૦૧ થી ૧૫૦૦ રૂા. સુધીની આવક ધરાવતા ૧૮ કુટુંબો હતાં. ૨૫૦૦ થી ઉપરની વાર્ષિક આવક મેળવનાર માત્ર ૪ કુટુંબો હતાં. જે કોઠા ઉપરથી સ્પષ્ટ જોઇ શકાય છે.



**કોઠો - ૪:૧૧**

**જમીનના કદ પ્રમાણે કુલ આવકનું પ્રમાણ**

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | સભ્ય સંખ્યા | કુલ ખેતીની આવક | પશુપાલનની આવક | મજૂરીની આવક | જંગલ પેદાશની આવક | અન્ય આવક | કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૭ | ૪૩ | ૨૬૨૬ | ૩૧૦ | ૨૪૧૮ | ૯૫ | ૮૫ | ૫૫૩૪ |
| ૨.૫ થી ૫.૦ | ૨૧ | ૧૩૧ | ૧૦૨૨૪ | ૧૨૦૦ | ૫૬૨૦ | ૪૨૫ | ૧૭૨ | ૧૭૬૪૧ |
| ૫.૦ થી ૭.૫ | ૧૪ | ૯૮ | ૧૧૭૭૪ | ૬૯૫ | ૩૮૮૯ | ૨૫૫ | ૩૨૫ | ૧૬૯૩૮ |
| ૭.૫ થી ૧૦.૦ | ૭ | ૪૦ | ૯૪૨૮ | ૭૭૫ | ૧૯૦૮ | ૧૬૫ | ૩૩૦ | ૧૨૬૦૬ |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૩ | ૨૮ | ૭૭૯૪ | ૮૦૦ | ૭૫ | ૬૦ | ૧૦૫ | ૮૮૩૪ |
| જમીન વિહોણા | ૨ | ૯ | ૨૩૩ | ૧૨૨ | ૯૧૪ | ૫૦ | - | ૧૩૧૯ |
| કુલ... | ૫૪ | ૩૪૯ | ૪૨૦૭૯ | ૩૯૦૨ | ૧૪૮૨૪ | ૧૦૫૦ | ૧૦૧૭ | ૬૨૮૭૨ |

## કોઠો - ૪:૧૨

### જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ વાર્ષિક આવક

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | સભ્ય સંખ્યા | કુટુંબ કદ | ખેતીની આવક | પશુપાલનની આવક | મજૂરીની આવક | જંગલ મજૂરીની આવક | અન્ય આવક | કુલ વાર્ષિક આવક | કુલ માથાદીઠ વાર્ષિક આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૭ | ૪૩ | ૬.૧૪ | ૩૭૫.૧૪ | ૪૪.૨૯ | ૩૪૫.૪૩ | ૧૩.૫૭ | ૧૨.૧૪ | ૭૯૦.૫૭ | ૧૨૮.૭૦ |
| ૨.૫ થી ૫.૦ | ૨૧ | ૧૩૧ | ૬.૨૪ | ૪૮૬.૮૬ | ૫૭.૧૪ | ૨૬૭.૬૨ | ૨૦.૧૪ | ૮.૧૯ | ૮૪૦.૦૫ | ૧૩૪.૬૬ |
| ૫.૦ થી ૭.૫ | ૧૪ | ૯૮ | ૭.૦૦ | ૮૪૧.૦૦ | ૪૯.૬૪ | ૨૭૭.૭૯ | ૧૮.૨૧ | ૨૩.૨૧ | ૧૨૦૯.૮૫ | ૧૭૨.૮૪ |
| ૭.૫ થી ૧૦.૦ | ૭ | ૪૦ | ૫.૭૧ | ૧૩૪૬.૮૬ | ૧૧૦.૭૧ | ૨૭૨.૫૭ | ૨૩.૫૭ | ૪૭.૧૪ | ૧૮૦૦.૮૫ | ૩૧૫.૧૫ |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૩ | ૨૮ | ૯.૩૩ | ૨૫૯૮.૦૦ | ૨૬૬.૬૭ | ૨૫.૦૦ | ૨૦.૦૦ | ૩૫.૦૦ | ૨૯૪૪.૬૭ | ૩૧૫.૫૦ |
| જમીનવિહોણા | ૨ | ૯ | ૪.૫ | ૧૧૬.૫૦ | ૬૧.૦૦ | ૪૫૭.૦૦ | ૨૫.૦૦ | - | ૬૫૯.૫૦ | ૧૪૬.૫૬ |
| કુલ... | ૫૪ | ૩૪૯ | ૬.૪૬ | ૭૭૯.૨૪ | ૭૨.૨૬ | ૨૭૪.૧૨ | ૧૯.૪૪ | ૧૮.૮૩ | ૧૧૬૪.૨૯ | ૧૮૦.૧૫ |
| કુલ આવકના ટકા | - | - | - | ૬૬.૯૩ | ૬.૨૧ | ૨૩.૫૮ | ૧.૬૭ | ૧.૬૧ | ૧૦૦.૦ | |



## કોઠો - ૪:૧૩

### જમીન ધારણના કદ અને આવક જૂથ પ્રમાણે કુટુંબોની વહેંચણી

| જમીનનું કદ | કુટુંબ | ૫૦૦ રૂ. | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૧થી ૧૫૦૦ | ૧૫૦૧થી ૨૦૦૦ | ૨૦૦૧થી ૨૫૦૦ | ૨૫૦૦થી ઉપર |
|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૭ | - | ૬ | ૧ | - | - | - |
| ૨.૫ થી ૫.૦ | ૨૧ | ૨ | ૧૨ | ૭ | - | - | - |
| ૫.૦ થી ૭.૫ | ૧૪ | - | ૫ | ૬ | ૨ | ૧ | - |
| ૭.૫ થી ૧૦.૦ | ૭ | - | ૧ | ૩ | ૧ | - | ૨ |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૩ | - | - | ૧ | - | - | ૨ |
| જમીનવિહોણા | ૨ | - | ૨ | - | - | - | - |
| કુલ... | ૫૪ | ૨ | ૨૬ | ૧૮ | ૩ | ૧ | ૪ |

## વપરાશી ખર્ચ :

જમીનના કદ પ્રમાણે કુટુંબોનુ વાર્ષિક વપરાશી ખર્ચની માહિતી કોઠા ૪:૧૪ માં આપવામાં આવી છે. ચૌધરીની કુલ આવકમાંથી સૌથી વધારે ખર્ચ ખોરાક પાછળ થતો હતો. જેમની આવકનો મોટોભાગ ખાદ્યખોરાકી અને કપડાં પાછળ ખર્ચાતો હતો. જ્યારે અન્ય વપરાશી વસ્તુઓ પાછળનો ખર્ચ નજીવો હતો.

ચૌધરી જાતિના નમૂનાના કુટુંબોનુ કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ જોઇએ તો કુલ આવકના ૫૯૭.૬૧ રૂા. ખોરાક પાછળ અને ૧૫૭.૪૩ રૂા. કપડાં પાછળ ખર્ચતા હતાં. જ્યારે શાકભાજી, માંસ-ઈંડા, દૂધ-ઘી, મસાલા, બીડી-તમાકુ પાછળનુ ખર્ચ લગભગ એક સરખુ રહેતુ હતુ. ચૌધરી કુટુંબોની આવક અને ખર્ચનુ પ્રમાણ એક સરખુ જોવા મળે છે. તેમનુ કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ ૧૦૫૦.૦૯ રૂા.નુ હતુ. જેનો કોઠા - ૪:૧૫ પરથી વધુ વિગતે ખ્યાલ આવે છે.



### કોઠો - ૪:૧૪

#### જમીનના કદ પ્રમાણે વપરાશી ખર્ચ

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | ખોરાક | શાકભાજી | માંસ-ઈંડાં | દૂધ-ઘી | ખાંડ-ગોળ | તેલ | ચા-કોફી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦થી ૨.૫ | ૭ | ૩૨૭૮ | ૧૩૦ | ૧૩૬ | ૫૫ | ૮૦ | ૮૮ | ૩૮ |
| ૨.૫થી ૫.૦ | ૨૧ | ૬૬૬૬ | ૪૫૫ | ૫૫૨ | ૩૩૦ | ૨૬૬ | ૩૪૧ | ૧૧૯ |
| ૫.૦થી ૭.૫ | ૧૪ | ૮૫૮૪ | ૩૬૫ | ૩૬૬ | ૭૧૫ | ૨૬૦ | ૨૭૫ | ૧૦૮ |
| ૭.૫થી ૧૦.૦ | ૭ | ૫૩૬૫ | ૨૧૫ | ૨૪૦ | ૪૮૫ | ૮૬ | ૧૩૪ | ૭૫ |
| ૧૦.૦થી ૧૫.૦ | ૩ | ૪૮૦૫ | ૧૬૦ | ૧૮૦ | ૪૬૦ | ૧૦૦ | ૧૦૦ | ૩૮ |
| જમીનવિહોણા | ૨ | ૫૪૦ | ૪૫ | ૬૦ | ૪૦ | ૨૪ | ૨૦ | ૬ |
| કુલ... | ૫૪ | ૩૨૨૭૧ | ૧૩૭૦ | ૧૫૭૭ | ૧૬૪૫ | ૮૪૬ | ૯૫૮ | ૩૮૪ |

ચાલુ....

## કોઠો - ૪:૧૪

ચાલુ....

| મસાલા | બીડી-તમાકુ | બળતણ | શિક્ષણ | કપડાં પગરખાં | સામાજિક ધાર્મિક | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૮૦ | ૨૧૦ | ૨૭ | ૫ | ૯૧૭ | ૨૨૬ | ૬૦ | ૫૪૩૦ |
| ૫૨૦ | ૭૦૭ | ૭૨ | ૩૦ | ૨૪૫૭ | ૧૨૯૫ | ૨૫૦ | ૧૭૧૨૩ |
| ૪૧૦ | ૬૧૭ | ૭૪ | ૧૦૫૫ | ૨૬૩૦ | ૭૧૦ | ૨૪૧ | ૧૬૦૪૩ |
| ૨૧૦ | ૩૪૫ | ૬૩ | ૫ | ૧૪૭૨ | ૫૮૫ | ૨૭૩ | ૯૫૬૬ |
| ૧૪૦ | ૨૦૫ | ૪૨ | ૧૫ | ૮૪૫ | ૧૯૫ | ૧૪૨ | ૭૪૨૭ |
| ૩૫ | ૬૫ | ૯ | - | ૧૮૦ | ૬૦ | ૩૨ | ૧૧૧૬ |
| ૧૪૯૫ | ૨૧૪૯ | ૨૮૭ | ૧૧૧૦ | ૮૫૦૧ | ૩૦૭૧ | ૯૯૮ | ૫૬૭૦૫ |



## કોઠો - ૪:૧૫

### કુટુંબદીઠ વપરાશી ખર્ચનું પ્રમાણ

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | ખોરાક | શાકભાજી | માંસ-ઈંડા | દૂધ-ઘી | ખાંડ-ગોળ | તેલ |
|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૭ | ૪૬૮.૨૯ | ૧૮.૫૭ | ૧૯.૪૩ | ૭.૮૬ | ૧૧.૪૩ | ૧૨.૫૭ |
| ૨.૫ થી ૫.૦ | ૨૧ | ૪૬૧.૮૬ | ૨૧.૬૭ | ૨૬.૨૮ | ૧૫.૭૧ | ૧૪.૦૯ | ૧૬.૨૪ |
| ૫.૦ થી ૭.૫ | ૧૪ | ૬૧૩.૧૪ | ૨૬.૦૭ | ૨૮.૫૦ | ૨૨.૫૦ | ૧૮.૫૮ | ૧૯.૬૪ |
| ૭.૫ થી ૧૦.૦ | ૭ | ૭૬૬.૪૩ | ૩૦.૭૧ | ૩૫.૭૧ | ૬૯.૨૯ | ૧૨.૭૨ | ૧૯.૧૪ |
| ૧૦.૦ થી ૧૫.૦૦ | ૩ | ૧૬૦૧.૬૭ | ૫૩.૩૩ | ૬૦.૦૦ | ૧૫૩.૩૩ | ૩૩.૩૩ | ૩૩.૩૩ |
| જમીનવિહોણા | ૨ | ૨૭૦.૦૦ | ૨૨.૫૦ | ૩૦.૦૦ | ૨૦.૦૦ | ૧૨.૦૦ | ૧૦.૦૦ |
| કુલ.... | ૫૪ | ૫૯૭.૬૧ | ૨૫.૩૭ | ૨૯.૨૦ | ૩૧.૨૦ | ૧૫.૭૨ | ૧૭.૭૪ |

ચાલુ....

કોઠો - ૪:૧૫

ચાલુ....

| ચ્હા-કોફી | મસાલા | બીડી-તમાકુ | બળતણ | શિક્ષણ | કપડાં-પગરખાં | સામાજિક ધાર્મિક | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫.૪૩ | ૨૫.૭૧ | ૩૦.૦૦ | ૩.૮૬ | ૦.૭૧ | ૧૩૧.૦૦ | ૩૨.૨૮ | ૮.૫૭ | ૭૭૫.૭૧ |
| ૫.૬૭ | ૨૪.૭૬ | ૩૩.૬૭ | ૩.૪૩ | ૧.૪૩ | ૧૧૭.૦૦ | ૬૧.૬૭ | ૧૧.૯૦ | ૮૧૫.૩૮ |
| ૭.૭૧ | ૨૬.૨૯ | ૪૪.૦૭ | ૫.૨૯ | ૭૫.૩૬ | ૧૮૭.૮૬ | ૫૦.૭૧ | ૧૭.૨૧ | ૧૧૪૫.૯૩ |
| ૧૦.૭૧ | ૩૦.૦૦ | ૪૯.૨૯ | ૯.૦૦ | ૦.૭૧ | ૨૧૦.૨૯ | ૮૩.૫૭ | ૩૯.૦૦ | ૧૩૬૬.૫૭ |
| ૧૨.૬૭ | ૪૬.૬૭ | ૬૮.૩૩ | ૧૪.૦૦ | ૫.૦૦ | ૨૮૧.૬૭ | ૬૫.૦૦ | ૪૭.૩૩ | ૨૪૭૫.૬૬ |
| ૩.૦૦ | ૧૭.૫૦ | ૩૨.૫૦ | ૪.૦૦ | - | ૯૦.૦૦ | ૩૦.૦૦ | ૧૬.૦૦ | ૫૫૮.૦૦ |
| ૭.૧૧ | ૨૭.૬૯ | ૩૯.૮૦ | ૫.૩૧ | ૨૦.૫૬ | ૧૫૭.૪૩ | ૫૬.૮૭ | ૧૮.૪૮ | ૧૦૫૦.૦૯ |



**અસ્કયામત :**

ચૌધરી કુટુંબો પાસે જમીન, ઘર, ઝાડ, પશુધન, ઘરવખરી અને ઘરેણાં તેમજ અન્ય મિલકતો તેમની અસ્કયામત ગણાતી. નમૂનાના કુટુંબો પાસે કુલ ૪૨૮૫૮૨ રૂ. ની અસ્કયામત ઉપરના સાધનોમાં હતી. જેમની કુટુંબદીઠ અસ્કયામત રૂ.૭૯૩૬.૭૦ ની હતી. જેમાં ૩૯૭૫.૦ રૂ. ની જમીન, ૧૬૫૭.૪૦ રૂ. ઘરની અને ૧૧૬૨.૫૨ રૂ. ની મિલકત પશુધનના સ્વરૂપમાં હતી. નમૂનાના કુટુંબોની અસ્કયામત કોઠા - ૪:૧૬ માં દર્શાવી છે. જ્યારે કુટુંબદીઠ અસ્કયામત કોઠા-૪:૧૭ માં વિગતે આપી છે.

કોઠો - ૪:૧૬ ચાલુ....

| કૂવાની કિંમત | ઘરવખરીના સાધનોની કિંમત | અન્ય મિલકત | ઘરેણની કિંમત | ઘરની કિંમત | કુલ |
|---|---|---|---|---|---|
| - | ૧૧૫૫ | - | ૯૧૦ | ૭૫૦૦ | ૨૬૧૪૫ |
| ૮૪૫ | ૩૬૮૫ | - | ૨૫૫૫ | ૨૨૧૦૦ | ૧૨૨૨૯૨ |
| ૨૩૦૦ | ૨૯૦૧ | ૪૫૫ | ૨૬૦૦ | ૨૭૯૦૦ | ૧૨૯૧૭૦ |
| ૩૬૦૦ | ૨૨૫૭ | - | ૧૫૭૫ | ૧૨૫૦૦ | ૭૫૦૭૨ |
| ૯૫૦ | ૧૪૧૮ | - | ૩૩૫૦ | ૧૮૦૦૦ | ૭૧૭૫૦ |
| - | ૬૨૮ | - | ૨૫૦ | ૧૫૦૦ | ૪૧૫૩ |
| ૭૬૯૫ | ૧૨૦૪૪ | ૪૫૫ | ૧૧૨૪૦ | ૮૯૫૦૦ | ૪૨૮૫૮૨ |



કોઠો - ૪:૧૬

જમીનના કદ પ્રમાણે અસ્કયામતનું પ્રમાણ દર્શાવતો કોઠો.

| જમીનનું કદ | કુટંબ સંખ્યા | જમીન એ. ગુ. | જમીનની કિંમત | ઝાડની કિંમત | પશુધનની કિંમત | ખેતી સાધનોની કિંમત |
|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૭ | ૧૦.૩૬ | ૯૬૦૦ | ૮૫૦ | ૫૦૩૦ | ૧૧૦૦ |
| ૨.૫ થી ૫.૦ | ૨૧ | ૭૯.૧૦ | ૬૩૫૦૦ | ૭૦૭૦ | ૧૮૪૪૬ | ૪૦૯૧ |
| ૫.૦ થી ૭.૫ | ૧૪ | ૮૫.૧૫ | ૭૨૪૦૦ | ૩૯૦૫ | ૧૩૭૩૫ | ૨૯૭૪ |
| ૭.૫ થી ૧૦.૦ | ૭ | ૫૮.૨૭ | ૩૭૨૦૦ | ૨૫૫૦ | ૧૩૨૫૧ | ૨૧૩૯ |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૩ | ૩૫.૨૬ | ૩૧૯૫૦ | ૩૪૫૦ | ૧૦૬૨૯ | ૨૦૦૩ |
| જમીન વગરના | ૨ | - | - | - | ૧૬૮૫ | ૯૦ |
| કુલ... | ૫૪ | ૨૬૯.૩૪ | ૨૧૪૬૫૦ | ૧૭૮૨૫ | ૬૨૭૭૬ | ૧૨૩૯૭ |

ચાલુ....

કોઠો - ૪:૧૭ ચાલુ...

| ઘરવખરી | અન્ય | ઘરેણાં | ઘર | કુલ |
|---|---|---|---|---|
| ૧૬૫.૦૦ | - | ૧૩૦.૦૦ | ૧૦૭૧.૪૩ | ૩૭૩૫.૦૦ |
| ૧૭૫.૪૭ | - | ૧૨૧.૬૭ | ૧૦૫૨.૩૮ | ૫૮૨૩.૪૩ |
| ૨૦૭.૨૧ | ૩૨.૫૦ | ૧૮૫.૭૧ | ૧૯૯૨.૮૬ | ૯૨૨૬.૪૩ |
| ૩૨૨.૪૩ | - | ૨૨૫.૦૦ | ૧૭૮૫.૭૧ | ૧૦૭૨૪.૫૭ |
| ૪૭૨.૬૭ | - | ૧૧૧૬.૬૬ | ૬૦૦૦.૦૦ | ૨૩૯૧૬.૬૭ |
| ૩૧૪.૦૦ | - | ૧૨૫.૦૦ | ૭૫૦.૦૦ | ૨૦૭૬.૫૦ |
| ૨૨૩.૦૪ | ૮.૪૩ | ૨૦૮.૧૫ | ૧૬૫૭.૪૦ | ૭૯૩૬.૭૦ |



કોઠો - ૪:૧૭

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ અસ્કયામતનું પ્રમાણ

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | જમીન | ઝાડ | પશુધન | ખેતસાધનો | કૂવા |
|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૭ | ૧૩૭૧.૪૩ | ૧૨૧.૪૩ | ૭૧૮.૫૭ | ૧૫૭.૧૪ | - |
| ૨.૫ થી ૫.૦ | ૨૧ | ૩૦૨૩.૮૧ | ૩૩૬.૬૭ | ૮૭૮.૩૮ | ૧૯૪.૮૧ | ૪૦.:૪ |
| ૫.૦ થી ૭.૫ | ૧૪ | ૫૧૭૧.૪૩ | ૨૭૮.૯૩ | ૯૮૧.૦૭ | ૨૧૨.૪૨ | ૧૬૪.:૮ |
| ૭.૫ થી ૧૦.૦૦ | ૭ | ૫૩૧૪.૨૯ | ૩૬૪.૨૯ | ૧૮૯૩.૦૦ | ૩૦૫.૫૭ | ૫૧૪.:૮ |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૩ | ૧૦૬૫૦.૦૦ | ૧૧૫૦.૦૦ | ૩૫૪૩.૦૦ | ૬૬૭.૬૭ | ૩૧૬.૬૭ |
| જમીન વગરના | ૨ | - | - | ૮૪૨.૫૦ | ૪૫.૦૦ | - |
| કુલ... | ૫૪ | ૩૯૭૫.૦૦ | ૩૩૦.૦૯ | ૧૧૬૨.૫૨ | ૨૧૯.૫૭ | ૧૪૨.૫૦ |

ચાલુ....

**દેવુ :**

નમૂનાના કુટુંબો પાસેથી સાધનવાર અને હેતુવાર દેવાની માહિતી મેળવવામાં આવી હતી. જેમાં ૩૧-૧૦-૬૮ અને ૩૧-૧૦-૭૯ સુધીના દેવાની માહિતી પ્રાપ્ત થઇ હતી. જે કોઠા - ૪:૧૮ માં દર્શાવવામાં આવી છે. નમૂનાના કુટુંબોને શાહુકાર અને સરકારનુ દેવુ હતુ. જેમાં શાહુકાર-વેપારીના દેવા વધારે હતા અને દેવુ કરવા પાછળનુ મુખ્ય કારણ ઘરખર્ચ અને ખેતીકામના ઉપયોગ અર્થે દેવુ કરવુ પડયુ હતુ. જે વિગતે કોઠામાં દર્શાવેલ છે:

કોઠો-૪:૧૮:૧

સાધનવાર અને હેતુવાર દેવાનુ પ્રમાણ દર્શાવતો કોઠો.

સાધનવાર દેવુ :

| સાધન | દેવાદાર કુટુંબ | ટકા | ૩૧-૧૦-૬૮ નુ કુલ દેવુ | કુટુંબ સંખ્યા | ટકા | ૩૧-૧૦-૭૯ નુ દેવુ |
|---|---|---|---|---|---|---|
| શાહુકાર વેપારી | ૧૭ | ૭૦.૮ | ૨૧૦૦ | ૧૬ | ૭૬.૨ | ૨૩૭૫ |
| સરકાર | ૭ | ૨૯.૨ | ૨૩૦૧ | ૫ | ૨૩.૮ | ૧૭૧૦ |
| કુલ... | ૨૪ | ૧૦૦.૦ | ૪૪૦૧ | ૨૧ | ૧૦૦.૦ | ૪૦૮૫ |



કોઠો - ૪:૧૮:૨

હેતુવાર દેવુ

| હેતુ | કુલ દેવુ ૩૧-૧૦-૬૮ | | | તપાસના વર્ષે | ૩૦-૧૦-૬૯ | | |
|---|---|---|---|---|---|---|---|
| | કુટુંબ સંખ્યા | ટકા | કુલ દેવુ | | કુટુંબ સંખ્યા | ટકા | કુલ દેવુ |
| ઘરખર્ચ | ૧૬ | ૬૯.૬ | ૨૦૩૦ | ૧૪૫૦ | ૫ | ૪૫.૪ | ૩૮૦ |
| સામાજિક | - | - | - | - | ૧ | ૯.૧ | ૫૦૦ |
| ખેતીકામ | ૩ | ૧૩.૦ | ૪૧૭ | ૨૯૭ | ૩ | ૨૭.૩ | ૩૪૫ |
| મૂડીરોકાણ | ૪ | ૧૭.૪ | ૧૯૫૪ | ૪૯૪ | - | - | - |
| શિક્ષણ | - | - | - | - | ૨ | ૧૮.૨ | ૭૦૦ |
| કુલ... | ૨૩ | ૧૦૦.૦ | ૪૪૦૧ | ૨૨૪૧ | ૧૧ | ૧૦૦.૦ | ૧૯૨૫ |

ગામમાં મોટાભાગે કુટુંબો દેવાદાર છે. તેમને જીવન-નિર્વાહના ખર્ચ માટે તેમજ અન્ય હેતુઓ માટે દેવું કરવું પડે છે. તેઓ તેમની જરૂરિયાતો શાહુકાર-વેપારીનું દેવું કરીને પૂરી કરે છે. વેપારી વર્ગ દેવું વસૂલ કપાસની સીઝનમાં લે છે. સીઝન વખતે વેપારી પોતાના ધાડાં દ્વારા ઉત્પાદન ગામમાંથી લઇ જાય છે.

આમ એકંદરે જોઇએ તો ચૌધરી જાતિની આર્થિક ઉન્નતિ થોડા ઘણા અંશે સુધરી છે. તેઓએ ખેતીમાં નવા સુધારા અપનાવ્યા છે અને પોતાની પ્રણાલિગત પધ્ધતિ ત્યજીને નવી ખેતપધ્ધતિઓ અપનાવતા થયા છે. સારા બિયારણ અને રાસાયણિક ખાતરનો ઉપયોગ વધ્યો છે. તેમની રહેણીકરણી તથા ખોરાકમાં ફેરફારો જોવા મળે છે. તેઓ તેલ, સાબુ અને શાકભાજીનો વધુ ઉપયોગ કરતા થયા છે. તેમજ ઘરવખરીમાં પણ અવનવી વસ્તુઓ વાપરતા થયા છે. આમ એકંદરે અન્ય આદિવાસીની સરખામણીમાં આર્થિક સ્થિતિ સુધરી છે. તેનું એક કારણ તેમનામાં વધેલું શિક્ષણ છે. તેમજ બિન-આદિવાસી જાતિનો સંપર્ક વધુ થવાથી અનેક ઘણા ફેરફારો થયેલ જોવા મળે છે.

## પ્રકરણ - :૫:

## સામાજિક રીતરિવાજ

### જન્મ :

આ કોમમાં સીમંત કરવાનો રિવાજ નથી. બાળકના જન્મ કાળને તેઓ "હુવાવડ" નામના શબ્દથી ઓળખે છે. સામાન્ય રીતે લોકો માને છે કે જ્યારે સગર્ભા સ્ત્રી પુત્રનો જન્મ આપવાની હોય છે, ત્યારે દસ માસને દસદિવસે પ્રસુતિ થાય છે. અને છોકરીનો જન્મ થવાનો હોય તો નવ માસને પચ્ચીસ દિવસે જન્મ થાય છે.

ગર્ભાવસ્થા દરમ્યાન કેટલાક નિયમો કુદરતી રીતે જ આ કોમની સ્ત્રીઓ પાળે છે. આ કોમ ખૂબજ શ્રમ કરનારી છે. તેથી સ્ત્રીઓને પ્રસુતિગૃહની જરૂર પડતી નથી. ઘરનો એકાદ ખૂણો જ એમનું પ્રસુતિગૃહ બને છે. ગામની દાયણ પ્રસુતિ કરાવે છે. સારી સ્થિતિ ધરાવનાર પ્રસુતિગૃહનો ઉપાયોગ કરે છે. હજુ પણ લોકોને પ્રસુતિગૃહ ઉપર પૂરેપૂરી શ્રધ્ધા નથી. પ્રસુતિ સહજ રીતે ન થાય તો એમનામાં બાધા રાખવાનો રિવાજ છે. શિક્ષણ વધતાં આ રિવાજ નાબૂદ થતો જાય છે. બાળકના જન્મ પછી સ્ત્રીને ગરમ પાણીથી સ્નાન કરાવવામાં આવે છે. સુવાવડી સ્ત્રીને ખૂબ જ ચડી ગયેલા ચોખા જ માત્ર ખોરાકમાં આપવામાં આવે છે. એ સિવાય કોપરું, ગોળ, સૂંઠ તથા ઘીનું મિશ્રણ પણ આપવામાં આવે છે. દારૂ પણ પીવડાવવામાં આવે છે.

ઘરમાં જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે તે ઘરમાં પાંચ દિવસ સુધી જમતા નથી. સ્ત્રી સવો મહિના સુધી રસોડાનું કામ કરતી નથી. બાળકના જન્મ પછી પાંચમે દિવસે છઠ્ઠી પૂજન

થાય છે: "પચરા" ના નામથી આ વિધિને લોકો ઓળખે છે. આ દિવસે ફળિયાનાં અમુક માણસો ભેગા થાય છે: અને તે દિવસે બાળકનુ નામ પાડવામાં આવે છે. નામ પાડતી વખતે રાશિ પ્રમાણે નામ પાડવાનો ખાસ રિવાજ નથી. શિક્ષિત વર્ગ સિવાયનો બાકીનો વર્ગ જે વારે જન્મ થયો હોય તે વારને અનુલક્ષીને નામ પાડે છે: વળી જે સ્ત્રીને બાળકો જીવતાં ન હોય અને જયારે બાળકનો જન્મ થાય છે ત્યારે તેના જુદાં જ પ્રકારના નામો પાડે છે: જેવા કે સૂપડી, ઉકડો, છાણિયો. જયારે કોઇ સ્ત્રીને ગર્ભ ન રહેતો હોય ત્યારે બાધા રાખવાનો રિવાજ છે. બાળક ન થાય તેવી સ્ત્રીને આ સમાજના લોકો મહેણાં-ટોણાં મારતા નથી. જો કોઇ સગર્ભા સ્ત્રીનુ મૃત્યુ થાય તો "વેતરી" બને એવી માન્યતા છે.

જે જગ્યા પર બાળકનો જન્મ થયો હોય તે જગ્યા પર લીંપણ કરી પૂજન કરવામાં આવે છે. બાળકના આગમનને તેઓ શુભ અવસર માને છે.

ચૌધરીઓની લગ્ન પ્રથા :
---------------------

લગ્ન સંબંધ ઉભા કરનાર "માઝી" હોય છે: માઝીનો અર્થ થાય છે તારનારો. માઝી એટલે નાવિક પરંતુ કેટલાક શબ્દો અપભ્રંશ થઇને માઝીને બદલે માજી એમ બોલાય છે. લગ્ન માટેની સંપૂર્ણ જવાબદારી માઝીની હોય છે. લગ્ન વખતે યા પછીથી કોઇ વિખવાદ પેદા થાય તો તેનુ નિરાકરણ કરે છે: સામાન્ય રીતે લગ્નની ઉંમર વીસ-બાવીસ વર્ષની હોય છે: લગ્ન સંબંધ ઉભાં કરતી વખતે વર-કન્યાના કુળ, ગુઢા, રૂપ, ખાનદાની, શરીરનો બાંધો, કામની કુશળતા વગેરે જોવામાં આવે છે. વરપક્ષની માંગણી કન્યાપક્ષ સ્વીકારે તો લગ્ન સંબંધ જોડા છે.



વર-કન્યાની પસંદગી :
-------------------

સામાન્ય રીતે વર-કન્યાની પસંદગી વડીલો કરતાં હોય છે. પહેલાના જમાનામાં યુવાન, યુવતીઓ ખેતર કે સીમમાં ગામ કે પરગામ અથવા હાટ મેળામાં જતાં અથવા કોઇ ઉત્સવ પ્રસંગે ભેગાં મળતાં અને આવા પ્રસંગે નાચગાનનો કાર્યક્રમ તો હોય જ. એટલે છોકરા છોકરીઓ ભેગા મળી નાચતાં. આ રીતે આકસ્મિક એક બીજા પ્રત્યે સ્નેહભાવ થઇ જતો અને એક બીજા જોડે પ્રેમ સંબંધો બંધાઇ જતા. આજે મા-બાપ કે વડીલોની સંમતિથી લગ્ન થાય છે. છોકરા છોકરીને મનપસંદ લગ્ન કરવા હોય તો પણ મા-બાપ કે વડીલોની સલાહ લેવી પડે છે. નહિતર સમાજમાં એમનુ સ્થાન ગૌણ બની જાય છે. સુખદુ:ખના સમયે એમના તરફ કોઇ જોતુ નથી.

જેમ જેમ આ આદિવાસી અભણ પ્રજા ભણતરમાં વધુ આગળ વધી અને શહેરીકરણનુ અનુકરણ કરવા લાગી તેમ તેમ આદિવાસી - પણાનાં વિશિષ્ટ તત્વો પણ આપમેળે દૂર ભાગવા માંડયાં. ચૌધરી જાતિમાં આંતરજાતિય લગ્ન કરવાં હિમાલય પર ચઢવા જેવી વાત છે:

સગાઇ :
----

ચૌધરી જ્ઞાતિમાં "માઝી" દ્દારા સગાઇ કે લગ્ન સંબંધ નકકી થાય છે. ચૌધરીઓના રિવાજમાં એવું હોય છે કે વરપક્ષનાં વડીલોને ભાળ મળતાં કન્યાને જોવા જાય છે. ત્યાર પછી વર પોતાના મિત્રો સાથે કન્યાને જોવા જાય છે: કન્યા આ સમયે આવનાર મહેમાનોનુ સ્વાગત કરે છે: વર-કન્યાની પસંદગી થઇ

જાય તો સગાઇનો દિવસ નકકી કરવામા આવે છે. સગાઇને દિવસે વરપક્ષના માણસો કન્યાને ઘરે જાય છે. બને પક્ષના વડીલો દહેજ કેટલુ લેવુ, ઘરેણા કેવા અને કયા કયા આપવા, વાજિંત્રોમા શુ રાખવુ વગેરેનો પાકો નિર્ણય કરી લે છે. ત્યાર પછી સગાઇની વિધિ કરવામા આવે છે. આ સમયે ગામના સ્નેહીઓ તથા બીજા માણસો પણ ભેગા થાય છે. વર તથા કન્યાપક્ષના આગેવાનો સૌ બેસે છે. મુખ્ય વડીલ ખાખરાના પાંદડામા ખાંડનુ પાણી લે છે. પછી સગાઇ કરનાર એવુ જાહેર કરે છે કે આ મીઠુ પાણી લઇને આજથી અમે અમારો લગ્ન સંબંધ જોડીએ છીએ. ત્યાર પછી વર તથા કન્યાને સૌ વચ્ચે પાટલા ઉપર સામસામા ઉભા રાખવામા આવે છે. બને એક બીજાને વધાવી ચાંલ્લો કરે છે. વર-કન્યાને શ્રીફળ, સવા શેર સાકર તથા સવા રૂપિયો આપે છે. આ સમયે બને પક્ષોવાળા ગીતો ગાય છે. કન્યાપક્ષની સ્ત્રીઓ વરપક્ષ તરફથી ગીત ગાવાની રીતના અઢી રૂપિયા લે છે. ત્યાર પછી ગોળ-ધાણા કે ખજૂર વહેંચવામા આવે છે. આ વિધિથી અર્ધલગ્ન થયુ એમ માનવામા આવે છે.

ઘરજાણી ખાવી :
------------

ચૌધરીમા અને "ખરજની" એમ કહેવામા આવે છે. છોકરીને સાસરે આપવાની હોવાથી કન્યાપક્ષના બે વડીલ માણસો છોકરીના સાસરે ઘર જોવા જાય છે. આ દિવસે દહેજ આપવાનો દિવસ નકકી કરવામા આવે છે. દહેજ આપવા માટે વરપક્ષના માણસો કન્યાના ઘરે જાય છે. હવે આ રિવાજ ખાસ જોવા મળતો નથી. ઘણા અશિક્ષિત લોકો આ રિવાજ ચાલુ રાખે છે.



પલ્લુ યા દહેજ : (પેઠણ)
------------ -----

વરપક્ષના માણસો કન્યાને ત્યાં દહેજ આપવા માટે જાય છે. બને પક્ષોના વડીલો ખાંડણિયા ઉપર બેસે છે. એક થાળીમા વરના પિતા પૈસા મૂકી થાળીને ચાંલ્લો કરે છે. દહેજની રકમ રૂ.૪૫/-૨૫ ન.પે. છે. આ થાળીને ચારે બાજુ પકડી વડીલો ઉભા થાય છે. આ સમયે બે જણ ઘરની બહાર જવાનો પ્રયત્ન કરે છે અને બે-જણ ઘરની અંદર જવાનો પ્રયત્ન કરે છે. આખરે ચાર જણ ઘરમા જાય છે. આનો સામાન્ય અર્થ એ કે આપણા જીવનમા એવી કેટલીય વિચિત્ર મૂંઝો આવશે અને નજીવી બાબતમા મતભેદ ઉભો થશે. પરંતુ આવી સામાન્ય બાબતોને ન ગણતા કરી એકમત થઇ સમજી લેવુ જોઇએ. લગ્નનો દિવસ નકકી કરવા માટે મુહુર્ત જોવામા આવે છે. લગ્ન દિવસ નકકી થતા ચોખા અને હળદરને મિશ્ર કરી સગા-સંબંધીઓને અને આમંત્રિતોને મોકલવામા આવે છે.

મંડપ મુહુર્ત કરવુ :
------------

લગ્ન માટે મંડપ તૈયાર કરવામા આવે છે. સૌ પ્રથમ મંડપ મુહુર્તને દિવસે સવારે લગભગ ૭ વાગે ગામના આગેવાનો તેમજ વડીલો ભેગા થાય છે. સામાન્ય રીતે ચાર થાંભલાથી માંડીને બાર થાંભલાનો મંડપ બનાવવામા આવે છે. અને સ્થિતિ અનુસાર મંડપને શણગારવામા આવે છે. જેને "મંડપ" કપટાવવો" એમ કહે છે. પહેલા ઘણો ખર્ચ કરવામા આવતો ન હતો. હવે તો સ્થિતિ અનુસાર તેનો ખર્ચ કરવામા આવે છે. પ્રથમ મુહુર્તનો થાંભલો રોપવામા આવે છે. થાંભલા ઉપર કંકુ અને હળદરના કાપા પાડવામા આવે છે. જયા થાંભલો દાટવાનો હોય તે ખાડામા ચાર આના કે સવા રૂપિયો નાખવામા આવે છે. ત્યાર પછી

મંડપ બાંધવાની શરૂઆત થાય છે. મંડપ તૈયાર કરતી વખતે મંગળ ગીતો ગવાય છે. શ્રીફળનો પ્રસાદ અથવા ગો-ધાણા વહેંચવામાં આવે છે. આવનાર મહેમાનોનું સ્વાગત થાય છે. વધામણાં લેવાય છે, મંડપ ઉપર જાંબુની ડાળીઓ નાખવામાં આવે છે. સ્થિતિ અનુસાર મંડપને શણગારવામાં આવે છે.

પીઠી ચઢાવવી :

જે દિવસે મંડપ તૈયાર કરવામાં આવે છે તેજ દિવસે વર કે કન્યાને પીઠી ચઢાવવામાં આવે છે. પહેલાનાં વખતમાં સાત કે આઠ દિવસ સુધી પીઠી ચઢાવવામાં આવતી. અત્યારે બે કે ત્રણ દિવસ પીઠી ચઢાવવામાં આવે છે. પીઠી ચોળતી વખતે ગીતો ગવાય છે. બીજી બાજુ વાજિંત્રો વાગે છે. અને ઉત્સાહનું વાતાવરણ પ્રસરી રહે છે. વર કે કન્યાને તેની બહેન અથવા ભાભી પીઠી ચઢાવે છે. પીઠી લગાવતી વખતે વધામણાં લેવાય છે. આંખમાં અંજન અને કપાળે ચાંલ્લો કરવામાં આવે છે.

વાજિંત્રો :

પહેલાનાં વખતમાં લગ્ન સમયે ડોબરુ વગાડતા અને આ વાજિંત્રો સાથે ભાઈ-બહેનો નાચતાં અને વિવિધ પ્રકારનાં ગીતો ગાતાં. આમાં વગાડનાર વ્યક્તિ પોતાના વિચારો દર્શાવી શકે છે. પરંતુ હવે એ વાજિંત્રોનો વિશેષ ઉપયોગ કરવામાં આવતો નથી. જેમ જેમ શિક્ષણ ક્ષેત્રે સુધારા-વધારા થતા ગયા તેમ તેમ આ અસલી પ્રથા યા સંસ્કૃતિનો નાશ થવા માંડ્યો. અત્યારના ભણેલા અને સંસ્કારી યુવાન-યુવતીઓના લગ્ન વખતે આ વાજિંત્રો લાવવામાં આવતું નથી. અત્યારે તો ભજન મંડળી બેસાડે છે. કેટલાક



રેકડ (રેડીયો માઇક) લાવે છે.

જાન :

ચૌધરી સમાજમાં વરરાજા પરણવા માટે કન્યાને ઘરે જાય છે. કન્યાનું ઘર કેટલે દૂર છે તેનું સામાન્ય માપ કાઢીને અંદાજે કેટલા સમયમાં પહોંચી જવાશે એમ ધ્યાનમાં લઈ રવાના થાય છે. સાંજે સાત-આઠ વાગ્યે જાન કન્યાને ઘરે પહોંચી જાય છે. જાનમાં બળદગાડા જોડવામાં આવે છે. વર માટે ખાસ શણગારેલો માફો તૈયાર કરવામાં આવે છે. હવે તો શિક્ષિત વર્ગ ટ્રક અથવા ટેક્ષીમાં જાન લઈ જાય છે. જાનૈયાને વરના ઘરવાળા જમાડે છે. સામાન્ય રીતે ભોજનમાં દાળ, ભાત, શાક અને બને તો લાપસી બનાવે છે.

વરને શણગારેલા માફામાં તેના મામા બેસાડે છે. સાથે સરવણ અને ગીતો ગાનારી કંપની હોય છે. માફા પાછળ જાનૈયાનાં ગાડાં જોડાય છે. રસ્તામાં જ્યાં જ્યાં દેવસ્થાનો અને જળાશયો આવે છે, ત્યાં ત્યાં જાન રોકાય છે. ત્યાં જાનને રોકવામાં આવે છે. સૌ ઉતરી દેવને પગે લાગી પછી આગળ વધે છે.

કન્યાના ઘરે જાન સાત-આઠ વાગે આવી પહોંચે છે. કન્યાના ઘરથી થોડે દૂર જાનૈયાને મુકામ આપે છે. બંને પક્ષો અહીં ભેગા થાય છે. બંને પક્ષો ગીતોની અને વાજિંત્રોની હરિફાઈમાં ઉતરે છે.

ત્યારબાદ વરને કલવો (મીઠું મોં) ખવડાવવા જવું, કન્યાને ઘરેણાં પહેરાવવા જવા વગેરે વિધિઓ કરવામાં આવે છે. આ વિધિ પતી ગયા પછી પરણવા માટે બંને પક્ષો લગ્ન વિધિ માટે મંડપ વચ્ચે આવી ગોઠવાઈ જાય છે.

**વરઘોડો :**

વરરાજા પરણવા માટે કન્યાના ઘરે આવે છે, ત્યારે વરઘોડો કાઢવામાં આવે છે. વરરાજાને ઘોડા ઉપર બેસાડવામાં આવે છે. અને પાછળ બીજા માણસો ચાલે છે. સ્ત્રીઓ ગીતો ગાય છે. કન્યાના ઘરના ઝાંપામાં આવતા, કન્યા પક્ષના માણસો વાંસ આડો કરી દે છે. કન્યાની બહેન પાણીથી ભરેલો ઘડો લઇ ઉભી રહે છે. વરરાજા ઘડાની અંદર સવા રૂપિયો નાખે છે અને થોડું પાણી પીએ છે. વાંસ પકડે છે તેમને સવા રૂપિયો આપે છે. ત્યાર પછી તેઓ આગળ વધે છે. મંડપની સહેજ બહાર વરરાજાને ઉભા રાખવામાં આવે છે. અને બાંધેલા બે કોડિયાને પગ વડે વરરાજા ફોડે છે. ત્યાર પછી મંડપમાં પરણવા માટે એક બાકડે વરરાજા, અરવણ તથા તેના મિત્રો બેસે છે. સામા બાકડા ઉપર આ રીતે કન્યાને બેસવાનું હોય છે. હવે લગ્ન વિધિ થાય છે.

**લગ્ન વિધિ :**

પહેલાંના સમયમાં લોકો લગ્ન વિધિ જાતે જ કરી લેતા ત્યારે ચોરીની આસપાસ અથવા ચૂલાની આસપાસ સાત ફેરા ફરી એકબીજાને ચા પીવડાવતા એટલે લગ્નની વિધિ પૂર્ણ થતી. હવે બ્રાહ્મણ વિધિ પ્રમાણે લગ્નો થાય છે. ગ્રહશાંતિ પણ બ્રાહ્મણ કરે છે. અને લગ્ન વિધિ પણ બ્રાહ્મણ કરે છે. લગ્ન વિધિ શરૂ થાય ત્યારે વાજિત્રો વગાડવાની તેમજ ગીતો ગાવા દેવામાં આવતાં નથી.



ત્યાર પછી ઉતારા પર જઇ છેડા છોડવામાં આવે છે. આ છેડા વરરાજાનાં નાનો ભાઇ છોડે છે. છેડા છોડે તે વખતે દિયર, ભાભી પાને વચન માગે છે કે ભાભી મને પરણાવીશ ને ? ત્યાર પછી જ છેડા છોડે છે. લગ્ન વિધિ પૂરી થયા બાદ કન્યાદાન અને ચાલ્લાની વિધિ શરૂ થાય છે. સૌ સગાંવહાલાં પોતાની શકિત અનુસાર વાસણો અને પૈસા કન્યાદાનમાં આપે છે.

**વળામણું :**

સવાર થતાં આવેલી જાન જવા માટે તૈયાર થાય છે. કન્યાની સખીઓ કન્યાને તૈયાર કરી મંડપ વચ્ચે લાવે છે. માતા, પિતા, ભાઇ, બહેન, સ્નેહીજનો બધા કન્યાને ભેટે છે. અને સૌ કન્યાને પૈસા આપે છે. વરપક્ષવાળા ગીતો ગાય છે. માફામાં વર અને કન્યાને સાથે બેસાડે છે. કન્યા સાથે અરવણ તરીકે તેની બહેનપણી જાય છે.

**આણાં વિધિ :**

પ્રથમ પાંચ દિન કન્યા સાસરામાં રહે છે. અને તે પછી કન્યાના વડીલો, સંબંધીઓ, મિત્રો વગેરે બોલાવવા માટે જાય છે. વરરાજાના ઘરે આવનાર મહેમાનોનું સ્વાગત થાય છે. જમે છે અને કન્યાને લઇ સાંજે ઘરે આવે છે. કન્યા આઠથી દસ દિવસ પિયરમાં રહે છે અને ફરી વરપક્ષવાળા કન્યાને બોલાવવા માટે આવે છે.

આણામાં વીસથી પચ્ચીસ માણસો આવે છે. પહેલા તો કન્યાને લેવા માટે વરરાજા પણ સાથે આવતા અને સાથે સવા

રુપિયો અને શ્રીફળ લઇ જાય તે કન્યાની બા ને આપવામાં આવતુ. સાસુ જમાઇને ચાલ્લો કરતી, આજે આવો રિવાજ નથી.

બીજા આણા વખતે પણ વિધિ કરવામાં આવતી. વરપક્ષ તરફથી એક સ્ત્રી કન્યાનુ માથુ ઓળે છે. ખાંડણિયા ઉપર પાટલો મૂકીને કન્યાને બેસાડવામાં આવે છે. સાસરેથી આવેલા કપડા પહેરાવે છે. કન્યાને ચાલ્લો કરી મંડપના પૂર્વ તરફના દરવાજા આગળ લાવે છે. અહીં સગાવાલા ભેટે છે. સ્થિતિ અનુસાર ચાર, આઠ આના, રુપિયો કે પાંચ રુપિયા ભેટ આપે છે. કન્યા આ વખતે ખૂબજ રડે છે. આ સમાજમાં ત્રણ આણા કરવામાં આવે છે.

કટાભાજાવાણ :

આ ચૌધરી શબ્દ છે. તેમાં લગ્ન થઇ ગયા પછી બીજે દિવસે ગામના બધા જ માણસોને ભેગા કરી ખુશીમાં ખજૂર જેવી વસ્તુ વહેંચાય છે. પહેલા જાનમાં જાય તેને વળતી વખતે દારૂ પીવડાવ-વામાં આવતો.

છૂટાછેડા યા ફારગતી :

ચૌધરી સમાજમાં ખૂબ સહેલાઇથી છૂટાછેડા આપી શકાય છે અને લઇ શકાય છે. સમાજ તેને બંધનમાં રાખી શકતો નથી. છૂટાછેડા આપતી વખતે ગામના મુખ્ય વડીલો, માઝી તથા ગામનો પટેલ બેસે છે. બંને પક્ષના માણસો પણ હોય છે. આ બધા માણસો ભેગા મળી છૂટાછેડાનો ન્યાય આપે છે. છૂટાછેડા લીધા પછી સ્ત્રી કે પુરૂષ ઇચ્છે ત્યાં લગ્ન કરી શકે છે. એટલુ જ નહીં પરંતુ વિધવા કે વિધુર પુરૂષ પણ પોતાનો સંસાર ફરીથી માંડી શકે છે.



તેઓ સામે સમાજ કે કુટુંબ કોઇ વાંધો ઉઠાવતા નથી. આવા લગ્નો ખૂબજ સાદાઇ અને શાંતિથી પતાવવામાં આવે છે. જાતિપંચ ૨૫૧ થી ૩૫૧ રુપિયા છૂટાછેડા કરતી વખતે લે છે. જેની ભૂલ હોય તે પક્ષ તરફથી આ રકમ લેવામાં આવે છે.

પુનઃ લગ્ન :

કોઇ પણ કારણસર છૂટાછેડા લીધા પછી સ્ત્રી કે પુરૂષ સમાજમાં ગમે તેની સાથે પુનઃલગ્ન કરી શકે છે. આ જાતિમાં પુનઃલગ્ન કે વિધવા વિવાહનો પ્રતિબંધ નથી. સ્ત્રી કે પુરૂષ મરણ બાદ કે કોઇ કારણસર પુનઃલગ્ન કરી શકે છે. આને "નાતરુ" કર્યુ કહેવાય છે.

ઘરજમાઇ પ્રથા : (ખંધાડિયા લગ્ન)

ઘરજમાઇ પ્રથાને ચૌધરી બોલીમાં ખંધાણિયા લગ્ન કહેવામાં આવે છે. જે કુટુંબ આર્થિક રીતે સધ્ધર હોય, પરંતુ ખેતીમાં કામ કરનાર કોઇ માણસ ન હોય તેમજ કોઇની એકજ દીકરી હોય તો તેને સાસરે મોકલતા નથી. પરંતુ ઘરજમાઇ લાવે છે. ઘરમાં આવ-નાર જમાઇની ઘરની ખેતીની તેમજ અન્ય સામાજિક જવાબદારીઓ પોતાને સંભાળવી પડે છે. તે છોકરીને ઘરે આવે છે એટલે તેનો માન, મોભો નાશ પામતો નથી. પરંતુ તે સ્વમાન અને હકકથી જીવી શકે છે. પુત્રની જેમ તેનો પણ મિલકતમાં ભાગ પડે છે. ઘર તથા જમીનનો ભાગ પણ ઘરજમાઇને આપવો પડે છે.

કન્યાના લગ્ન વખતે જે વિધિઓ થાય છે તેજ પ્રમાણે આવા લગ્નો પણ થાય છે. આવા લગ્નો આ બાજુના રિવાજ પ્રમાણે

લગ્નની સીઝનમા ભગત પાસે જોવડાીને લગ્ન કરેછે. ફેર એટલો જ કે કન્યા વરને લેવા માટે જાય છે. અત્યારના સમયમા કન્યા વરને લેવા જતી નથી, પરંતુ વરપક્ષના માણસો તેને કન્યાના ઘરે મૂકી જાય છે. ઘરજમાઇને તેનો સસરો જરૂર હોય તો ઘર પણ બાંધી આપે છે. અને પોતાની છોકરી સાથે લાવવામા આવેલો છોકરો તેના પતિ તરીકે પૂરેપૂરો લાયક છે, એવુ બે-ત્રણ વર્ષમા ખબર પડતા તેની સાથે વિધિસર લગ્ન કરે છે.

## મૃત્યુ :

ચૌધરી જ્ઞાતિમા મૃત્યુ ઘડી નજીક દેખાય ત્યારે તેને ખાટલિયા પર સૂવડાવવામા આવે છે. મૃત્યુ પામ્યા પછી પણ ત્યા જ સુવડાવવામા આવે છે. જો કોઇ મોટી વ્યકિતનુ મૃત્યુ થાય ત્યારે તૂર અને થાળી વગાડાવે છે.

આ કોમમા કૂટવાનો રિવાજ નથી. પણ રડવાનો રિવાજ છે. મરનાર વ્યકિતના સંસ્મરણો યાદ કરી કરીને રડે છે. માતા પોતાના પુત્ર ખોઇ બેસે છે ત્યારે નીચેના શબ્દોથી રડે છે.

ડીકરો મારે ની જડેતેરા ડીકરા ...ડીકરા
માને એખવી મૂકીને કાસે ગોરા ડીકરા
તુ ફિરને જાહે તીયા બારામા બેટીને વાટ હેજ્યા કરહીનેરા
ડીકરા...
તુને હાર હાર ખાવાણ જો જી નેરા ડીકરા..
તુને હાર હાર ખાવાણ કીડ ખાવડાવીશ ડીકરા.



સ્મશાન યાત્રા કાઢતા પહેલા મૃતદેહને સ્નાન કરાવવામા આવે છે. સારા કપડા પહેરાવળી તૈયાર કરવામા આવે છે. ત્યાર પછી મૃતદેહને વાંસની તૈયાર કરેલી ઠાઠડીમા સુવડાવવામા આવે છે. તેની સાથે તેને જરૂરી સાધનો પણ આપવામા આવે છે. જેમકે કોઇ માણસ જીવતો હોય ત્યારે જે ધંધો કરતો હોય તેને લગતા સાધનો આપવામા આવે છે. સ્મશાન યાત્રા નીકળે ત્યારે સૌથી આગળ મરનાર વ્યકિતના નિકટના સંબંધીઓ રહે છે. તેની પાસે હાથમા એક હાંડી હોય છે. તેની અંદર અગ્નિ હોય છે. સ્ત્રીઓ થોડે સુધી જાય છે તેને વિસામો કહે છે. આ લોકોમા મૃતદેહને બાળવાનો રિવાજ છે. સિવાય કે કોઇ રકતપિત્ત કે એવા કોઇ બીજા રોગવાળી વ્યકિત હોય તેમને દાટવામા આવે છે. શીતળાને લીધે મરણ થયુ હોય તો તેની ઉપર પૈસા નાખે છે.

અગ્નિદાહ દેતી વખતે હાંડી લઇને જે આગળ આવ્યો હોય તે પ્રથમ આગ ચાંપે છે. પછી હાંડીને ઉંધે માથે ફોડી નાખે છે. એવુ મનાય છે કે "હાંડી ફૂટીને સગાઇ તૂટી" બે-ત્રણ પુરૂષો બધુ બળી રહે ત્યા સુધી ત્યા જ રહે છે. બાકીના સ્નાન માટે જાય છે. સાંજે આવીને એક જગ્યાએ બેસીને ચા પીવે છે.

જો કોઇ સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યો હોય તો બધી સ્ત્રીઓ ઘરે આવીને વિધવાને કૂવા પર લઇ જઇને ઘરેણા ઉતરાવે છે. ઘરમા દાખલ થતા પહેલા લોટામા પાણી હોય તેમા અગ્નિ નાખીને બહારથી આવનાર માણસ ઉપર તે પાણી છાંટે છે. સ્મશાન માટે જરૂરી લાકડા ગામલોકો પોત પોતાને ઘરેથી લાવે છે. મૃતદેહને "હેલ" પર સુવડાવે છે. તેનુ મો ઉત્તર તરફ રાખે છે. ત્યાર પછી મોઢુ ખુલ્લુ કરી ખાખરાની ડીંટનુ દાતણ કરાવી મોઢુ ધોવડાવી

ખાવાનુ ખવડાવે છે. આ માત્ર ઔપચારિક વિધિ હોય છે. ત્યાર-બાદ સૌ પાણી છાટે છે એને આ લોકો "હેનવાણી" એવા શબ્દથી ઓળખે છે.

**દડિયો મૂકવો :**

મૃત્યુ થયા પછીના બીજા દિવસે સાંજે આ વિધિ કરવામાં આવે છે. તે દિવસે આખા ઘરને લીંપી કાઢે છે. સાંજે ફળિયાના લોકો ભેગા થાય છે. અને ગામનો ભગત એની વિધિ કરે છે. ભગત ખડિણિયા પાસે લોટનુ વર્તુળ બનાવે છે. વર્તુળમાં નાની નાની ચોખાની ઢગલીઓ બનાવે છે. ઢગલાની પાસે પાણીનો લોટો મૂકવામાં આવે છે. સાથે ઘીનો દીવો કરે છે. પછી આખા વર્તુળને ઢાંકી રહે એવો ટોપલો ઢાંકી ઉપર પથ્થર મૂકવામાં આવે છે. આ ક્રિયા પૂરી થયા પછી બધા ચા પીને છૂટા પડે છે.

**દહાડો :**

દડિયાને બીજે દિવસે સવારે આ વિધિ કરવામાં આવે છે. મૈયતના દિવસે જે સગા-સંબંધીઓ આવી ન શકયા હોય તેઓ આ દિવસે આવે છે. દરેક જણ પોતપોતાની ત્યાંથી કંઇને કંઇ અનાજ લઇને આવતા હોય છે. આ રીતે અનાજ ભેગુ થાય છે. વિધિ પુરતુ અનાજ રાખી બાકીનુ અનાજ વેચી દેવામાં આવે છે. તેમાંથી ઉપજેલા પૈસામાંથી ગોળ, ખાંડ, તેલ વગેરે લાવવામાં આવે છે.

મૃતાત્માના અંગત સંબંધી હોય તે આ દિવસે વાળ ઉતરાવે છે. ઘરમાં સ્ત્રીઓ રસોઇ બનાવે છે. રસોઇ તૈયાર થયા પછી એને નવ બાજમાં પીરસવામાં આવે છે. આ વખતે બધા હારબંધ બેસીને



ચા પીએ છે. ત્યાર પછી આગલે દિવસે જે ટોપલો ઢાંકેલો હોય તે ટોપલામાં જ આ બન્નેને મૂકવામાં આવે છે. આ ટોપલાને ભાથુ કહેવામાં આવે છે. પછી આ ભાથું સ્મશાન ભૂમિમાં લઇ જાય છે. ત્યાં પણ આ વિધિ કરવામાં આવે. છે. ત્યાંની વિધિ પૂરી કરીને સાંજે પાછા ફરીને ઘરની નજીકના ઝાડ નીચે બેસીને વાલ કે તુવેરનુ બફાણુ ખાય છે. મૃતાત્માની અંતિમ વિધિ ખતરાનો દિવસ નકકી થાય છે.

**ખતરાની વિધિ :**

આ દિવસે મૃતાત્માની યાદમાં ઘુમ્મટ મૂકવામાં આવે છે. આ લોકો પહેલાં પાળિયો બેસાડતા હતાં. હાલ એક પથ્થરને ઘુમ્મટમાં મૂકવામાં આવે છે. આ દિવસે પણ એક નાનુ વાજિંત્ર બોલાવે છે. આને "દેવની ડોકન" તરીકે ઓળખે છે. પથ્થર પર ભગત ગમે તેવું ચિત્ર પાડે છે. પછી ભગત ધૂણે છે. અને ધૂણતા ધૂણતા પથ્થરમાં જીવ લાવે છે. ભગત ધૂણતો બંધ થાય એટલે પથ્થરમાં જીવ આવી ગયો એમ ગણાય. પછી બધા તે પથ્થર તથા ભગતને ભેટે છે. પછી કોઇ ચોકકસ નકકી કરેલી જગ્યાએ પથ્થરને ગોઠવી દેવામાં આવે છે. આમ આ વિધિ પૂરી થાય છે. આનો તમામ ખર્ચ મૈયત થયુ હોય તેના કુટુંબીજન ઉપર પડે છે.

**અન્ય આદિવાસી જાતિ કરતાં કેટલીક જુદી તરી આવતી માહિતીની નોંધ :**

**જન્મ :-**

- બાળકના જન્મ અગાઉ કરવાની કોઇ સંસ્કાર વિધિ આ સમાજમાં નથી.

- પ્રથમ પ્રસુતિ પોતાના મા-બાપને ઘરે થતી હોય છે.
- પ્રથમ પ્રસુતિ વખતે બે દાયણો આવતી હોય છે.

સગર્ભા સમયે લેવાતી કાળજી :

૧: સગર્ભા સ્ત્રીથી આડે ખાટલે સુવાય નહિ: એ વિષે એવી શંકા સેવાય છે કે જો એ આડે ખાટલે સુવે તો ઉદરમાંનુ બાળક આડુ થઇ જાય છે.

૨: વેલવાળા છોડને ઓળંગાય નહિ.

૩: ચલચિત્રો જોવા નહિ.

૪: ચંદ્ર કે સૂર્યગ્રહણ જોવાય નહિ.

૫: સખત કામ કરવુ જોઇએ.

- છોકરી કરતાં છોકરાનો જન્મકાળ વધુ હોય છે. એટલે કે છોકરીનો જન્મ સુદમાં અને છોકરાનો વદમાં થાય.

પ્રસુતિ બાદ:

- સ્ત્રી તેમજ બાળકને સવાર-સાંજ ગરમ પાણીથી સ્નાન કરાવવામાં આવે છે.
- શરૂઆતનાં ચાર, પાંચ દિવસ સુધી થાન પર તેમજ પેટ પર પાટા બાંધી રાખવામાં આવે.
- શરીરની શક્તિ લાવવા માટે સવાર/સાંજ પા શેરથી અડધો શેર ચોખ્ખો દારૂ આપવામાં આવે છે.



છઠ્ઠીની પૂજા :

- છઠ્ઠીની પૂજાને "પચરા" તરીકે ઓળખે છે. સુવાવડ પછી પાંચમે દિવસે આ વિધિ કરવામાં આવે છે.
- ઘરને લીંપી-ગૂંપી સ્વચ્છ કરવામાં આવે છે. દાયણો ભેગી થઇ માતાની પૂજા કરે છે. એ માતાને "સુવાવડી" સ્ત્રી પગે લાગે છે.
- તે દિવસે દાયણ જન્મેલ બાળકને છોકરી હોય તો તેની કમરે કાળો દોરો અને છોકરો હોય તો સફેદ દોરો બાંધે છે.
- નાના બાળકોને ચા પાવામાં આવે છે.
- છઠ્ઠીની વિધિ વખતે નામકરણવિધિ દાયણને મનપસંદ નામ રાખી દે છે.

- બાળકો ન જીવતા હોય કે બાળકો ન થતા હોય તો બાબરી રાખવાની બાધા રાખે છે. બાબરી ચારથી પાંચ વરસે ઉતારવામાં આવે છે.
  બાબરી - દેવલીમાડી, ગોવાળદેવ જેવી જગ્યાએ ઉતારવા જાય છે.
- બાળકને નજર ન લાગે તે માટે ભગત પાસે મંત્રાવેલ દોરો યા માદળિયુ પણ બાંધવામાં આવે છે.

**લગ્ન :**

- ૧૯ થી ૨૧ વર્ષની ઉંમરે લગ્ન થાય છે.

- વર-કન્યાની પસંદગીમાં અથવા લગ્ન સંબંધ કરાવવાનું કાર્ય "માજી" કરે છે.

- વર અને એના મિત્રો કન્યાની પસંદગી કરવા જાય છે.

- કુળની જાણકારી મેળવી લેતા હોય છે. જો કુળમાં કોઇને વ્યાધિ માલૂમ પડે તો સગાઇ સંબંધ બંધાતો નથી.

- નાચણાંમાંથી પણ વર-કન્યા એકબીજાની પસંદગી કરતા હોય છે.

- કન્યાપક્ષના વડીલ વરપક્ષવાળાને કહેશે કે,
  " આ મારે પોટી તે નાન્હી હાસે, હીયેણે ઘરન
  કામ કરતા આવીડત અ કાયની એટલે, હીખીવની"

**ગુજરાતી :**

"અમારી છોકરી નાની છે એને ઘરકામ કરતાં આવડતું નથી તો તમે શીખવજો."

**પહેરામણી :**

દહેજ અને પહેરામણી અંગે આ કોમમાં નિયમ છે કે દહેજમાં ૪૫ રૂા. આપવા અને ઘરેણામાં ૨૫ તોલા ચાંદી, ૨૫ તોલા ચાંદીમાંથી કન્યાને ઇચ્છામાં આવે તેવા પ્રકારના ઘરેણાં બનાવડાવવામાં આવે છે.



- સગાઇ કર્યાના વરસે જ લગ્ન કરવાનું ઇચ્છતા હોય છે, કેમકે વાસી સગાઇ બને તો તે ટકી શકતી નથી.

- વર-વધુ બંનેને ઘરે પીઠી ચઢાવવાની શરૂઆત હિમારિયા દેવની સમક્ષ કરવામાં આવે છે.

- દિવસમાં બેથી ત્રણ વખત પીઠી ચઢાવવામાં આવે છે.

- લગ્ન પછી વર-કન્યામા વર-કલગી હિમારિયા દેવા યા ભવાની માતાએ જઇ પગે લાગી ઉતારે છે.

**ચૌધરી સમાજ ::**

**જાતિપંચનું સ્વરૂપ :**

જાતિપંચના કાર્યો વ્યવસ્થિત રીતે પરંપરાગત તો છે જ, પણ સાથે સાથે એ વસ્તુનું મહત્વ છે કે આ કાર્યોનું ક્ષેત્ર કોઇ બાબતો ઉપર હોય છે. જાતિપંચો નિયમો બનાવી સમાજને સંગઠિત રાખે છે. કયા કાર્યો કરવા અથવા ન કરવા એ સમાજના આગેવાનો દ્વારા બનેલી સમિતિ જેને આપણે પંચ કહીએ છીએ, તે દ્વારા નક્કી કરવામાં આવે છે. આ લોકોમાં કયા કાર્યો કરવા કે ન કરવા તેનું બંધારણ હોતું નથી. પરંતુ જાતિના આગેવાનો જે કહે તે પ્રમાણે કાર્ય કરતા હોય છે.

પંચ ન્યાય આપે તે અંતિમ ન્યાય માનવામાં આવે છે. આ ન્યાયની કોઇ અવગણના કરી શકતો નહીં અને તેમ કરે તો પંચ તેને જ્ઞાતિ બહાર મૂકે છે. આદિવાસીઓમાં ન્યાતી બહાર મૂકવાની સજાને મહાન ભયંકર સજા માનવામાં આવે છે. પંચ

ગુનેગારને તેનો ગુન્હો જોઇને તેની આર્થિક સ્થિતિ પ્રમાણે દડ કરતા. પચના માણસો ગુન્હેગારને કેટલીક વખત તેના હાડકા તૂટી જાય ત્યા સુધી મારતા. કોઇ વ્યકિત પચ વિરૂધ્ધ દડ તથા સજાનુ અથવા મારવાનુ કારણ પૂછી શકતુ નહી અને તેમ કરે તો પૂછનાર વ્યકિતને પણ પચ દડ કરતુ. અથવા જ્ઞાતિ બહાર મૂકતા. જે દડ સામાન્યરીતે ૧ થી ૫ રૂા. કરવામા આવતો. જે વ્યકિતને દડ કરવામા આવ્યો હોય તે માણસને લઇને બધા દારૂના પીઠામા જતા અને દડ જેટલી રકમનુ માસ, મદિરા વગેરે ખાઇ મીજબાની કરતા. દડ તરત જ વસૂલ કરવામા આવતો.

આ જાતિપચની બેઠક ખાસ કરીને કોઇ મુખ્ય સભ્ય જેવા હોય તેને ત્યા અથવા જે ફળિયાનો પ્રશ્ન હોય તો ફળિયામા હથવા કોઇ ઝાડ નીચે બેસતી હોય છે. આ બેઠકમા ફરિયાદી તેમજ આરોપી બનેને બોલાવવામા આવે છે. જાતિપચ આગળ ગામનો કોઇપણ ચૌધરી પુરૂષ કે સ્ત્રી સકોચ સિવાઇ પોતાના પ્રશ્નો રજૂ કરે છે. જાતિપચે કરેલ ન્યાયને ગામમા છેલ્લો માનવામા આવે છે.

એક ગામની સ્ત્રી અને બીજા ગામના પુરૂષ સાથે પ્રેમ સબધ થાય અને તેમા પ્રશ્ન ઉઠે તો આ પ્રશ્ન બે ગામોનો બની જાય છે. તો આવા પ્રસગોમા બને ગામના જાતિપચો મળીને ઝગડાનુ નિરાકરણ કરતા હોય છે.

અદર અદરના ઝગડાઓ રીતરિવાજો અને તેમાય સગાઇ, લગ્ન, છૂટાછેડા, પુનઃલગ્ન, મૃત્યુબાદના રિવાજો વગેરે પ્રશ્નો ઉભા થાય તો તે જાતિપચ તેનો નિકાલ લાવે છે. આ નિયમોમા છૂટાછેડા વખતે શુ લેવુ, શુ આપવુ તે સમયે શુ કરવુ



કેટલો દડ કરવો, બાળકો હોય તો શુ કરવુ વગેરે જાતિપચ વિચાર કરી નિકાલ લાવી આપે છે. આવા સમયે સ્ત્રી અને પુરૂષ ખુલ્લા દિલે પોતાની હકીકત પચ આગળ રજૂ કરે છે. દા.ત. છૂટાછેડા લીધા હોય તો તે નીચેના કારણોસર લે છે.

૧. કોઇ પુરૂષને પોતાની સ્ત્રી ન ગમતી હોય કે કોઇ સ્ત્રીને પોતાનો પુરૂષ પસદ ન હોય તો;
૨. બનેમાથી કોઇની ચાલચલગત ઉપર શકા જાય તો;
૩. બને વચ્ચે વારવાર ઝઘડાઓ થતા હોય;
૪. પુરૂષ તથા સ્ત્રી બનેમાથી કોઇ વ્યભિચારી હોય તો.
૫. પોતાના સમાજ સિવાય પણ બહારની કોઇ ઇતર જાતિ કે જ્ઞાતિની વ્યકિત સાથે જાતિ સબધ છે; એવી જાણ થાય તો.

આ બધા કારણોસર જાતિપચો છૂટાછેડા આપે છે. આ બધા કારણો ફરિયાદી જયારે જાતિપચો આગળ આવીને ફરિયાદ કરે ત્યારે જ જાતિપચો તે પ્રશ્નને હાથ ધરે છે. છૂટાછેડામા જેઓ ફરિયાદી કે આરોપી બનેમાથી જેવો જેનો ગુન્હો સાબિત થાય તેવો દડ કરે છે. જે પ્રથમ છૂટાછેડા લેવાની ઇચ્છા કરે તે સામાન્ય રીતે તેજ માણસને દડ કરવામા આવે છે. અને બાળકો હોય તો ખાસ કરીને પુરૂષને ઘરે જ રાખવામા આવે છે. અથવા ઘણા બાળકો હોય તો બનેને સરખા ભાગે વહેચી આપવામા આવે છે. કદાચ બાળક નાનુ હોય તો તે બાળકની માતા જયા જાય ત્યા સાથે જ લઇ જાય છે. પણ મોટુ થતા તેના પિતાને પરત કરવામા આવે છે. જયારે છૂટાછેડા થઇ ગયા પછી જાતિપચો ફારગતીનામુ પણ લખે છે. એમા જે ફારગતી આપે અને જે ફારગતી લે તે બનેની સામ-સામા લખાણ કરી લે છે. તેમા જાતિપચો સહી કે અગુઠો કરે છે.

નીચે પ્રમાણેનું લખાણ કરે છે :

"આજ સાંજથી આ પુરૂષને આ સ્ત્રીની સાથે કોઇપણ જાતનો સંબંધ આજથી નથી અને તે ફારગતીના રૂપિયા આપી તેનાથી છૂટી થઇ હોઇ તેના ધણીનો તેના પર કોઇપણ જાતનો દાવો રહેશે નહીં. આ સ્ત્રી ગમે ત્યાં લગ્ન કરે તો તેમાં પેલો પુરૂષ કોઇ જાતનો વાંધો ઉઠાવી શકશે નહીં. આ પ્રમાણે ફારગતીનામું લખી તેના પર પંચો તેમજ ફારગતી લેનાર પુરૂષ અને સ્ત્રી સહી કે અંગુઠો કરે છે: પુરૂષનું લખાણ સ્ત્રીને તે ઉપરાંત ફારગતીનામું ગામ પંચ પોતાની પાસે રાખે છે:

સુરત જિલ્લામાં ચોધરી જાતિની વસ્તીવાળા ગામડામાં જાતિની વ્યવસ્થા જાળવવા માટે તથા વહીવટની સરળતા માટે આજુબાજુના નજીક નજીકના લાગતાં-વળગતાં ગામોને ભેગા કરી જૂથો રચવામાં આવ્યાં છે. જેથી જાતિપંચ આગળ નિકાલ ન આવે તો આગળ પ્રશ્ન જઇ શકે. માટે એનું નામ ચોરા પાડયુ છે. આ ચોરાની અંદર કેટલા ગામો રાખવા તેની કોઇ નિશ્ચત સંખ્યા નથી: આજુબાજુના ગામડાવાળાઓને નજીકમાં પડતા હોય તેવા ગામને મુખ્ય મથક ચોરો બનાવવામાં આવતો: ચૌધરી જાતિમાં આવા કુલ ૧૫ ચોરાઓ છે. જાતિપંચો નિર્ણય ન લાવે તો આ ચોરાઓ સુધી જવુ પડે છે.

જયારે જાતિપંચ ભેગા થાય તે વખતે જો મોટુંગામ હોય તો એક માણસ ઢોલ વગાડતો ફરતો અને જે સ્થળે પંચ ભરાવવાનું હોય તે સ્થળનું નામ મોટેથી બૂમો પાડીને પોકારતો: તેને બદલામાં થોડું ઘણું અનાજ મળતું.



ચૌધરીઓમાં લાગવગને કારણે ગુન્હેગાર કેટલીક વખત નિર્દોષ છૂટી જતો. ચૌધરીઓ મોટેભાગે જુઠું બોલતા નથી. જો ચોરી કરી હોય તો તરત જ હા અથવા ના જવાબ આપે છે. ચોરી કરવાનું કારણ પણ જે હોય તે સત્ય કહેતાં. જાતિપંચ ચોરીનો માલ પાછો અપાવે છે અથવા માલ જેટલી રકમ અપાવે છે:

જો મારામારીનો પ્રશ્ન હોય તો તેમાં પણ ખાસ કરીને પંચ જેને વાગ્યુ હોય તેને દવા કરવાના પૈસા સામા પક્ષ પાસેથી અપાવતા:

એજ રીતે સગાઇ વખતે, લગ્ન વખતે પણ જાતિપંચના સભ્યોની સલાહ લેવી યોગ્ય માનવામાં આવે છે.

આ પ્રમાણેની ક્રમબધ્ધતા ચોધરી સમાજમાં જોવા મળે છે. જેમાં શાંતિ અને સુવ્યવસ્થા ટકાવી રાખવા, પ્રથાને પરંપરાગત જે તેમના સામાજિક માળખાને અનુરૂપ તેવા રૂઢિગત નીતિ નિયમોનું યોગ્ય પાલન જાતિપંચ કરાવે છે: અને અવ્યવસ્થા અને અસંવાદિતા સામે નિયંત્રણો મૂકી સામાજિક સંગઠન ટકાવી રાખે છે અને યોગ્ય રીતે ઘટતાં પગલાં લે છે. જે પોતાના સમાજની દરેક વ્યકિતને માન્ય હોય છે. પંચ ત્યાં પરમેશ્વર છે. તે જે કરે તે ભગવાને કર્યાં બરાબર માનવામાં આવે છે.

## પ્રકરણ - :૬:

### ભાતપાઇ તુલનાત્મક સ્થિતિ

### ૧૯૬૯ - ૧૯૭૯

૧૯૬૯ ની તપાસ વખતે સાગરાળા ગામના કુલ ૫૪ કુટુંબોની તપાસ હાથ ધરી સામાજિક, આર્થિક અને ધંધાકીય માહિતી એકત્રિત કરી હતી. ફરી દસ વર્ષ બાદ કુટુંબોમાં થયેલ પરિવર્તન અને કેટલો વિકાસ થયો તે માહિતી એકત્રિત કરવા તેના તેજ કુટુંબોની પુનઃતપાસ ૧૯૭૯-૮૦ ના વર્ષમાં હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૫૪ કુટુંબોમાંથી ૪૭ કુટુંબોનો સંપર્ક થયો હતો. પાંચ કુટુંબના વડા ગુજરી ગયા હતાં. અને ૨ કુટુંબ ગામ છોડી બહાર આંબાપારડી ગામે વસવાટ કર્યો હતો. પુનઃતપાસ વખતે ૧૯૬૯ ના કુટુંબોનો સંપર્ક કરી કુટુંબોમાં આવેલ પરિવર્તન અને કેટલો ફેરફાર નોંધાયો છે તે જાણી શકાયું હતું. અહીં ૧૯૭૯ ની સાલમાં ૪૭ કુટુંબોને આધારે ૧૯૬૯ ના ૪૭ કુટુંબોની બંને તપાસ વર્ષના કુટુંબોના આધારે માહિતી દર્શાવી છે.

(૧) ૧૯૬૯ અને ૧૯૭૯ ના વર્ષમાં કુલ ૪૭ કુટુંબોની તપાસ હાથ ધરી હતી. જેમની સભ્ય સંખ્યા અનુક્રમે ૩૦૭ અને ૩૬૫ ની હતી. એટલે કે છેલ્લા દસ વર્ષમાં કુટુંબની સભ્ય સંખ્યા વધવા પામી હતી. સભ્ય સંખ્યામાં ૫૮ વ્યક્તિઓ નવી આવી હતી. જેમાં નવા જન્મેલા બાળકો, ઘરજમાઇ તરીકે આવેલ પુરૂષો અને નવી પરણીને આવેલી સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

(૨) ૧૯૭૯ ના વર્ષમાં નમૂનાના કુટુંબોમાં ૮૦.૯ ટકા કુટુંબો સંયુકત હતા અને ૧૯.૧ ટકા કુટુંબો કેન્દ્રિય હતાં. છેલ્લા દસ

વર્ષના ગાળામાં કુટુંબના પ્રકારમાં પણ ફેરફાર જોવા મળયો હતો. પુનઃ તપાસ વખતે સભ્ય-સંખ્યાને આધારે કુટુંબના કદની માહિતી પ્રાપ્ત કરી હતી. જેમાં ૪ થી ૬ સભ્યો હોય તેવા કુટુંબોની સંખ્યા ૫૭.૪ ટકા હતી. એટલે કે નમૂનાના કુલ કુટુંબોમાંથી ૨૭ કુટુંબોમાં ૪ થી ૬ સભ્યો એક સાથે રહેતા હતા. જ્યારે ૨૩.૪ ટકા કુટુંબો ૭ થી ૧૦ સભ્ય સંખ્યા ધરાવતા હતા અને ૧૭.૦ ટકા કુટુંબો ૧૧ થી ઉપરની સભ્ય સંખ્યા વાળા હતા. જ્યારે માત્ર ૨.૧ ટકા કુટુંબો ૩ વ્યકિતવાળા હતા.

(૩) નમૂનાના કુટુંબોના અભ્યાસના તારણ પરથી જોઇ શકાય છે કે દસ વર્ષના સમય ગાળામાં ૪૭ કુટુંબોમાંથી માત્ર ૧ કુટુંબે પાકું ઘર બાંધ્યું હતું. અહીં તેમની આર્થિક સ્થિતિ નબળી હોવાને લીધે પોતે પોતાને રહેવા લાયક રહેઠાણમાં કોઇ ફેરફાર કર્યો ન હતો.

(૪) નમૂનાના કુટુંબોની પાસે ઘરવખરીના સાધનોમાં અને અન્ય વપરાશના સાધનોમાં વધારો થયેલો જોવા મળયો હતો. ૧૯૬૯ની તપાસ વખતે નમૂનાના કુટુંબો પાસે ઘરવખરીમાં વાસણોનું પ્રમાણ, કુટુંબદીઠ સરેરાશ ૪ નું હતું. તે વધીને દસ વર્ષના ગાળામાં બમણું થયું હતું. જેમાં એલ્યુમિનિયમ અને પિત્તળના વાસણોનો વપરાશ વધ્યો હતો. જ્યારે અન્ય સ્ટીલના અને બીજી વપરાશી વસ્તુઓ જેવી કે ડોલ અને નાના વાસણોમાં ઘટાડો નોંધાયો હતો અને માટીના વાસણોનો ઉપયોગ વધવા પામ્યો હતો. જ્યારે લાકડાનું ફર્નિચર અને મોજશોખની વસ્તુઓ, સાયકલ, ઘડિયાળ અને રેડિયો પણ કેટલાક કુટુંબોએ વસાવ્યો હતો.

નમૂનાના કુટુંબોની માહિતી કુટુંબનો પ્રકાર, કુટુંબનું કદ અને ઘર તેમજ ઘરવખરીના સાધનોની વિગતે માહિતી કોઠા-૬:૧ માં દર્શાવી છે.



## કોઠો - ૬:૧

### નમૂનાના કુટુંબોની માહિતી

| | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| કુટુંબ સંખ્યા | ૪૭ | ૪૭ |
| સભ્ય સંખ્યા | ૩૦૭ | ૩૬૫ |

**કુટુંબનો પ્રકાર - ૧૯૭૯**

| | | |
|---|---|---|
| સંયુકત | ૩૮ | ૮૦.૯ |
| વિભકત | ૯ | ૧૯.૧ |
| કુલ | ૪૭ | ૧૦૦.૦ |

**કુટુંબનું કદ દર્શાવતો કોઠો : (૧૯૭૯)**

| કુટુંબનું કદ | કુટુંબ સંખ્યા | |
|---|---|---|
| ૧ થી ૩ સભ્ય | ૧ | ૨.૧ |
| ૪ થી ૬ સભ્યો | ૨૭ | ૫૭.૪ |
| ૭ થી ૧૦ સભ્યો | ૧૧ | ૨૩.૪ |
| ૧૦ થી ઉપર | ૮ | ૧૭.૦ |
| કુલ કુટુંબો | ૪૭ | ૧૦૦.૦ |

| ઘરની સ્થિતિ દર્શાવતો કોઠો : | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| કાચું | ૪૭ (૧૦૦.૦) | ૪૬ (૯૭.૯) |
| પાકું | - | ૧ (૨.૧) |
| કુલ | ૪૭ (૧૦૦.૦) | ૪૭ (૧૦૦.૦) |

ઘરવખરીના સાધનોનું પ્રમાણ દર્શાવતો કોઠો :

| વિગત | સંખ્યા | |
|---|---|---|
| | ૧૯૬૯ | ૧૯૭૯ |
| **વાસણો :** | | |
| એલ્યુમિનિયમ | ૪૭ | ૧૭૮ |
| પિત્તળ | ૪૦ | ૧૩૩ |
| તાંબુ | ૫ | ૫ |
| માટી | ૪૫ | ૧૧૫ |
| કાંસુ | ૨૦ | ૧૦ |
| અન્ય | ૪૧ | ૧૦ |
| કુલ... | ૧૯૮ | ૪૫૧ |
| | (૪.૨) | (૯.૬) |
| **ફર્નિચર :** | | |
| ખાટલા (કાથીના-પાટી) | ૫૧ | ૧૦૧ |
| લાકડાનું ફર્નિચર | ૩ | ૧૨ |
| ઘડિયાળ | ૨ | ૧૦ |
| સાયકલ | - | ૧૨ |
| રેડિયો | - | ૪ |
| સીવવાના સંચા | - | ૨ |
| જાળ | ૪૦ | ૨૯ |
| ફાનસ/ચીમની | ૬૬ | ૫૮ |
| પ્રાયમસ | -- | ૪ |

ચાલુ...



| વિગત | સંખ્યા | |
|---|---|---|
| | ૧૯૬૯ | ૧૯૭૯ |
| **ફર્નિચર :** | | |
| પેટી | ૧૫ | ૨૦ |
| બેટરી | ૨૧ | ૧૨ |
| ટોપલા/ટોપલીઓ | ૪૬ | ૧૪૮ |
| ઘંટી | ૪૩ | ૪૫ |
| છત્રી | ૪૧ | ૧૯ |
| અન્ય | ૪ | - |
| કુલ... | ૩૩૩ | ૪૭૬ |
| | (૭.૧) | (૧૦.૧) |

---

(૫) નમૂનાના કુટુંબોની ૧૯૭૯ ના વર્ષની શૈક્ષણિક માહિતીને આધારે એટલું કહી શકાય કે શિક્ષણનું મહત્વ સમજતા થયા છે: પરંતુ તેનો લાભ ખૂબ ઓછાં લે છે. શિક્ષણની કથળેલી પરિસ્થિતિ જોતાં કહી શકાય કે આ માટે વાલી અને શિક્ષણ પણ જવાબદાર ગણાવી શકાય: વાલી પોતાના બાળકને પોતાની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી નાનપણથી જ મજૂરી કરવા પ્રેરે છે કે જેથી તે જીવન-નિર્વાહના ખર્ચને પહોંચી વળવામાં ભાગીદાર બને, બીજું કે ઘેર નાના છોકરાઓને રાખવા માટે પણ તેને શાળાએ મોકલતાં નથી, અને આ માટે શિક્ષકો પણ દુર્લક્ષ સેવે છે: જેથી જોઇએ તેટલું શિક્ષણ આ જાતિમાં નથી. છેલ્લા થોડાક વર્ષમાં આ જાતિ અન્ય બિન-આદિવાસી અને ઉજળિયાત કોમના સંપર્કમાં આવવાથી

શિક્ષણનું મહત્વ સમજતા થયા છે. અને શિક્ષકોની નોકરીમાં જોડાય છે. ૧૯૭૯ ના વર્ષની નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યામાંથી માત્ર ૧૫:૬ ટકા સભ્યો જ શિક્ષણ પામેલા હતાં. જ્યારે ૭૩:૪ ટકા સભ્યો અભણ હતાં. અને ૧૧.૦ ટકા પાંચ વર્ષથી નીચેના બાળકો હતાં. જે કોઠા ૬:૨ ઉપરથી જોઇ શકાય છે.

**કોઠો - ૬:૨**

**નમૂનાના કુટુંબોની શૈક્ષણિક માહિતી (૧૯૭૯)**

| શિક્ષણ | સભ્ય સંખ્યા | ટકા |
|---|---|---|
| ભણેલા | ૫૭ | ૧૫:૬ |
| અભણ | ૨૬૮ | ૭૩:૪ |
| ૫ વર્ષની નીચેના | ૪૦ | ૧૧.૦ |
| કુલ.... | ૩૬૫ | ૧૦૦.૦ |

(૬) ૧૯૭૯ ના વર્ષે આર્થિક, પાસાની છણાવટ કરવાની સાથે સાથે સામાજિક પાસાંઓની પણ માહિતી મેળવી હતી. અહીં કોઠા - ૬:૩ માં વૈવાહિક દરજ્જાની માહિતી દર્શાવવામાં આવી છે. કોઠા પરથી જોઇ શકાય છે કે કુલ સભ્ય સંખ્યામાંથી ૫૦:૪ ટકા સભ્યો પરિણિત હતાં. જ્યારે ૨:૫ ટકા વિધવા-વિધુર હતાં, અને ૦:૩ ટકા સભ્યોએ છૂટાછેડા લીધેલ હતાં. બાકીના અવિવાહિત હતાં. જેનો કોઠા પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે.



**કોઠો - ૬:૩**

**વૈવાહિક દરજ્જો - ૧૯૭૯**

| | પુરૂષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|
| પરિણિત | ૯૧ | ૯૩ | ૧૮૪ | ૫૦.૪ |
| અપરિણિત | ૮૪ | ૮૭ | ૧૭૧ | ૪૬.૮ |
| વિધવા/વિધુર | ૪ | ૫ | ૯ | ૨.૫ |
| છૂટાછેડા | - | ૧ | ૧ | ૦:૩ |
| કુલ... | ૧૭૯ | ૧૮૬ | ૩૬૫ | |
| ટકા | (૪૯.૦) | (૫૧.૦) | (૧૦૦:૦) | (૧૦૦:૦) |

(૭) ૧૯૬૯ અને ૧૯૭૯ ના દસ વર્ષના સમય ગાળામાં જમીનના કદમાં ખૂબ મોટો ફેરફાર થયેલો જોવા મળે છે. ઉપરાંત જમીનનું પ્રમાણ પણ ઘટતું જતું માલુમ પડે છે. ૧૯૬૯ ના વર્ષની અને ૧૯૭૯ના વર્ષના કુટુંબો પાસેની જમીનનું જમીનના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ જોઇએ તો ૧૯૬૯ ના વર્ષમાં ૨.૫ એકર જમીન ધરાવતા પાંચ કુટુંબો પાસે માત્ર ૭.૩૭ એકર જમીન હતી; જ્યારે દસ વર્ષમાં અઢી એકર સુધીની જમીન ધરાવનાર કુટુંબોની સંખ્યા વધીને ૧૩ થઇ હતી. જ્યારે અઢીથી પાંચ એકર સુધીની જમીન ધરાવતા કુટુંબોનું પ્રમાણ ક્રમશઃ ઘટતું ગયું હતું. જમીનના કદ પ્રમાણે કુટુંબોનું

વર્ગીકરણ કોઠા - ૬:૪ માં જોઇશું તો તેનો વધુ વિગતે ખ્યાલ આવશે. ૧૯૬૯ ના વર્ષમાં કુટુંબદીઠ સરેરાશ જમીનનું પ્રમાણ પણ ૫.૩ એકરથી ઘટીને ૪.૯ એકર થયું હતું.

કોઠો - ૬:૪

જમીનના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

| જમીનનું કદ | ૧૯૬૯ | | ૧૯૭૯ | |
|---|---|---|---|---|
| | કુલ કુટુંબ | જમીન એ.ગુ. | કુલ કુટુંબ | જમીન એ.ગુ. |
| ૦ થી ૨.૫ | ૫ | ૭.૩૭ | ૧૩ | ૨૭.૨૦ |
| ૨.૫ થી ૫.૦ | ૧૯ | ૭૧.૩૯ | ૧૪ | ૫૩.૧૨ |
| ૫.૦ થી ૭.૫ | ૧૨ | ૭૩.૦૪ | ૧૧ | ૬૬.૧૦ |
| ૭.૫ થી ૧૦.૦ | ૭ | ૫૮.૨૭ | ૫ | ૪૬.૨૭ |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૩ | ૩૫.૨૬ | ૩ | ૩૮.૦૫ |
| જમીનવિહોણા | ૧ | - | ૧ | - |
| કુલ... | ૪૭ | ૨૪૭.૧૪ | ૪૭ | ૨૩૧.૩૪ |
| કુટુંબદીઠ સરેરાશ જમીન | - | ૫.૩ | - | ૪.૯ |



(૮) ઉપર મુજબ જમીનનું પ્રમાણ જોયા પછી પશુધન વિષે જોઇએ તો કુટુંબદીઠ પશુધનનું પ્રમાણ લગભગ સરખું રહયું હતું. પરંતુ દુધાળાં ઢોરની સંખ્યા વધવા પામી હતી. અને ખેતી ઉપયોગી પશુધનનું પ્રમાણ ઘટવા પામ્યું હતું. જેનો કોઠા - ૬:૫ પરથી ખ્યાલ આવે છે:

કોઠો - ૬:૫

પશુધનની માહિતી દર્શાવતો કોઠો

| | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ગાય / ભેંસ | ૬૬ | ૮૫ |
| બકરાં / ઘેટાં | ૮ | ૩૬ |
| બળદ | ૭૩ | ૬૮ |
| વાછરડા/વાછરડી | ૫૮ | ૪૮ |
| પાડા / પાડી | - | ૧૬ |
| મરઘાં | ૧૪૧ | ૮૬ |
| અન્ય | - | - |
| કુલ... | ૩૪૬ | ૩૩૯ |
| કુટુંબદીઠ પશુધન | (૭.૪) | (૭.૨) |

(૯) ચૌધરી જાતિ પાસે ખેડવાલાયક ખેતીના ઓજારોનું પ્રમાણ પણ વધવા પામ્યુ હતું અને ખેતીમાં હળ-કરબ જેવા સાધનોનો ઉપયોગ વધ્યો હતો. ખેતીના સાધનોની માહિતી કોઠા-૬:૬ માં દર્શાવી છે.

કોઠો - ૬:૬

ખેતીના સાધનોની માહિતી - ૧૯૭૯

| વિગત | સંખ્યા |
|---|---|
| હળ | ૩૯ |
| કરબ | ૩૯ |
| સમાર | ૨૭ |
| વાવણીયો | ૨૯ |
| નાના ઓજારો | ૩૧૦ |
| કુલ... | ૪૪૪ |

(૧૦) આવક : દસ વર્ષના ગાળામાં ચૌધરી કુટુંબોની આવક વધવા પામી છે. કુટુંબદીઠ વાર્ષિક આવક ૧૨૧૧.૫ રૂ. હતી. જે વધીને ૧૭૪૬.૬ રૂ. થઈ હતી. જ્યારે માથાદીઠ વાર્ષિક આવક પણ ૧૮૫.૫ રૂ. થી વધીને ૨૨૪.૯ રૂ. થઇ હતી. આવકમાં ખેતી અને પશુપાલનમાંથી આવક તેમજ મજૂરીની આવક વધવા પામી હતી. જેનો કુલ આવકનું પ્રમાણ દર્શાવતો કોઠો-૬:૭ માં જોવાથી વિશેષ ખ્યાલ આવશે.



કોઠો - ૬:૭

કુલ આવકનું પ્રમાણ દર્શાવતો કોઠો

| વિગત | વર્ષ | |
|---|---|---|
| | ૧૯૬૯ | ૧૯૭૯ |
| ખેતી અને પશુપાલનની આવક | ૪૨૫૧૬ | ૫૫૬૪૦ |
| મજૂરીની આવક | ૧૨૪૨૬ | ૧૯૨૫૦ |
| નોકરીની આવક | - | ૭૨૦૦ |
| વન્ય પેદાશ | ૯૯૫ | - |
| અન્ય આવક | ૧૦૦૨ | - |
| કુલ.... | ૫૬૯૩૯ | ૮૨૦૯૦ |
| કુટુંબદીઠ વાર્ષિક આવક | ૧૨૧૧.૫ | ૧૭૪૬.૬ |
| માથાદીઠ વાર્ષિક આવક | ૧૮૫.૫ | ૨૨૪.૯ |

(૧૧) વપરાશી ખર્ચ :

આવકનું પ્રમાણ વધવાની સાથે વપરાશી ખર્ચમાં પણ વધારો થયો છે. છેલ્લા દસ વર્ષમાં કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચનું પ્રમાણ ૧૯૦૧.૬ રૂા. થી વધીને ૨૫૭૪.૭ રૂા. થયું છે. જ્યારે માથાદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ ૧૬૭.૧ રૂા. થી વધીને ૩૩૧.૫ રૂા. થવા પામ્યું છે. દસ વર્ષમાં ખોરાક પાછળનું ખર્ચ થોડું ઘટયું છે. જ્યારે કપડાં અને જોડાનું ખર્ચ વધવા પામ્યું છે. આ ઉપરાંત ખોરાકમાં તેલ, માંસ-ઈંડાનો ઉપયોગ પણ વધ્યો છે. મુસાફરી ખર્ચ પણ વધ્યો છે. બિનઆદિવાસી સમાજના સંપર્કમાં આવવાથી તેમની રહેણી કરણી અને ખાણી-પીણીમાં પણ તફાવત જોવા મળે છે. કુલ વપરાશી ખર્ચનું પ્રમાણ કોઠા ૬:૮ માં વિગતે દર્શાવવામાં આવ્યું છે.



કોઠો - ૬:૮

કુલ વપરાશી ખર્ચનું પ્રમાણ દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | વર્ષ ૧૯૬૯ | ટકા | વર્ષ ૧૯૭૯ | ટકા |
|---|---|---|---|---|---|
| ૦૧: | ખોરાક | ૨૮૯૨૫ | (૫૬.૪) | ૫૩૮૯૫ | (૪૪.૫) |
| ૦૨: | શાકભાજી/ફળફળાદિ | ૧૨૨૦ | ( ૨.૪) | ૨૦૯૯ | ( ૧.૭) |
| ૦૩: | માંસ-મચ્છી-ઈંડા | ૧૪૮૮ | ( ૨.૯) | ૫૧૨૮ | ( ૪.૨) |
| ૦૪: | દૂધ - ઘી | ૧૬૮૦ | ( ૩.૩) | ૨૪૦ | ( ૦.૨) |
| ૦૫: | ખાંડ-ગોળ | ૭૮૨ | (૧.૫ ) | ૨૪૯૧ | ( ૨.૧) |
| ૦૬: | તેલ | ૮૫૩ | ( ૧.૭) | ૮૧૦૬ | ( ૬.૭) |
| ૦૭: | ચ્હા-કોફી | ૪૫૨ | ( ૦.૮) | ૧૩૫ | ( ૦.૧) |
| ૦૮: | મસાલા | ૧૩૫૨ | ( ૨.૬) | ૧૫૦૫ | ( ૧.૨) |
| ૦૯: | દારૂ-બીડી-તમાકુ | ૧૮૭૯ | ( ૩.૬) | ૪૨૧૫ | ( ૩.૫) |
| ૧૦: | બળતણ | ૨૬૬ | ( ૦.૫) | ૨૫૧૫ | ( ૨.૧) |
| ૧૧: | શિક્ષણ | ૧૧૧૦ | ( ૨.૨) | ૧૭૮૦ | ( ૧.૫) |
| ૧૨: | કપડાં-જોડા | ૭૫૭૬ | (૧૪.૮) | ૨૨૧૯૫ | (૧૮.૪) |
| ૧૩: | સામાજિક-ધાર્મિક | ૨૮૫૫ | ( ૫.૬) | ૫૮૫૦ | ( ૪.૮) |
| ૧૪: | મુસાફરી | ૯૦૫ | ( ૧.૭) | ૮૨૦૦ | ( ૬.૮) |
| ૧૫: | અન્ય | – | | ૨૬૫૫ | ( ૨.૨) |
| ૧૬: | કુલ | ૫૧૩૦૬ | (૧૦૦.૦) | ૧૨૧૦૦૯ | (૧૦૦.૦) |
| ૧૭: | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૧૦૯૧.૬ | | ૨૫૭૪.૭ | |
| ૧૮: | માથાદીઠ વાર્ષિકખર્ચ | ૧૬૭.૦ | | ૩૩૧.૫ | |
| ૧૯: | માથાદીઠ માસિકખર્ચ | ૧૩.૯ | | ૨૭.૬ | |

## (૧૨) અસ્કયામતો :

છેલ્લા દસ વર્ષના ગાળામાં ચૌધરી કુટુંબોની અસ્કયામતમાં પણ વધારો થયેલો જોવા મળે છે. ૧૯૬૯ માં તેમનું કુટુંબદીઠ અસ્કયામતનું પ્રમાણ ૮૩૮૧.૭ રૂ. હતી. જ્યારે માથાદીઠ અસ્કયામત ૧૨૮૩.૨ રૂ. ની હતી, તે વધીને ૧૯૭૯ ના વર્ષમાં કુટુંબદીઠ અસ્કયામત ૨૦૭૮૩.૪ રૂ. ની થઇ હતી અને માથાદીઠ અસ્કયામત ૨૬૭૬.૨ રૂ. ની થઇ હતી. માથાદીઠ અને કુટુંબદીઠ અસ્કયામતો વધવાનું કારણ દુધાળા ઢોરની ખરીદી અને ઘરવખરીના સાધનોનું વધતું પ્રમાણ તેમજ જમીનની કિંમતો વધવાથી વધવા પામી હતી. તેમની કુલ અસ્કયામતનું પ્રમાણ કોઠા - ૬:૯ માં વિગતે દર્શાવવામાં આવ્યું છે. જે જોવાથી વધુ ખ્યાલ આવશે.



### કોઠો - ૬:૯

### કુલ અસ્કયામતનું પ્રમાણ

| વિગત | વર્ષ ૧૯૬૯ | ટકા | ૧૯૭૯ | ટકા |
|---|---|---|---|---|
| જમીનની કિંમત | ૧૯૨૬૫૦ | (૪૮.૯) | ૫૦૫૫૦૦ | (૫૧.૭) |
| ઘરની કિંમત | ૮૩૪૦૦ | (૨૧.૨) | ૧૬૦૭૦૦ | (૧૬.૫) |
| ઝાડની કિંમત | ૧૬૪૪૫ | ( ૪.૨) | ૧૨૩૨૦ | ( ૧.૩) |
| પશુધનની કિંમત | ૫૯૬૪૧ | (૧૫.૧) | ૧૩૪૪૨૫ | (૧૩.૮) |
| ખેતીના સાધનો | ૧૯૮૭૯ | ( ૫.૦) | ૪૯૮૫૦ | ( ૫.૧) |
| ઘરવખરી | ૧૦૭૩૦ | ( ૨.૭) | ૪૧૧૦૮ | ( ૪.૨) |
| શેર અનામત | - | | ૧૯૮ | - |
| ઘરેણાંની કિંમત | ૧૦૭૪૦ | ( ૨.૭) | ૭૨૬૫૦ | ( ૭.૪) |
| અન્ય | ૪૫૫ | ( ૦.૨) | - | |
| કુલ અસ્કયામત | ૩૯૩૯૪૦ | (૧૦૦.૦) | ૯૭૬૮૨૧ | (૧૦૦.૦) |
| કુટુંબદીઠ અસ્કયામત | ૮૩૮૧.૭ | | ૨૦૭૮૩.૪ | |
| માથાદીઠ અસ્કયામત | ૧૨૮૩.૨ | | ૨૬૭૬.૨ | |

(૧૩) <u>દેવું</u> :

ચૌધરી કુટુંબોમાં આવકનું પ્રમાણ વધતાં ખર્ચનું પ્રમાણ પણ વધ્યું. વધતા જતા ખર્ચને પહોંચી વળવા માટે દેવું પણ વધ્યું છે. દેવું જીવન-નિર્વાહ અને ખેતી સાધનોની ખરીદી પાછળ દેવું કરવું પડયું છે.

૧૯૬૯ ના વર્ષમાં નમૂનાના કુટુંબોનું ૩૨૮૫ રૂા. એટલે કે ૬૯.૯ રૂા. કુટુંબદીઠ દેવું હતું. જે દસ વર્ષમાં વધીને ૨૭૮૨૫ રૂા. એટલે કે કુટુંબદીઠ ૫૯૨.૦ રૂા. થયું હતું.

આમ ઉપર મુજબ દર્શાવ્યા પ્રમાણે ચૌધરી કુટુંબોની રહેણી-કરણી, પશુધન, ઘરવખરી તેમજ આવક અને અસ્કયામતમાં ઘણો ફેરફાર જોવા મળે છે. વપરાશી ખર્ચમાં પણ વધારો થયેલો જોવા મળે છે. પરંતુ ધંધાની દ્રષ્ટિએ જોઈએ તો એકલું ખેતી પર ભારણ વધ્યું છે. તેમની આર્થિક પરિસ્થિતિમાં કંઈક અંશે ફેરફાર જોવા મળે છે.



<u>કોઠો - ૬:૧૦</u>

<u>તુલનાત્મક સ્થિતિ</u>

| | | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|---|
| ૦૧. | કુલ કુટુંબ સંખ્યા | ૪૭ | ૪૭ |
| ૦૨. | કુલ સભ્ય સંખ્યા | ૩૦૭ | ૩૬૫ |
| ૦૩. | કુટુંબનું કદ (સરેરાશ) | ૬.૫ | ૭.૮ |
| ૦૪. | <u>મકાનનો પ્રકાર:</u> | | |
| | (અ) કાચું | ૪૭ | ૪૬ |
| | (બ) પાકું | - | ૧ |
| ૦૫. | મુખ્ય ધંધો | ખેતી | ખેતી |
| ૦૬. | ઘરવખરી-કુલ વાસણો ફર્નિચર સહિત | ૫૩૧ | ૯૨૭ |
| ૦૭. | કુટુંબદીઠ ઘરવખરી | ૧૧.૩ | ૧૯.૭ |
| ૦૮. | (અ) પશુધન કુલ | ૩૪૬ | ૩૩૯ |
| | (બ) કૂવા | ૧૩ | ૧૦ |
| | (ક) ગાડાં | ૧૪ | ૧૯ |
| | (ડ) ઓઇલ એન્જિન | - | ૧ |

ચાલુ...

કોઠો - ૬:૧૦ ચાલુ...

| | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ૦૯. કુલ જમીન | ૨૪૭.૧૪ એકર | ૨૩૧.૩૪ એકર |
| ૧૦: કુટુંબદીઠ જમીન | ૫.૩ " | ૪.૯ " |
| ૧૧: કુટુંબદીઠ કુલ આવક | ૧૨૧૧.૫ | ૧૭૪૬.૬ |
| ૧૨: માથાદીઠ આવક | ૧૮૫.૫ | ૨૨૪.૯ |
| ૧૩: કુલ વપરાશી ખર્ચ (કુટુંબદીઠ વાર્ષિક) | ૧૦૯૧.૬ | ૨૫૭૪.૭ |
| ૧૪: માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૧૬૭.૧ | ૩૯૪.૨ |
| ૧૫: માથાદીઠ માસિક ખર્ચ | ૧૩.૯ | ૩૨.૯ |
| ૧૬: કુટુંબદીઠ અસ્કયામત | ૮૩૮૧.૭ | ૨૦૭૮૩.૪ |
| ૧૭: કુટુંબદીઠ દેવું | ૬૯.૯ | ૫૭૨.૦ |